રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ(સૌરસ)ના સાત દાયકાનો ઈતિહાસ
*પુરુષાર્થ અને પ્રગતિ* (ભાગ-૧)નું વિમોચન

**બૃહદ પરિવાર મિલન**







સ્થળ : રાષ્ટ્રીયશાળા, રાજકોટ

તારીખ : ૨૭ એપ્રિલ, ૨૦૧૯

વર્ષઃ ૭૨ | અંક : ૧૦ | ૧૫ મે, ૨૦૧૯

## વિવેકબુદ્ધિ

પુરુષાર્થની વાત કેવળ માનવીને જ લાગુ પડે છે. પશુપંખીઓને લાગુ નથી પડતી. ઈશ્વરની આ સૃષ્ટિમાં આ કરવું કે આ ન કરવું તેની વિવેકબુદ્ધિ માત્ર માણસને જ મળી છે. ઉંદરને દેખીને આ ઉંદરને મારવો કે ન મારવો એવો વિચાર કરવાપણું બિલાડીને હોતું નથી. એ તો ઉંદરને દેખીને જ તેને મારવા દોડે છે. પરંતુ ઉંદરને મારવો કે ન મારવો એ વિચાર કરવાની શક્તિ ઈશ્વરે તેને આપી જ નથી. આથી તે ઉંદરને મારે તેથી તે હિંસક થઈ જતી નથી, પરંતુ માર્યા વિના તેનાથી રહેવાતું નથી. માટે ઉંદરને મારવો તે ધર્મ છે કે નહિ તે વિચારની આશા તેની પાસેથી ન રાખી શકાય. પરંતુ હિટલર યહૂદીઓની એકસામટી કતલ કરે તે માનવી તરીકે તેણે મોટો અધર્મ કર્યો એમ ગણવું જોઈએ. કારણ કે યહૂદીઓને મારવાની કોઈ પણ સ્વાભાવિક પ્રેરણા તેને કુદરતે આપી નથી. આ રીતે માણસનો જીવનવ્યવહાર તેના ચિત્તમાં પડેલા જન્મજન્માંતરના સંસ્કારોને ધક્કો મારે છે. પરંતુ તેમાંથી કેવા સંસ્કારને આગળ આવવા દેવો અને કેવા સંસ્કારને કામ કરતો રોકવો એની વિવેકશક્તિ ઈશ્વરે મનુષ્યને આપી છે. માટે જ મનુષ્ય પાસેથી સારી પ્રવૃત્તિઓની આશા રાખી શકાય.

**નાનાભાઈ ભટ્ટ**
**('કેળવણીની પગદંડી'માંથી)**

# કોડિયું

વર્ષ : ૭૨ | મે: ૨૦૧૯ | અંક : ૧૦

## અનુક્રમણિકા


| ક્રમ | લેખનું નામ | લેખકનું નામ | પાના નં. |
|---|---|---|---|
| ૦૧ | તત્ત્વવિચારણા | - ભાણદેવજી | ૪૦૫ |
| ૦૨ | ગાંધીજી અને કેળવણી | - દિનુ ચુડાસમા | ૪૧૧ |
| ૦૩ | નાનાભાઈના પત્રો | - નીતિન ભટ્ટ | ૪૧૪ |
| ૦૪ | ગાંધીજીના ખ્રિસ્તી સંબંધો... | - હિરજી નાકરાણી | ૪૧૫ |
| ૦૫ | મૂઠી ઊંચેરા માનવી | - કુમાર પ્રશાંત, અનુઃ મોહન દાંડીકર | ૪૨૦ |
| ૦૬ | જીવનનો મુળ મંત્ર - સંતોષ | - ભરત મિસ્ત્રી | ૪૨૬ |
| ૦૭ | અજાતશત્રુ, ખેતીનો જીવ... | - રસિકલાલ વૈષ્ણવ | ૪૨૭ |
| ૦૮ | વિલાયતી ખાતરો !... | - મહિપતસિંહ ઝાલા | ૪૩૪ |
| ૦૯ | વૃદ્ધાશ્રમો કેમ વધે છે ? | - રણછોડ શાહ | ૪૩૬ |
| ૧૦ | શિક્ષણ ક્ષેત્રે સૂર્યોદય ? | - પ્રવીણ કુકડીયા | ૪૩૮ |
| ૧૧ | સંસ્થા સમાચાર | - પ્રશાંત મહેતા | ૪૪૦ |


### ◆ સૂચના ◆

☛ 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.

☛ પત્રવ્યવહારમાં ગ્રાહકનંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.

☛ કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. અથવા ડિમાન્ડડ્રાફટથી સ્વીકારવામાં આવે છે.

### ◆ લેખ મોકલવા માટે ◆


'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com


### ◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્ર વ્યવહાર ◆


શ્રી રવિભાઈ પંડ્યા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com


### ◆ લેખકોને ◆

☛ શિક્ષણ, ગ્રામવિકાસ તથા પુનર્ગઠન અંગેના લેખો આવકાર્ય છે.

☛ અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.

### ◆ લવાજમ ◆

વાર્ષિક રૂ. ૧૫૦/-
ડિપોઝિટ યોજના રૂ.૧૮૦૦/-

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
શ્રી જુગલકિશોર વ્યાસ
(મો. ૯૪૨૮૮૦૨૪૮૨)

**સંપાદક-મંડળ:**
ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની
(મો. ૯૮૯૮૯૨૦૩૩૩)
ડૉ. સંજય તલસાણિયા
(મો. ૯૪૨૭૬૬૮૦૮૩)
શ્રી પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨ )

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા,
ફોન : ૦૨૮૪૬-૨૪૪૧૧૮

## તંત્રી સ્થાનેથી...

દેશમાં અત્યારે લોકશાહીના મહાપર્વ સમી ચૂંટણી પ્રક્રિયા ચાલી રહી છે. સત્તા પ્રાપ્ત કરવા માટે વિવિધ પક્ષો પ્રયત્નો કરી રહ્યા છે અને રંગીન સ્વપ્ન સમા વચનોની લ્હાણી કરી રહ્યા છે. દરેક પક્ષ પોતે સાચો છે અને પોતે જ ઉત્તમ કક્ષાની સમાજસેવા કરી શકશે તેવું પ્રામાણિક રીતે માને છે ! પ્રજા દરેક વખતે મૂંઝાએલી જ હોય છે. કયારેય કોઈ પક્ષે વચનો પૂરા કર્યાં નથી. પ્રજા તો લાચારીથી વિકલ્પો શોધવામાં જ અટવાઈ જાય છે.

વર્તમાન સરકાર કે સત્તાધીશો કરતા અમે ઉત્તમ કામ કરી બતાવીશું તેવું સત્તાથી બહાર રહેલાને લાગ્યા કરે છે. આપણે જે પ્રકારની સમાજ રચના રચવા ઈચ્છીએ છીએ તેમાં કોઈપણ સરકાર વિશેષ સંતોષ આપી શકે તેમ નથી. આના પાયામાં પડેલી વિભાવના એ છે, મૂળભૂત કારણ એ છે કે કયારેય કોઈપણ સરકાર ક્રાંતિકારી હોતી નથી. કોઈપણ સરકાર આમપ્રજાનું, સામાન્ય લોકમાનસનું પ્રતિબિંબ જ હોવાની. લોકોની, બહુમતી લોકોની ઈચ્છાઓ પૂરી કરવી એને જ લોકશાહી કહે છે. જો લોકો ખોટી વસ્તુ પસંદ કરશે તો લોકશાહી સરકારને પણ એ ખોટી ઈચ્છાઓ પસંદ-મંજૂર કરવી પડશે. બહુમતી સંખ્યાને જો માંસ ખાવું હશે અને દારૂ પીવો હશે તો સરકાર એ બંધ નહીં કરાવી શકે.

આથી જ આચાર્ય વિનોબાજીએ સમજાવ્યું છે તેમ નવો સમાજ રચવા લોકો સમાજમાં ક્રાંતિ લાવવા ઈચ્છે છે. ક્રાંતિ રાજસત્તાનું ક્ષેત્ર છોડવાથી જ શકય બને છે. કોઈ રાજસત્તા કે સરકાર ક્રાંતિ કરી શકતી નથી.

ભગવાન બુદ્ધ, ઈશુ અને ગાંધીજી સહિતના સૌ સમાજમાં ક્રાંતિ લાવવા માંગતા હતા. સૌએ રાજસત્તા છોડવી પડી અને સમાજ વચ્ચે, આમજનતા વચ્ચે જવું પડયું છે. તે સૌએ ક્રાંતિ કરવા માટે ઉપાસના કરી નૈતિક શક્તિની. નૈતિક શક્તિના જોરે જ ક્રાંતિઓ શકય બની છે. સત્તા હાથમાં રાખીને ક્રાંતિ કરી શકાતી નથી. ક્રાંતિનો ઉદ્ભવ-પ્રારંભ વિચારક્રાંતિથી જ થતો હોય છે. આવું સરકાર કરી શકતી નથી. નૈતિક શક્તિનું નિર્માણ કરવાનું ગજુ કોઈપણ સરકારનું કયારેય હોતું નથી. આવી સર્જનાત્મક-રચનાત્મક નૈતિક શક્તિ જાગૃત કરવાનું સરકાર કરી શકતી ન હોવાથી એ કયારેય સમાજને સંતોષ-સુખ આપી શકતી નથી. આમ પ્રજા તો રાંક બની, લાચારીથી રામરાજયના સ્વપ્ન સેવતી સેવતી વિકલ્પો શોધ્યા કરે છે અને શોધતી જ રહેશે. જયાં સુધી સત્તાધિશો ઉપર પ્રભાવ ઊભો કરી શકતી સામાજિક ક્રાંતિઓ નહીં થાય ત્યાં સુધી ગમે તેનો ખેશ પહેરવા કે પહેરાવવાથી કોઈ ફેર પડવાનો નથી.

— અરુણ દવે

## (૦૧) તત્ત્વવિચારણા

- ભાણદેવજી

આ સમગ્ર અસ્તિત્વને ઋષિઓએ તત્ત્વોમાં વહેંચેલ છે. સૃષ્ટિ આ મૂળભૂત તત્ત્વોની બનેલી છે. આ મૂળભૂત તત્ત્વો કેટલા છે ? આ બાબતમાં ઘણી ભિન્નતા જોવા મળે છે. ભિન્ન ભિન્ન પરંપરામાં તત્ત્વોની સંખ્યા ભિન્ન ભિન્ન બતાવવામાં આવે છે.

તત્ત્વોનો એક-બીજામાં અનુપ્રવેશ છે. કારણને કાર્યમાં અને કાર્યને કારણમાં મેળવીને પોતાની વિચારપદ્ધતિ પ્રમાણે તત્ત્વોની સંખ્યા સિદ્ધ કરી શકાય છે. એક જ તત્ત્વોમાં બીજાં અનેક તત્ત્વોનો અંતર્ભાવ થયેલો જોવા મળે છે. આમ હોવાથી તત્ત્વોની ગણતરી અને સંખ્યાવિષયક ભિન્ન ભિન્ન મતો એકસાથે સાચા હોઈ શકે છે. ભિન્ન ભિન્ન પદ્ધતિથી વિચારવામાં આવે ત્યારે ભિન્ન ભિન્ન પરિણામ પર પહોંચાય છે. તેથી આ વિષયમાં મતભિન્નતા હોવા છતાં વિરોધ નથી. પ્રત્યેક વિચારપદ્ધતિ પોતાની રીતે બરાબર છે.

સાંખ્યદર્શનની પરંપરાગત પદ્ધતિ પ્રમાણે પ્રકૃતિનાં ચોવીશ તત્ત્વો અને પચીશમો પુરુષ મળીને પચીશ તત્ત્વો છે.

કોઈક વિચારકો તત્ત્વોની સંખ્યા છવીશ ગણાવે છે. તેઓ એમ કહે છે કે જીવ અનાદિ કાળથી અવિદ્યાગ્રસ્ત છે. તે સ્વયં જ્ઞાન પ્રાપ્ત કરી શકે નહિ. તેને જ્ઞાન પ્રાપ્ત કરાવવા માટે અન્ય સર્વજ્ઞ તત્ત્વની આવશ્યકતા છે. આ છવીશમું તત્ત્વ ઈશ્વર છે. આ રીતે તત્ત્વોની સંખ્યા છવીશ છે.

ઈશ્વરનો સ્વીકાર કરવા છતાં તત્ત્વોની સંખ્યા પચીશ જ માનનાર વિચારકો એમ કહે છે કે જીવ અને ઈશ્વર સર્વથા અભિન્ન છે તેથી તેમને ભિન્ન તત્ત્વો ગણવાની આવશ્યકતા નથી.

એક વિચારધારા પ્રમાણે તત્ત્વોની સંખ્યા અઠ્ઠાવીશ છે. તેઓ સત્ત્વ, રજ અને તમ- આ ત્રણ ગુણોને અલગ તત્ત્વો ગણે છે. તેમના મતે પચીશ તત્ત્વોમાં, આ ત્રણ ગુણોને અલગ તત્ત્વો માનીને ઉમેરતાં અઠ્ઠાવીશ તત્ત્વો થાય છે.

એક પરંપરામાં તત્ત્વોની સંખ્યા સાત માનવામાં આવે છે. પાંચ મહાભૂત, જીવ પરમાત્મા મળીને સાત તત્ત્વો થાય છે. તેમના મતે દેહ, ઈન્દ્રિયો અને પ્રાણ વગેરેની ઉત્પત્તિ તો પંચમહાભૂતોમાંથી થાય છે. તેથી તેમને અલગ તત્ત્વો ગણવાની જરૂર નથી.

માત્ર છ તત્ત્વોનો જ સ્વીકાર કરનાર વિચારકો કહે છે કે પાંચ મહાભૂતો અને પરમાત્મા — એમ છ જ તત્ત્વો છે. તેમના મતે પરમાત્મા પોતાના બનાવેલ પાંચ મહાભૂતોની સૃષ્ટિ રચીને તેમાં જીવરૂપે પ્રવેશ કરે છે. તેઓ કહે છે કે જીવનો પરમાત્મામાં અને દેહાદિ સૃષ્ટિનો પાંચ મહાભૂતોમાં સમાવેશ થઈ જાય છે.

જેઓ તત્ત્વોની સંખ્યા ચાર જ ગણાવે છે, તેઓ કહે છે કે આત્મામાંથી તેજ, જળ અને પૃથ્વીની ઉત્પત્તિ થઈ છે અને જગતના જેટલા પદાર્થો છે, તે સર્વ તેમાંથી ઉત્પન્ન થાય છે.

તત્ત્વોની સંખ્યા સત્તર બતાવનાર લોકો તત્ત્વોની ગણના આ પ્રમાણે કરે છે- પાંચ મહાભૂત, પાંચ તન્માત્રા, પાંચ જ્ઞાનેન્દ્રિયો, મન અને આત્મા.

તત્ત્વોની સંખ્યા સોળ બતાવનારની ગણના પણ સત્તર તત્ત્વો બતાવનાર પ્રમાણે જ છે પરંતુ તેઓ મનનો સમાવેશ આત્મામાં જ કરે છે, તેથી તત્ત્વ સંખ્યા સોળ બતાવે છે.

તત્ત્વોની સંખ્યા તેર બતાવનાર તત્ત્વોની ગણના આ પ્રમાણે કરે છે પાંચ મહાભૂતો, પાંચ જ્ઞાનેન્દ્રિયો, મન, જીવાત્મા અને પરમાત્મા.

તત્ત્વોની સંખ્યા અગિયાર ગણાવનાર પાંચ મહાભૂતો, પાંચ જ્ઞાનેન્દ્રિયો અને આત્માનો સ્વીકાર કરે છે.

તત્ત્વોની સંખ્યા નવ બતાવનારની ગણના આ પ્રમાણે છે — પાંચ મહાભૂતો, મન, બુદ્ધિ, અહંકાર અને પુરુષ (આત્મા).

આ પ્રમાણે ઋષિ-મુનિઓએ ભિન્ન ભિન્ન પ્રકારે તત્ત્વોની ગણના કરી છે. બધાનું કહેવું બરાબર છે, કારણ કે ભિન્ન ભિન્ન દષ્ટિકોણથી બધાએ બતાવેલી તત્ત્વગણના યુક્તિસંગત છે. જેઓ તત્ત્વજ્ઞાની છે, તેમને કોઈ મતમાં બૂરાઈ જણાતી નથી. તેમને માટે તો બરાબર છે.

ચાર્વાકાદિ વિચારકોએ કરેલી તત્ત્વગણનાનો અહીં સમાવેશ કરવામાં અવ્યો નથી, કારણ કે તેઓ વેદબાહ્ય અને નાસ્તિક છે.

ભગવાન ઉદ્ધવજી સમક્ષ તત્ત્વગણનાની ભિન્ન ભિન્ન પદ્ધતિઓ રજૂ કરે છે. આ સમયે ઉદ્ધવજી ભગવાનને પ્રશ્ન પૂછે છે –

" ભગવન્ ! પુરુષ (આત્મા) અને પ્રકૃતિ એક – બીજાથી સર્વથા ભિન્ન છે, તો પણ તેઓ અન્યોન્ય એટલા બધા મળી ગયા છે કે સામાન્યતઃ તેમની વચ્ચેનો ભેદ જાણી શકાતો નથી. બંને વચ્ચેની આ ભિન્નતા સ્પષ્ટ કેવી રીતે થાય ? પુરુષ અને પ્રકૃતિ વચ્ચે આત્યંતિક ભેદ છે. આ ભેદનું જ્ઞાન કેવી રીતે થાય ?

ઉદ્ધવજીનો આ વિવેકયુકત પ્રશ્ન સાંભળીને ભગવાન શ્રીકૃષ્ણ ઉદ્ધવગીતાની કથાધારા આગળ ચલાવે છે.

પ્રકૃતિ અને પુરુષ, શરીર અને આત્મા વચ્ચે અત્યંત ભિન્નતા છે.

આ પ્રકૃતિ  જગતમાં જન્મમરણ અને વૃદ્ધિહ્રાસ આદિ વિકારો સતત રહેલા છે, કારણ કે જગત ગુણોના ક્ષોભથી જ બનેલું છે. માયા ત્રિગુણાત્મિક છે. ત્રણે ગુણો અનેક પ્રકારની ભેદવૃત્તિઓ ઉત્પન્ન કરી દે છે. આ સમગ્ર વિશ્વ અસીમ છે અને તેને ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે. – અધ્યાત્મ, અધિદૈવ અને અધિભૂત.

આત્મા અર્થાત્ પુરુષ આ ત્રિગુણાત્મક જગતનું મૂળકારણ, તેમનો સાક્ષી અને તેમનાથી પર છે. તે પોતાના સ્વયંસિદ્ધ પ્રકાશથી સમસ્ત પદાર્થોની મૂળસિદ્ધિ છે. આત્મા દ્વારા બધું પ્રકાશિત બને છે. પ્રકૃતિમાંથી મહત્તત્ત્વ, તેમાંથી અહંકાર ઉત્પન્ન થાય છે. અહંકારના ત્રણ ભેદ છે – સાત્ત્વિક, તામસ અને રાજસ. આ અહંકાર જ અજ્ઞાન અને સૃષ્ટિની વિવિધતાનું મૂળ કારણ છે.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે. સાક્ષી છે અને પ્રકૃતિ તથા પ્રાકૃતિક પદાર્થોથી સર્વથા અલિપ્ત છે. અસ્તિ- નાસ્તિ, સગુણ-નિર્ગુણ, ભાવ-અભાવ, સત્ય-મિથ્યા આદિ સ્વરૂપના જે વાદવિવાદો છે, તે સર્વનું કારણ ભેદદૃષ્ટિ છે. જે આત્માને જાણે છે, તે સર્વ વિવાદોથી મુક્ત થઈ જાય છે.

આત્મા અસંગ અને પ્રકૃતિથી પર હોવા છતાં પ્રકૃતિ-પુરુષના તાદાત્મ્યને કારણે એકરૂપ હોવું ભાસે છે. અજ્ઞાનને કારણે જ આત્માનું અનાત્મા સાથે એકરૂપ હોવું ભાસે છે. આત્મા પ્રકૃતિ સાથેનું તાદાત્મ્ય છોડીને પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત થાય તે જ અનાત્મભાવમાંથી મુક્તિનો ઉપાય છે.

આત્મા મુક્ત જ છે. બંધન આભાસજન્ય છે. આ આભાસી બંધનને જાણીને તેમાંથી બહાર આવી જવું, તે જ ઉપાય છે.

હવે ઉદ્ધવજી પ્રશ્ન પૂછે છે –

"ભગવન્! વ્યાપક આત્મા એક શરીરમાંથી બીજા શરીરમાં કેવી રીતે જાય છે ? અકર્તા આત્મા કર્મ કેવી રીતે છે ? નિત્ય આત્માનાં જન્મમરણ કેવી રીતે થાય છે ?"

ભગવાન ઉદ્ધવજીના પ્રશ્નોના ઉત્તર રૂપે જ્ઞાનધારા આગળ ચલાવે છે.

મન કર્મ-સંસ્કારોનો પુંજ છે. આ સંસ્કારો અનુસાર ભોગ પ્રાપ્ત કરવા તેની સાથે પાંચ ઈન્દ્રિયો પણ લાગેલી છે. તેનું જ નામ લિંગશરીર છે. આ અનુસાર આ લિંગશરીર એક શરીરથી બીજા શરીરમાં, એક લોકથી બીજા લોકમાં આવે છે અને જાય છે. આત્મા આ લિંગશરીરથી સર્વથા મુક્ત છે. તેને આવાગમન નથી પરંતુ જ્યારે તે પોતાને લિંગશરીર જ માની લે છે, તેમાં અહંકાર કરી લે છે ત્યારે તેને પણ પોતાનું આવવું-જવું પ્રતીત થાય છે.

ગર્ભાધાન, ગર્ભવૃદ્ધિ, જન્મ, બાલ્યાવસ્થા, કુમારાવસ્થા, યુવાની, આધેડાવસ્થા, વૃદ્ધાવસ્થા અને મૃત્યુ- આ નવ અવસ્થા શરીરની છે, આત્માની નહિ. આત્મા તો શરીર અને તેની અવસ્થાનો સાક્ષી છે.

એક શરીરમાંથી બીજા શરીરમાં લિંગશરીર જાય છે, આત્મા નહિ. તાદાત્મ્યને કારણે આત્માનું આવાગમન પ્રતીત થાય છે. કર્મ પ્રકૃતિ દ્વારા થાય છે. આત્મા તો અકર્તા

છે પરંતુ પ્રકૃતિની ક્રિયા સાથે તાદાત્મ્યને કારણે આત્મામાં કર્તાભાવનો અરોપ થાય છે. જન્મમરણ આત્માનાં નહિ, શરીરનાં થાય છે પરંતુ શરીર સાથેના તાદાત્મ્યને કારણે આત્માના જન્મમરણ ભાસે છે.

જે કલ્યાણકામી છે, તેણે સર્વ કઠિનાઈઓમાંથી પોતાને વિવેકબુદ્ધિ દ્વારા જ મુક્ત કરવો પરંતુ અન્ય સાધનો દ્વારા નહિ. વસ્તુતઃ આત્મદૃષ્ટિ જ સમસ્ત વિપત્તિઓથી બચવાનું એકમાત્ર સાધન છે.

ઉદ્ધવજી ભગવાનને પ્રશ્ન પૂછે છે –

"ભગવન્ ! દુષ્ટ પુરુષો દ્વારા કરેલો તિરસ્કાર સહન કરવો કઠિન છે. આપ મને સમજાવો કે આ અસહ્ય તિરસ્કાર કેવી રીતે સહન કરવો ?"

ભગવાન કથા આગળ ચલાવે છે –

મનુષ્યનું હૃદય મર્મભેદી વાણીથી જેટલી પીડા અનુભવે છે, તેટલી પીડા તો તીક્ષ્ણ બાણોથી પણ નથી અનુભવતું. આ વિષયમાં એક પ્રાચીન ઈતિહાસ છે.

પ્રાચીનકાળમાં ઉજ્જૈનમાં એક બ્રાહ્મણ રહેતો હતો. તેણે ખેતી, વ્યાપાર વગેરે દ્વારા ઘણી ધનસંપત્તિ એકઠી કરી હતી.તે ખૂબ કૃપણ, કામી અને લોભી હતો. તેને ક્રોધ પણ ખુબ જ આવતો હતો. તે પોતાના ધન દ્વારા પોતાના શરીરને પણ સુખ આપી શકતો નહિ. તેની કૃપણતાને જોઈ તેનાં સગાંસંબંધીઓ પણ ખૂબ દુઃખી રહેતાં અને સૌ મનોમન તેનું અનિષ્ટ ચિંતન કરતાં હતાં. તે પોતાના ધનની રખવાળી કરતો હતો પરંતુ તેનાથી તે ન તો ધર્મ કમાતો કે ન તો ભોગ ભોગવતો.

દીર્ઘકાળ સુધી આ રીતે જીવન વિતાવવાથી તેના પર પાંચ મહાયજ્ઞના ભાગી દેવતાઓ નારાજ થયા. દેવતાઓની નારાજીથી તેમનાં પૂર્વ-પુણ્યનો આધાર ચાલ્યો ગયો. તેને આધારે જ અત્યાર સુધી તેનું ધન ટક્યું હતું. તે ધન હવે નષ્ટ-ભ્રષ્ટ થઈ ગયું. ધન નષ્ટ થવાથી તેનાં સગાંસંબંધીઓએ મુખ ફેરવી લીધું. તે હવે ભયાનક ચિંતાથી ઘેરાઈ ગયો.

તે ખૂબ દુઃખી થયો. પોતાના ભૂતકાળનો અને પોતાના વર્તમાનનો વિચાર કરતાં તેના મનમાં સંસાર પ્રત્યે મહાન દુઃખબુદ્ધિ અને ઉત્કટ વૈરાગ્યનો ઉદય થયો.

તે બ્રાહ્મણ મનોમન કહેવા લાગ્યો-

"અરે ! ભારે ખેદની વાત છે કે મેં મારી જાતને આટલા દિવસો સુધી વ્યર્થ જ કષ્ટ આપ્યું. જે ધન માટે મેં આટલો સખત પરિશ્રમ કર્યો છે, તે ધનનો ધર્મકાર્યમાં ઉપયોગ ન થયો અને તે ધન મારા સુખભોગમાં પણ કામ ન લાગ્યું. જેમ નાનો સરખો કોઢ સર્વાંગસુંદર શરીરને કુરૂપ કરી નાખે છે, તેમ નાનો સરખો લોભ શુદ્ધ યશ અને પ્રશંસનીય ગુણો પર પાણી ફેરવી દે છે. ધનની પ્રાપ્તિ અને જાળવણીમાં નિરંતર પરિશ્રમ, ભય, ચિંતા અને ભ્રમનો સામનો કરવો પડે છે. ચોરી, હિંસા, અસત્ય, દંભ, કામ, ક્રોધ, ગર્વ, વૈર, ભેદબુદ્ધિ, શંકા, સ્પર્ધા, લંપટતા, દારૂ, જુગાર આદિ બદીઓ ધનમાંથી જન્મે છે. તેથી કલ્યાણકામીએ અર્થરૂપ અનર્થથી દૂર રહેવું જોઈએ. ધનને કારણે સ્નેહીજનો પણ શત્રુ બની જાય છે. ધનની માત્ર રખવાળી કરનાર કૃપણ અધોગતિને જ પામે છે. વિદ્વાન માણસો પણ માયાથી મોહિત થઈને ધનની તૃષ્ણાનું સેવન કરી રહ્યા છે.

"ભગવાનની મારા પર કૃપા છે કે તેમણે મને હવે સંસાર પ્રત્યે દુઃખબુદ્ધિ અને ધન પ્રત્યે વિરક્તિ આપી છે. વૈરાગ્ય આ સંસારરૂપી સાગરને તરવા માટે નૌકા સમાન છે. હવે હું વૈરાગ્ય ધારણ કરી આત્મલાભમાં જ સંતુષ્ટ રહીશ અને પરમાર્થ-સાધનમાં જ સાવધાન બનીશ.

"હવે શેષ આયુષ્ય હું ભગવદ્‌ભજન, તપશ્ચર્યા અને વિરક્તિમાં જ વિતાવી દઈશ."

આ પ્રમાણે સંકલ્પ કરીને તે બ્રાહ્મણે 'હું' અને 'મારાપણા'ની ગાંઠ છોડી દીધી. તે હવે શાંત બની ગયો અને તેણે સંન્યાસ ધારણ કરી લીધો. તેના ચિત્તમાં હવે કોઈ સ્થાન, વસ્તુ કે વ્યક્તિ પ્રત્યે આસક્તિ ન રહી. તેણે પોતાના મન, ઈન્દ્રિયો અને પ્રાણોને વશ કરી લીધાં. તે પૃથ્વી પર સ્વચ્છંદ વિચરવા લાગ્યો.

તે ભિક્ષુક અવધૂત ખૂબ વૃદ્ધ બની ગયો હતો. લોકો તેને ખૂબ ત્રાસ આપતા અને ખૂબ તિરસ્કાર પણ કરતા. તેને ગાળો અને માર પણ મળતો. આમ છતાં તે તિતિક્ષુ બ્રાહ્મણે અપાર ધૈર્ય રાખ્યું.

તે ક્વચિત્ કહેતો-

"માનવીના દુઃખનું કારણ માત્ર મન જ છે, અન્ય કોઈ નથી. મનથી જ બંધન અને મોક્ષ પ્રાપ્ત થાય છે. મનને કારણે જ સુખ કે દુઃખની પ્રાપ્તિ થાય છે. તેથી પોતાનાં દુઃખો માટે કોઈને દોષ દેવો નહિ."

"જેનું મન શાંત અને સમાહિત છે, તેને સમસ્ત સત્કર્મોનું ફળ અનાયાસે પ્રાપ્ત થઈ જાય છે."

"મોટા મોટા ઋષિઓએ પરમાત્મનિષ્ઠાનો આશ્રય ગ્રહણ કર્યો છે. હું પણ તેનો જ આશ્રય ગ્રહણ કરું છું. મુક્તિ અને પ્રીતિના દાતા ભગવાનના ચરણકમળોના શરણ અને સેવા દ્વારા હું આ દુરંત અજ્ઞાનસાગરને અનાયાસે જ પાર કરી જઈશ."

તે બ્રાહ્મણનું ધન ભલે નષ્ટ થયું પરંતુ વૈરાગ્યના પ્રતાપે તે સર્વ ક્લેશોથી મુક્ત થઈ ગયો. સંસારથી વિરક્ત થઈને તે પૃથ્વી પર સ્વચ્છંદ વિચરણ કરવા લાગ્યો. તે સમય તે મૌની અવધૂત જે ગીત ગાયા કરતો તે ગીત 'ભિક્ષુગીત' તરીકે પ્રસિદ્ધ છે.

ભગવાન શ્રીકૃષ્ણ આ તિતિક્ષુ બ્રાહ્મણનો ઇતિહાસ કહીને હવે ઉદ્ધવજીને સાંખ્યયોગનું રહસ્ય સમજાવે છે.

બ્રહ્મમાં કોઈ પણ પ્રકારનો વિકલ્પ કે દ્વૈત નથી. બ્રહ્મ અદ્વિતીય સત્ય છે અને તેમાં મનવાણીની ગતિ નથી.

અદ્વિતીય બ્રહ્મ જ માયા અને તેમાં પ્રતિબિંબિત જીવ અર્થાત્ દશ્ય અને દૃષ્ટાના રૂપમાં- આમ બે સ્વરૂપે પ્રતીત થાય છે. આમાંથી દશ્યને પ્રકૃતિ કહે છે. તેણે જ જગતમાં કાર્યકારણનું રૂપ ધારણ કર્યું છે. દૃષ્ટા જ્ઞાનસ્વરૂપ છે. તેને પુરુષ કહે છે.

પરમાત્માની પ્રેરણાથી પ્રકૃતિમાં ક્ષોભ ઉત્પન્ન થાય છે ત્યારે પ્રકૃતિમાં ત્રણ ગુણો પ્રગટે છે. તેમનામાંથી ક્રિયાશક્તિપ્રધાન સૂત્ર અને જ્ઞાનશક્તિપ્રધાન મહત્તત્ત્વ પ્રગટે છે. તેઓ બંને પરસ્પર મળેલા જ છે. મહત્તત્ત્વમાંથી અહંકાર જન્મે છે. અહંકાર જ જીવોને મોહિત કરનાર છે. અહંકાર ત્રણ પ્રકારના છે — સાત્ત્વિક, રાજસ અને તામસ. તામસ અહંકારમાંથી પંચતન્માત્રા અને પાંચ ભૂતોની ઉત્પત્તિ થઈ. રાજસ અહંકારમાંથી ઈન્દ્રિયો અને સાત્ત્વિક અહંકારમાંથી ઈન્દ્રિયોના અધિષ્ઠાતા અગિયાર દેવો ઉત્પન્ન થયા.

પરમાત્માની પ્રેરણાથી આ સર્વ એકત્રિત થઈને પરસ્પર મળી ગયા. તેમના મિલનથી બ્રહ્માંડરૂપી અંડ ઉત્પન્ન થયું. આ ખંડ પરમાત્માનું નિવાસસ્થાન બન્યું. જ્યારે આ અંડ જળમાં અવસ્થિત થયું ત્યારે તેમાં પરમાત્મા નારાયણરૂપે બિરાજમાન થયા. પરમાત્માની નાભિમાંથી વિશ્વકમલની ઉત્પત્તિ થઈ. વિશ્વસમષ્ટિના અંતઃકરણ બ્રહ્માજીએ ખૂબ મોટી તપશ્ચર્યા કરી. ત્યારપછી પરમાત્માની પ્રેરણાથી બ્રહ્માજીએ રજોગુણનો આશ્રય લઈને ચૌદલોકની રચના કરી.

યોગ જગતમાં નાના-મોટા જેટલા પદાર્થો બને છે, તે સર્વ પુરુષ અને પ્રકૃતિના સંયોગથી સિદ્ધ થાય છે. જે આદિમાં છે, જે અંતમાં છે, તે જ મધ્યમાં છે અને તે જ સત્ય છે. જે વિકાર જણાય છે, તે તો વ્યવહાર માટે કરેલી કલ્પના જ છે. જે સુવર્ણાલંકારો સુવર્ણના વિકારો છે અને સુવર્ણ સત્ય છે. પૂર્વવર્તી મહત્તત્ત્વ આદિ કારણો જે પરમ કારણને ઉપાદાન બનાવીને અહંકાર આદિ કાર્ય-વર્ગની સૃષ્ટિ કરે છે, તે પરમ કારણ જ પરમ સત્ય છે. અંતમાં જે વિદ્યમાન રહે છે તે જ સત્ય છે.

આ પ્રપંચનું ઉપાદાનકારણ પ્રકૃતિ છે અને અધિષ્ઠાન પરમાત્મા છે. આ પ્રપંચને પ્રગટ કરનાર કાળ છે. વ્યવહારકાળની આ ત્રિવિધતા વસ્તુતઃ બ્રહ્મસ્વરૂપ છે.

જ્યારે પરમાત્મા પ્રલયનો સંકલ્પ કરે છે ત્યારે સમગ્ર સૃષ્ટિ વિપરીત ક્રમે પોતાના ઉપાદાનકારણ અવ્યક્ત પ્રકૃતિમાં લીન બની જાય છે. પ્રકૃતિ પોતાના પ્રેરક અવિનાશી કાળમાં વિલીન થઈ જાય છે. કાળ માયામય જીવમાં અને જીવ અજન્મા આત્મામાં વિલીન બની જાય છે. આત્મા કોઈમાં લીન થતો નથી. તે ઉપાધિરહિત પોતાના સ્વરૂપમાં સ્થિત રહે છે. આત્મા અર્થાત્ પરબ્રહ્મ પરમાત્મા સૃષ્ટિ અને લયનું અધિષ્ઠાન અને અવધિ છે.

જેનામાં આ પ્રકારની વિવેકદૃષ્ટિ વિકસે છે, તેના ચિત્તમાં પ્રપંચનો ભ્રમ ઉત્પન્ન થતો નથી, સૂર્યોદય થયા પછી જેમ અંધકાર ટકી શકતો નથી.

પરમાત્મા કારણ અને કાર્યના સાક્ષી છે. સૃષ્ટિથી પ્રલય અને પ્રલયથી સૃષ્ટિ સુધીની આવી સાંખ્યવિધિ છે. આ સાંખ્યવિધિના જ્ઞાનથી સંદેહની ગાંઠ કપાઈ જાય છે

અને પુરુષ પોતાના સ્વરૂપમાં અવસ્થિત બની જાય છે.

હવે ભગવાન શ્રીકૃષ્ણ ઉદ્ધવજી સમક્ષ ત્રણે ગુણોની વૃત્તિઓનું નિરૂપણ કરે છે.

પ્રત્યેક વ્યક્તિમાં અલગ અલગ ગુણોનો અલગ અલગ પ્રમાણમાં પ્રકાશ જોવા મળે છે. તેથી પ્રાણીઓના સ્વભાવમાં ભેદ જોવા મળે છે. સત્તગુણની વૃત્તિઓ આ પ્રમાણે છે — શમ (મનઃસંયમ), દમ (ઈન્દ્રયિનિગ્રહ), તિતિક્ષા (સહિષ્ણુતા), વિવેક, તપ, સત્ય, દયા, સ્મૃત, સંતોષ, ત્યાગ, વિષયો પ્રત્યે અનિચ્છા, શ્રદ્ધા, લજ્જા (પાપ કરવામાં સ્વાભાવિક સંકોચ), આત્મરતિ, દાન, વિનય અને સરળતા.

રજોગુણની વૃત્તિઓ આ પ્રમાણે છે — ઈચ્છા, પ્રયત્ન, ઘમંડ, તૃષ્ણા (અસંતોષ), અક્કડાઈ, દેવો પાસેથી ધન વગેરેની યાચના, ભેદબુદ્ધિ, વિષયભોગ, યુદ્ધ વગેરે માટે મદજનિત ઉત્સાહ, યશપ્રાપ્તિની ઈચ્છા, હાસ્ય, પરાક્રમ, હઠપૂર્વક પ્રયત્ન કરવો વગેરે.

તમોગુણોની વૃત્તિઓ આ પ્રમાણે છે.- ક્રોધ (અસહિષ્ણુતા), લોભ, મિથ્યાભાષણ, હિંસા, યાચના, પાખંડ, શ્રમ, કલહ, શોક, મોહ, વિષાદ, દીનતા, નિદ્રા, આશા, ભય, અકર્મણ્યતા વગેરે.

પ્રત્યેક વ્યક્તિમાં ત્રણે ગુણોની વૃત્તિઓ હોવાની જ. પ્રકૃતિ ત્રિગુણાત્મિકા છે. તેથી વ્યક્તિમાં ત્રણે ગુણોનું સંમિશ્રણ હોય છે. પ્રકૃતિ ત્રિગુણાત્મિકા છે. તેથી વ્યક્તિમાં ત્રણે ગુણોની વૃત્તિઓ હોવાની જ. પ્રત્યેક વ્યક્તિમાં આ ત્રણે ગુણોના પ્રમાણમાં ઘણી ભિન્નતા હોય છે. તદનુસાર વ્યક્તિના વ્યક્તિત્વનું સ્વરૂપ નિર્ધારિત થાય છે.

માનસિક શાંતિ, જિતેન્દ્રિયતા આદિ ગુણોથી સત્ત્વગુણી પુરુષની, કામના આદિ ગુણોથી રજોગુણી પુરુષની અને ક્રોધ-હિંસા આદિ ગુણોથી તમોગુણી પુરુષની ઓળખ થાય છે.

જ્યારે વ્યક્તિ નિષ્કામભાવે નિત્ય-નૈમિત્તિક કર્મો દ્વારા ભગવાનની આરાધના કરે ત્યારે તેને સત્ત્વગુણી જાણવી. જ્યારે તે સકામ ભાવે પોતાના કર્મો દ્વારા ભગવાનની આરાધના કરે ત્યારે તે રજોગુણી છે અને શત્રુના મૃત્યુ કે અકલ્યાણ માટે ભગવાનનું પૂજન કરે તો ત્યારે તેને તમોગુણી વ્યક્તિ જાણવી.

સત્ત્વગુણ પ્રકાશક, નિમળ અને શાંત છે. જ્યારે સત્ત્વગુણ રજોગુણ અને તમોગુણને દબાવીને વધે છે ત્યારે પુરુષ સુખ, ધર્મ અને જ્ઞાન વગેરેને તમોગુણને દબાવીને આગળ વધે છે ત્યારે પુરુષ સુખ, ધર્મ અને જ્ઞાન વગેરેને પાત્ર બને છે. રજોગુણ ભેદબુદ્ધિનું કારણ છે. તેનો સ્વભાવ આસક્તિ અને પ્રવૃત્તિ છે. જ્યારે તમોગુણ અને સત્ત્વગુણને દબાવીને રજોગુણ આગળ વધે છે, તે સમયે મનુષ્ય દુઃખ, કર્મ, યશ અને લક્ષ્મીથી સંપન્ન બની જાય છે. તમોગુણ અજ્ઞાનસ્વરૂપ છે. તેનો સ્વભાવ આળસ અને બુદ્ધિની મૂઢતા છે. જ્યારે સત્ત્વગુણ અને રજોગુણને દબાવીને તમોગુણ આગળ વધે છે ત્યારે મનુષ્ય અનેકવિધ એષણાઓ સેવે છે, શોક અને મોહમાં પડે છે, હિંસા કરે છે અથવા નિદ્રા-આળસને વશીભૂત થઈને પડ્યો રહે છે.

સત્ત્વગુણથી જાગૃતાવસ્થા, રજોગુણથી સ્વપ્નાવસ્થા અને તમોગુણથી સુષુપ્તિ-અવસ્થા સિદ્ધ થાય છે. તુરીયાવસ્થા ત્રણેમાં એક સમાનરૂપ વ્યાપ છે અને તે જ શુદ્ધ અને એકરસ આત્મા છે.

બધા ગુણોનો સંબંધ ચિત્ત સાથે છે. જે જીવ તેમને જીતી લે છે, તે ભક્તિયોગ દ્વારા પરમાત્મામાં પરિનિષ્ઠિ થઈ જાય છે. અંતે તે પરમાત્માના વાસ્તવિક સ્વરૂપ અર્થાત્ મોક્ષને પ્રાપ્ત કરે છે. આ મનુષ્યશરીર ઘણું દુર્લભ છે. આ શરીરમાં તત્ત્વજ્ઞાન અને નિષ્ઠારૂપ વિજ્ઞાનની પ્રાપ્તિ સંભવિત છે. તેથી બુદ્ધિમાન પુરુષોએ ગુણોમાંથી આસક્તિ હટાવીને પરમાત્માનું ભજન કરવું જોઈએ.

વિચારશીલ પુરુષ ખૂબ સાવધાનીપૂર્વક સત્ત્વગુણના સેવનથી રજોગુણ અને તમોગુણને જીતી લેવા, ઈન્દ્રિયોને વશમાં કરી લેવી, પરમાત્માના સ્વરૂપને સમજી લેવું અને તેમના ભજનમાં લાગી જવું જોઈએ. આસક્તિનો સર્વથા ત્યાગ કરવો. યોગયુક્તિથી ચિત્તવૃત્તિને શાંત કરીને નિરપેક્ષતા દ્વારા સત્ત્વગુણ પર પણ વિજય પ્રાપ્ત કરી લેવો. આ રીતે ગુણોથી મુક્ત થઈને જીવ પોતાના જીવભાવને છોડી દે છે અને પરમાત્મા સાથે એકત્વ પામે છે.

જિજ્ઞાસુએ હંમેશા ધ્યાનમાં રાખવું કે જે લોકો

વિષયના સેવનમાં અને ઉદરપોષણમાં લાગેલા છે, તેવા અસત્ પુરુષોના સંગમાં ક્યારેય રહેવું નહિં. વિષયી પુરુષોનું અનુગમન કરનાર પુરુષની સ્થિતિ અંધનું અનુગમન કરનાર અંધ જેવી થાય છે. તેમને ઘોર અંધકારમાં ભટકવું પડે છે.

પરમ યશસ્વી ઈલાનંદન સમ્રાટ પુરુરવા એકવાર તો ઉર્વશીના વિરહમાં બેશુદ્ધ બની ગયા હતા. પાછળથી શોક અને મોહનો પડદો હટી જવાથી તેમના ચિત્તમાં વૈરાગ્યનો ઉદય થયો હતો. પહેલાં તો પુરુરવા નગ્ન બનીને પાગલની જેમ, પોતાને છોડીને ભાગતી ઉર્વશીની પાછળ અત્યંત વિહવળ બનીને દોડવા લાગ્યા અને કહેવા લાગ્યા-

" હે નિષ્ઠુર હૃદયવાળી દેવી ? થોડી વાર રોકાઈ જા. તું મને છોડીને ભાગી ન જા."

ઉર્વશીએ મહારાજ પુરુરવાનું ચિત્ત પોતાના તરફ આકર્ષિત કર્યું હતું. તેમને હજુ તૃપ્તિ થઈ ન હતી. તેઓ ક્ષુદ્ર વિષયોના સેવનમાં એટલા ડૂબી ગયા હતા કે તેમને રાત્રિદિવસનું પણ કાંઈ ભાન રહ્યું ન હતું.

જ્યારે ઉર્વશી તેમને છોડીને ચાલી ગઈ ત્યારે તેમની આંખ ઊઘડી અને તેમને પોતાની સ્થિતિનો ખ્યાલ આવ્યો. તેમના ચિત્તમાં વૈરાગ્યનો ઉદય થયો. તે સમયે તેમણે આ ગાથાનું ગાન કર્યું-

"હાય ! હાય ! મારી મૂઢતા તો જુઓ ! કામવાસનાએ મારા ચિત્તને કેટલું કલુષિત કરી દીધું છે. ઉર્વશીએ પોતાના બાહુઓથી મારું ગળું એવી રીતે પકડી લીધું કે મારા આયુષ્યનાં ન જાણે કેટલાં વર્ષો વ્યર્થ વીતી ગયાં. મારા મનમાં મોહ એટલો બધો વધી ગયો કે તે મોહે નરદેવ-શિરોમણિ ચક્રવર્તી સમ્રાટ મુજ પુરૂરવાને પણ સ્ત્રીઓનો ક્રીડામૃગ બનાવી દીધો. તે મને અને મારા રાજપાટને તણખલાની જેમ છોડીને જવા લાગી અને હું મૂર્ખ નગ્નાવસ્થામાં જ રડતો આરડતો તે સ્ત્રીની પાછળ દોડવા લાગ્યો. કોઈ મૂઢ માનવી ગધેડાની લાત ખાઈને પણ તેની પાછળ દોડે તેમ હું સ્ત્રીની પાછળ દોડતો રહ્યો."

"જે પુરુષનું ચિત્ત સ્ત્રી ચોરી લે, તેની વિદ્યા, તપશ્ચર્યા, ત્યાગ અને શાસ્ત્રભ્યાસથી પણ કાંઈ લાભ નથી."

"હું વર્ષો સુધી ઉર્વશીના હોઠની માદક મદિરા પીતો રહ્યો, તો પણ મારી કામવાસના તૃપ્ત ન થઈ. આહુતિઓથી અગ્નિ કદી તૃપ્ત થતો નથી !

"તે કુલટાએ મારા ચિત્તને ચોરી લીધું. હવે ભગવાન સિવાય આ પાશમાંથી મને કોઈ છોડાવી શકે તેમ નથી. અરે ! તેમાં ઉર્વશીનો પણ શું વાંક ? અજિતેન્દ્રિય હોવાને કારણે હું જ અપરાધી છું."

"પોતાની ભલાઈ ઈચ્છનારા વિવેકી પુરુષે સ્ત્રી અને સ્ત્રીલંપટ પુરુષનો સંગ કદી પણ ન કરવો. વિષય અને ઈન્દ્રિયોના સંયોગથી જ મનમાં વિકાર ઉત્પન્ન થાય છે, અન્યથા વિકાર માટે કોઈ અવસર જ નથી. જે માનવ વિષયો સાથે ઈન્દ્રિયોનો સંયોગ થવા દે નહિ, તેનું મન આપોઆપ નિશ્ચલ અને શાંત બની જાય છે; તેથી વાણી, કાન અને મન વગેરે ઈન્દ્રિયો દ્વારા સ્ત્રી અને સ્ત્રીસંગનો સંગ કદી ન કરવો. મન અને ઈન્દ્રિયોનો ભરોસો કરવો નહિ."

રાજરાજેશ્વર પુરૂરવાના મનમાં જ્યારે આ પ્રકારના ઉદ્‌ગાર ઊઠવા લાગ્યા ત્યારે તેમણે ઉર્વશીલોકનો ત્યાગ કર્યો. જ્ઞાનોદય થવાથી તેમનો મોહ જતો રહ્યો. તેમણે પોતાના હૃદયમાં આત્મસ્વરૂપ પરમાત્માનો સાક્ષાત્કાર કરી લીધો. તેથી બુદ્ધિમાન પુરુષે હંમેશાં કુસંગ છોડીને સત્સંગ કરવો. સંતપુરુષ પોતાના સદુપદેશથી મનની આસક્તિ નષ્ટ કરી દે છે.

જેમ સૂર્ય આકાશમાં ઉદિત થઈને લોકોને જગત તથા પોતાને જોવા માટે નેત્રદાન કરે છે, તેમ સંતપુરુષ પોતાને તથા ભગવાનને જોવા માટે અંતર્દષ્ટિ આપે છે.

આત્માસાક્ષાત્કાર થતાં જ ઈલાનંદન પુરૂરવાને ઉર્વશીના લોકની સ્પૃહા ન રહી. તેમની બધી આસક્તિઓ નષ્ટ થઈ ગઈ. તેઓ આત્મારામ બનીને સ્વચ્છંદરૂપે આ પૃથ્વી પર વિચારણ કરવા લાગ્યા.

ભગવાન શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને આ"તત્ત્વવિચારણા" પ્રકરણમાં તત્ત્વવિચારની પદ્ધતિ શીખવી છે. તત્ત્વવિચાર દ્વારા પુરુષ અને પ્રકૃતિના સ્વરૂપનો વિવેક સિદ્ધ થાય છે. આ વિવેક દ્વારા પુરુષ પોતાની જાતને પ્રકૃતિથી ભિન્ન અને અસંગ રૂપે સમજે છે. પોતાના યથાર્થ આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર પામે છે.

**(અનુસંધાન પાના નં. ૪૧૪ ઉપર)**

## (૦૨) ગાંધીજી અને કેળવણી

**- દિનુ ચુડાસમા**

**'કેળવણી એટલે બાળક કે મનુષ્યના શરીર, મન અને આત્મામાં જે ઉત્તમ અંશો હોય તેનો સર્વાંગી વિકાસ સાધીને તેને બહાર આણવા.'**

(ગાંધીજી હરિજનબંધુ, ૧-૮-૧૯૩૭)

ગાંધીજીના નઈ-તાલીમનો આ મંત્ર સમજતા પૂર્વે આજના વાતાયનની તાસીર જોઈએ. મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે દેશભરમાં ઉજવણા થઈ રહ્યા છે. મંચ ઉપર ગાંધીવિચાર સાથે કદીયે નિસ્બત રહી નથી, રાખવાના નથી એવા લોકો ધોળી ખાદી પહેરી, પોપટની જેમ પ્રવચન કરી રહ્યા છે. આ એક વર્ષ ગાંધીજીના ગુણગાન કરી ૧૫૦ વર્ષનું સાટું વાળી લેવાની હોડ મચી દેખાય જાણે કે ગાંધીઉત્સવના મેળામાં ખુદ ગાંધી ભૂલા પડી ગયા હોય એવું થઈ રહ્યું ને એમાં લોકસભાની ચૂંટણીના ગોકીરાએ તો ધમાલ મચાવી દીધી, વિવેકની સીમા પાર કરી. લોકશાહીના વાણી સ્વતંત્રતાનો ગેરઉપયોગ એટલે ચૂંટણીમાં પક્ષાપક્ષી દરમિયાન ઝીકાતા શબ્દોના માનહાનીના બોમ્બ. એવા પરિવેશમાં વર્ષોથી ખૂણામાં બેસી ગાંધીજીવનનું અમૃત આજની યુવાપેઢીને આત્મસાત્ કરવાનું યજ્ઞકાર્ય લોકભારતી સણોસરા જેવી ગાંધીવિચારને વરેલી નઈ તાલીમની સંસ્થાઓ ચુપચાપ કરી રહી છે. એમનું કોડિયું વર્ષોથી અજવાળું પીરસી રહ્યું જાણે કે ખારા રણમાં મીઠી વિરડી. આવી નઈતાલીમની કેળવણીની તળાવડીઓ ભારતમાં જેટલી અધિક એટલો જ ગાંધીજીએ આપેલ કેળવણીનો પ્રચાર પ્રસાર અને આચરણ.

ગાંધીજીનું જીવન એટલે સ્વદોષને પકડવો અને દૂર કરવો. એમણે ચીંધેલ બુનિયાદી શિક્ષણમાં સ્વાવલંબન અને સ્વપરિક્ષણ પાયામાં ધરબાયા દેખાય. ગાંધીજીના નઈતાલીમના કેળવણીના વિચારો જોતા પહેલાં ચાલો આપણે સર્જક ગુણવંત શાહનું શાશ્વત ગાંધી અંગેનું તલાવગાહી નિરીક્ષણ જોઈએ :

**'હાથમાં મેગ્નિફાઈંગ ગ્લાસ રાખીને જે માણસ પોતાના મનમાં રહી ગયેલા દોષોનું બારીક નિરીક્ષણ કરે તે માણસનું નામ ગાંધી જાણવું.'**

ગાંધીજીનું જીવન બાળવયેથી જ જિજ્ઞાસું રહ્યું હતું. ખોટા રવાડે ચડી ગયા પછી સાચા મારગે પ્રયાણ કરવામાં એમને કદી સંકોચ થયો નહી. પોતાનાથી થયેલ ભૂલ કબૂલ કરવીએ એમનામાં નાનીવયેથી જ રહેલી વિશિષ્ટ લાક્ષણિકતા હતી. ગાંધીજીવનનું એક અગત્યનું પરિમાણ એટલે પોતાના દોષ જાતે જોવા, ભૂલો થાય ભલે પણ ફરી એ જ ભૂલ ના કરવી, પોતાની મર્યાદાઓને જાણવી અને સુધારવી, જે સર્જનાત્મક, સત્ત્વશીલ બીજ હોય એ અંકુરિત થાય અને નકારાત્મકતાનું ધોવાણ થઈ સારપ, માણસાઈ મહોરે એ જીવની એટલે મોહનદાસ ગાંધી.

તા.૨૨-૨૩/૧૦/૧૯૩૭માં મહાત્મા ગાંધીજીના પ્રમુખપણા હેઠળ મળેલ દેશના દિગ્ગજ શિક્ષણવિદ્‌ના સંમેલનમાં વર્ધા મુકામે ગાંધીજીએ બુનિયાદી શિક્ષણનો શુભ વિચાર નઈ તાલીમ સ્વરૂપે માંજીને મૂકી-સમજાવી આપેલ હતો. એમ પણ કહી શકાય કે નઈતાલીમની કેળવણી એટલે ગાંધીજીવનનો જીવંત ધબકાર. યુવાનોને સ્વનિર્ભર, સ્વાવલંબી, સ્વાશ્રયી, સમસંવેદનશીલ, પ્રકૃતિરાગી બનાવવાની પિયૂષ પ્યાલીઓ. બધાએ બાપુના આ શિક્ષણયજ્ઞની સૌરભને જે તે સમયે સહર્ષ વધાવી લીધી હતી, ગાંધીજી તો સ્પષ્ટ કહેતા કેઃ

**'બાળક અથવા મનુષ્યના શરીર, મન અને આત્મામાં શ્રેષ્ઠ જે કાંઈ છે તે બધું બહાર આણવું એને હું શિક્ષણ કહું છું.'**

બાળકની ભીતર જે કૌશલ્ય હોય અને ઉજાગર કરવાની પ્રેમાળ પ્રક્રિયામાં જે શિક્ષકો સંકળાય એ પણ આ

યજ્ઞકાર્યમાં રસથી જોડાય જાય. ગાંધીજીએ યંગ ઈન્ડિયા, ૬-૮-૧૯૨૫માં કહેલું નોંધવા જેવું છે :

**'શિક્ષકો શિક્ષણના પ્રેમને ખાતર શીખવે અને પોતાના ગુજરાન પૂરતું જ લે, એ જૂના વિચારમાં હું માનું છું.'**

આજે શિક્ષણમાં ઘણું ખૂંટે એનું કારણ કદાચ મોટા પગાર અને શિક્ષણ નહિવત આપવું એ હોઈ શકે. વૃત્તિ દિવ્ય ના હોય તો શીલવાન શિક્ષકનું સર્જન થતું નથી. પ્રેમથી શિક્ષક હોવું, નિષ્ઠાથી કાર્ય કરવું અને ભણાવતા રસાનંદ પામવો, કવિ ઉમાશંકર જોશી કહેતા વર્ગ એજ સ્વર્ગ. આજે ખરા શિક્ષકોની અધૂરપ વર્તાય છે.

ગાંધીજી ડહાપણમાં હિમાલય હતા. જીવનને જાણનારા, માનવતાની દીક્ષા આપનારા ઈન્સાનના નાતે કેળવણી વિષયક વિચારોમાં એક લોકશિક્ષકની છબી અંકિત થતી કળાય છે. મહાત્મા ગાંધીના આ શિક્ષણ વિચારો નઈ તાલીમમાં જોવા મળે, ગાંધીજી શિક્ષણના પાયામાં **ઉદ્યોગ, કુદરત અને સમાજ**ને મુખ્ય માનતા હતા. બાપુના રચનાત્મક કાર્યો બધા નઈ તાલીમના એકમેવ અંગો હતા. એ પ્રમાણેની શિક્ષણ પ્રણાલી જો ભારતમાં બધે જ ક્રિયાન્વિત થઈ હોત તો ભારતમાં આજે કેળવણીને જે ખો અપાઈ રહ્યો તે ના થાત. નઈતાલીમમાં ગાંધીજી પર જેમના જીવનદર્શનની અસર હતી તે જહોન રસ્કિનના કેળવણી વિષયક વિચારો પણ ઝિલાયા હતા, રસ્કિને કહેલું :

**'કેળવણીનું કાર્ય જે ન જાણતા હોય તે જણાવવાનું નથી,**

**પણ જે ન આચરતા હોય તે આચરતા કરવાનું છે.'**

ઉપરોકત શિક્ષણનો પાયો એટલે નઈ તાલીમ. જેને આપણે અત્યારે બુનિયાદી શિક્ષણ તરીકે ઓળખીએ છીએ તે શિક્ષણ ડૉ. ઝાકિરહુસેનના પ્રમુખપદે નિમાયેલ સમિતિનો નિચોડ કહેવાય. કોણ હતા એ સમિતિમાં ? સાત નામ વાંચવાથી જ માથું નમી જાય છે :

(૧) ડૉ. ઝાકિરહુસેન
(૨) આર્ય નાયકમ
(૩) ખ્વાજા ગુલામ સૈયુદીન
(૪) વિનોબાભાવે
(૫) કાકાસાહેબ કાલેલકર
(૬) જે. સી. કુમારપ્પા અને
(૭) કિશોરલાલ મશરૂવાલા

સમિતિએ ૪૦ દિવસ મનોમંથન કરી નઈ તાલીમ શિક્ષણનો નકશો તૈયાર કરી આપેલ હતો, જેમાં મહાત્મા ગાંધીજીના શૈક્ષણિક વિચારોનો સંગમ થયેલ હતો. ઝાકિર હુસેન સમિતિએ નીચે પ્રમાણે શિક્ષણની રૂપરેખા સર્જેલી. ચાલો આપણે પણ એ સભાનતાથી ધ્યાનમાં લઈએ :

(૧) બુનિયાદી શિક્ષણનો સમયગાળો સાત વર્ષનો રાખવો. આ પ્રકારનું શિક્ષણ ૭થી ૧૪ વર્ષના બાળકોને મફત અને સાર્વત્રિક રીતે આપવું.
(૨) શિક્ષણનું માધ્યમ માતૃભાષા રાખવું.
(૩) સંપૂર્ણ શિક્ષણ કોઈ એક પાયાના ઉત્પાદક શ્રમના માધ્યમથી આપવું.
(૪) શિક્ષણને સ્વાવલંબી બનાવવું.
(૫) નાગરિકતાની કેળવણી આપવી.
(૬) શિક્ષણ દ્વારા સહકારી સમાજનો આદર્શ સિદ્ધ કરવો.
(૭) શિક્ષણમાં અહિંસક વિચારસરણીની કેળવણીને સ્થાન આપવું.

ઉપરોકત સાત સૂત્રોનો આચારવિચાર કરવા માટે સમિતિએ બુનિયાદી શિક્ષણનો અભ્યાસક્રમ ઘડી આપેલ હતો જેમાં :

(૧) માતૃભાષા
(૨) ગણિત
(૩) સામાજિક અભ્યાસ
(૪) સામાન્ય વિજ્ઞાન
(૫) કલા
(૬) હિંદી
(૭) શારીરિક શિક્ષણ
(૮) પાયાના ઉદ્યોગમાં ઉત્પાદક શ્રમ.

સમિતિએ નઈ તાલીમ સેવતા વિદ્યાર્થીને પાયાના

ઉદ્યોગો કયાં શીખવવા તેની યાદી જુઓ તો ખરા !

(૧) કૃષિ કાર્ય

(૨) કાંતણ-વણાટ

(૩) સુથારી કે લુહારી કામ

(૪) કુંભારી કામ

(૫) ચર્મોદ્યોગ

(૬) મત્સ્યોદ્યોગ

(૭) બાગાયત

(૮) દીકરીઓ માટે ગૃહ વિજ્ઞાન

(૯) વિશેષ સ્થાનિક પરિસ્થિતિ મુજબ.

જો એને અમલ સટીક થયો હોત તો આજે ભારતમાં કરોડો બેકારો કર્મશીલ હોત. એના કારણે ગૂનાઓ ખૂબ ઓછા હોત પરિણામે સમાજમાં શાંતિનો માહોલ સર્જાત.

ગાંધીજી ગામડાને આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક એકમ માનતા હતા, ગાંધીજીએ પોતાના વિચારો નઈ તાલીમના શિક્ષણ દ્વારા જગત સમક્ષ મૂકયા છે. ગાંધીજીએ નઈ તાલીમને ચારિત્ર્યનું નિર્માણ કરતી શિક્ષણ પદ્ધતિ કહી એ અર્થમાં 'પાયાની કેળવણી'માં નઈ તાલીમના છ સિદ્ધાંતો ગાંધીબાપુએ આપેલ તે તરફ નજર કરીએ :

(૧) બધી કેળવણી સ્વાશ્રયી હોવી જોઈએ. એટલે કે મૂડી બાદ કરતાં બધું ખર્ચ પોતે ઉપાડે.

(૨) એ કેળવણીમાં છેવટ લગી હાથનો પુરો ઉપયોગ થતો હોય, એટલે કે હાથ વડે કંઈક ઉદ્યમ છેવટ લગી થતો હોય.

(૩) કેળવણી માત્ર પોતાના પ્રાંતની ભાષામાં આપવી જોઈએ.

(૪) એમાં સાંપ્રદાયિક ધર્મને સ્થાન નથી. સાર્વજનિક નીતિને પૂરું સ્થાન હોય.

(૫) આ કેળવણી એવી છે કે જેને બાળક કે બીજા શીખે એટલે તે વિદ્યાર્થીના ઘરમાં ને ગામમાં પ્રવેશ કરે.

(૬) આ કેળવણી લેતા કરોડો વિદ્યાર્થીઓ પોતાને ભારતનું અવિભાજ્ય અંગ ગણશે. તેથી બધા પ્રાંતના છાત્રો સમજી શકે એવી એક ભાષા હોવી જોઈએ. આ ભાષા બંને લિપિ-નાગરી અને ઉર્દૂમાં લખાતી હિન્દુસ્તાની જ હોવી જોઈએ.

ગાંધીજીએ જીવનમાં આચરણ કરેલી નઈ તાલીમ શા માટે લાવવાની થઈ હશે ? કારણમાં અંગ્રેજોએ લાદેલી-લોર્ડ મેકોલોએ સર્જેલી કારકુનો ઉત્પન્ન કરવાની પદ્ધતિએ આપણને નિર્બળ કર્યા છે. અંગ્રેજ સરકારના વખતમાં, ગુલામ ભારતમાં મેકોલોએ જે શિક્ષણ પદ્ધતિ આપી અને આપણે અપનાવી લીધી એ બાબતે ગાંધીજીએ હિંદ સ્વરાજ, ૧-૨માં કહ્યું છે કે :

**'કરોડો માણસોને અંગ્રેજી કેળવણી દેવી તે તેઓને ગુલામીમાં નાખવા બરોબર છે. મેકોલાએ જે કેળવણીનો પાયો રચ્યો તે ખરું જોતાં ગુલામીનો પાયો હતો.'**

મેકોલોની શિક્ષણ પદ્ધતિએ ભારતના સમાજ અને સંસ્કૃતિ ઉપર ગહેરી અસર કરી છે અને કરશે. એમાંથી મુકત થવા નઈ તાલીમની કેળવણી આપવામાં આવે,રાષ્ટ્રીય કક્ષાએ એનો ફરજિયાત અમલ કરાવવા સરકાર પ્રતિબદ્ધ બને તો વહેલાસર આપણું ભલું થશે. શું આઝાદ ભારતમાં દરેક તાલુકામાં એક લોકભારતી સણોસરા જેવી કેળવણીની વિદ્યાસંસ્થા ન હોઈ શકે ? જે યુવાજગતને નિત્યનૂતન રહેવા રચનાત્મક શિક્ષણ આપી જીવંત રાખે !

છેવટે ગાંધીદર્શનનું એક સૂત્ર આજના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે અહી ટપકાવી લેખને અલ્પવિરામ આપું છું.

**વિદ્યાર્થીઓને અભિપ્રાયો ધરાવવાની ને તે પ્રગટ કરવાની પૂરેપુરી છૂટ હોવી જોઈએ. વિદ્યાર્થીઓએ પોતાની રજાઓનો બધો સમય ગ્રામસેવામાં ગાળવો જોઈએ. શારીરિક કામને આખી કેળવણીના કેન્દ્રમાં રાખવું પડશે. વિદ્યાર્થી તમારી બુદ્ધિને પૈસામાં વટાવવાને બદલે તેને દેશસેવામાં વાપરો.**

(હરિજનબંધુ ૧૨-૦૯-૧૯૩૭)

મધુબન સોસાયટી, જેસર રોડ, ખોડલ પાનવાળી ગલી, મું. સાવરકુંડલા, જિ. અમરેલી, પીનઃ ૩૬૪૫૨૫

## (૦૩) નાનાભાઈના પત્રો

-------------------------------------------------------------------------------------------------------------------

### - નીતિન ભટ્ટ

(આ પત્રમાં નાનાભાઈ દરેક વ્યક્તિ પોતાના જીવન માટે પોતે નિર્ણય લે તેમ માનતા હતા તે દેખાય છે.)

ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા
૮-૧૨-૧૯૪૫

ચિ. બચુ,

તારો ૯મીનો પત્ર મળ્યો. બટુક (નરેન્દ્રભાઈ) સિવાય અમે સૌ આવી ગયા છીએ અને અહીં જ રહેશું. બહેનોનો (સરલાબહેન અને મંજુબહેન) અભ્યાસ પણ અહીં જ થશે.

મેં ગયા પત્રમાં વિચાર તને જણાવ્યો છે છતાં કહું છું કે આજે તમારે મારા ભારનો વિચાર કરવાનો નથી. તમે ભવિષ્યમાં તમારા પર ઊભા રહેવાનું બળ મેળવો એટલું જ ઇચ્છું છું.

ઈંડાં વિષે જાણ્યું. જીવ વિનાનાં ઈંડાં હોય તે હું સ્વીકારું છું. પણ આપણા જેવા સામાન્ય લોકો જ્યારે એક પગથિયું ઊતરે છે ત્યારે ક્યાં અટકવું એનો વિવેક કરી શકતાં નથી. માટે મારી સલાહ તો એવી છે કે તારે ઈંડાં ન લેવાં. છતાં પણ તારું મન જ હોય તો મારે શું કહેવાનું હોય ? આપણા પૂર્વજોએ વનસ્પતિ આહારની જ ટેવ આપણને વારસામાં આપી છે એમાં ઉમેરો ન કરી શકીએ એ જુદી વાત છે. પણ જો એને સાચવી પણ ન શકીએ તો આપણે કેવાં ?

છતાં પણ કહું છું કે તારો વિચાર એ લેવાનો હોય અને એના વિના તારા મનથી તું ચલાવી ન શકે એમ લાગતું હોય તો લેજે. તું મારું કહ્યું માને એના કરતાં તારી માન્યતા હોય તે પ્રમાણે તું ચાલે તે હું વધારે પસંદ કરું છું. માટે જ મારી સલાહ લેવી પણ વર્તવું તો તને સાચું લાગે તે પ્રમાણે જ. તારી બાનો તો આગ્રહ હોય કે તારે ઈંડાં ન ખાવાં એટલું જ નહી પણ તેનો વિચાર પણ ન કરવો. આખરે તો તને યોગ્ય લાગે તે જ તારે કરવું.

સૌ મજામાં છીએ. તારી તબિયત સાચવજે. તારે રજાઓ કયારે પડશે ? તું આ એપ્રિલમાં આવી શકે તો તારે હાથે ધ્રાંગધ્રામાં ગામડાના આરોગ્યનું પ્રદર્શન ગોઠવવાનો ઢેબરભાઈનો ઈરાદો છે. ટપાલ લખજે.

લી. તારો નાનાભાઈ

-------------

**(અનુસંધાન પાના નં. ૪૧૦ ઉપરથી)**

સાંખ્યયોગપ્રણીત આ જ્ઞાનમાર્ગ પુરુષ-પ્રકૃતિના વિવેકનો માર્ગ છે. વિવેક પરિપૂર્ણરૂપે સિદ્ધ થતાં વિવેકખ્યાતિ પ્રગટે છે, જે આત્મજ્ઞાનનો પરિપક્વ આધાર છે.

જે છે, તેની યથાર્થ ઓળખ તે જ જ્ઞાનનો માર્ગ છે, તે જ આત્મદર્શન છે.

**sMyk\ AaQyayte [it** સાંખ્ય- તે પ્રમાણે સાંખ્યદર્શન પ્રકૃતિ અને પુરુષના સંબંધ અને સ્વરૂપનું સમ્યક્ આખ્યાન – વિવેચન કરે છે અને તેમ કરીને આત્મદર્શનનો રાહ ચીંધે છે.

શ્રીમદ્ ભાગવતના સાંખ્યદર્શનની વિશેષતા એ છે કે તેમાં પ્રારંભે, મધ્યે અને અંતે, સર્વત્ર પરમેશ્વર અને તેમની ભક્તિ તો છે જ. ભાગવતોક્ત સાંખ્યનું દર્શન સેશ્વરદર્શન છે અને ભાગવતોક્ત સાંખ્યનું જ્ઞાન ભક્તિપૂત જ્ઞાન છે.

અહીં શ્રીમદ્ ભાગવતમાં સર્વત્ર જ્ઞાન અને ભક્તિ એકાકાર બની ગયાં છે.

●---------●●●--------●●●---------●

સરસ્વતી નિકેતન આશ્રમ, જોધપર(નદી), વાયા-મોરબી, ૩૬૩૬૪૨, ફોન ૦૨૮૨૨-૨૯૨૬૮૮

## (૦૪) ગાંધીજીની દોઢ શતાબ્દી-૦૩
## ગાંધીજીના ખ્રિસ્તી સંબંધો અને ધર્મ મંથન

- હિરજી નાકરાણી

દક્ષિણ અફ્રિકાના નાતાલમાં રહેતા દાદા અબ્દુલ્લા શેઠનો કેસ લડવામાં મદદરૂપ થવા માટે ગાંધીજીને નાતાલ બોલાવ્યા. તેઓએ ૧૮૯૩ના એપ્રિલમાં સ્ટીમર મારફતે મુસાફરી શરૂ કરી. સૌ પ્રથમ લામુ, મોમ્બાસા, ઝાંઝીબાર થઈને તેઓ મે માસની આખરમાં નાતાલના ડરબન બંદરે ઉતર્યા. શેઠ તેમને લેવા આવેલા.

કેસ ટ્રાન્સવાલામાં ચાલતો હતો પણ તેમના અંગ્રેજ વકીલ એ.ડબલ્યુ બેકર પ્રિટોરિયા રહેતા હતા. તેમને મળવા ને કેસની વિગત સમજવા માટે ગાંધીજીને પ્રિટોરિયા મોકલ્યા. ૧૮૯૩ની સાલનું પ્રિટોરિયા સ્ટેશન ૧૯૧૪નું પ્રિટોરિયા સ્ટેશન જુદું જ હતું.

તેઓ પ્રથમ એક હોટલમાં ઉતર્યા હતા ને બીજા દિવસે સવારે મિ.બેકરને ત્યાં ગયા. મિ.બેકરને દાદા અબ્દુલ્લા શેઠે અગોતરો પરિચય આપી દીધો હતો એટલે અજાણ્યું લાગ્યું નહીં. બન્ને ભાવથી ભેટ્યા ગાંધીજી પોતાની આત્મકથાના બીજા ભાગના પ્રકરણ ૧૦માં લખે છે;

"મિ.બેકર વકીલ તેમ જ ધર્મચુસ્ત પાદરી હતા. હજુ તેઓ હયાત છે ને હાલ કેવળ પાદરીનું જ કામ કરે છે. વકીલાતનો ધંધો છોડી દીધો છે. પૈસે ટકે સુખી છે. તેમણે હજુ મારી સાથે પત્રવ્યવહાર કાયમ રાખ્યો છે. કાગળનો વિષય એક જ હોય છે. જુદી જુદી રીતે ખ્રિસ્તીધર્મની ઉત્તમતા વિશે પોતાના કાગળમાં મારી સાથે ચર્ચા કરે છે, અને ઈશુને ઈશ્વરના એકમાત્ર પુત્ર તરીકે સ્વીકાર્યાવિના અને તેને તારણહાર માન્યા વિના પરમ શાંતિ મળવાની નથી એ વસ્તુનું પ્રતિપાદન કરે છે.

અમારી પહેલી જ મુલાકાત દરમિયાન મિ.બેકરે ધર્મ સંબંધી મારી મનોદશા જાણી લીધી. મેં તેમને કહી દીધું: "હું જન્મે હિન્દુ છું. એ ધર્મનું પણ મને બહુ જ્ઞાન નથી બીજા ધર્મોનું ઓછું જ્ઞાન છે. હું ક્યાં છું, હું શું માનું છું, મારે શું માનવું જોઈએ, એ બધું હું જાણતો નથી. મારા પોતાના ધર્મનું ઊંડાણથી નિરીક્ષણ કરવા ઈચ્છું છું. બીજા ધર્મોનો પણ અભ્યાસ યથાશક્તિ કરવાનો મારો ઈરાદો છે.

આ બધું સાંભળીને મિ.બેકર રાજી થયા અને મને કહ્યું; 'હું પોતે સાઉથ આફ્રિકા જનરલ મિશનનો એક ડિરેક્ટર છું. મારે પોતાને ખરચે મેં એક દેવળ બાંધ્યું છે. તેમાં વખતો વખત હું ધર્મના વ્યાખ્યાનો આપું છું. હું રંગભેદ માનતો નથી. મારી સાથે કેટલાક સાથીઓ પણ કામ કરનારા છે. અમે હંમેશા એક-જગ્યાએ થોડી મિનિટ મળીએ છીએ અને આત્માની શાંતિ તેમજ પ્રકાશ (જ્ઞાનનો ઉદય)ને ખાતર પ્રાર્થના કરીએ છીએ. એમાં તમે આવશો તો હું રાજી થઈશ. ત્યાં મારા સાથીઓની પણ તમને ઓળખાણ કરાવીશ. તેઓ બધા તમને મળીને રાજી થશે. અને તમને પણ તેમનો સમાગમ ગમશે. એવી મારી ખાતરી છે. હું કેટલાંક ધર્મ પુસ્તકો પણ તમને વાંચવા આપીશ. પણ ખરું પુસ્તક તો બાઈબલ જ છે. તે વાંચવા મારી તમને ખાસ ભલામણ છે.

ગાંધીજીના મનમાં એક સંશય પેદા થયો; 'મિસ્ટર બેકરની મિત્રાચારીનો શો અર્થ હોય શકે? એમના ધર્મગુરુઓ પાસેથી હું શું મેળવીશ ? મારે ખ્રિસ્તી ધર્મના અભ્યાસમાં ક્યાં સુધી જવું ? હિન્દુ ધર્મનું સાહિત્ય ક્યાંથી મેળવવું ? તે જાણ્યા વિના ખ્રિસ્તી ધર્મનું સ્વરૂપ મારાથી કેમ જાણી શકાય ? એક જ નિર્ણય કરી શક્યોઃ મારે જે અભ્યાસ પ્રાપ્ત થાય તે નિષ્પક્ષપાત પણે કરવો અને મિ.બેકરના સમુદાયને તે તે વખતે ઈશ્વર સુઝાડે તે જવાબ આપી દેવો. મારો ધર્મ હું પૂરો સમજી ન શકું ત્યાં લગી મારે બીજા ધર્મોનો સ્વીકાર કરવાનો વિચાર ન કરવો. આમ વિચાર કરતા હું નિંદ્રાવશ થયો.

બીજા દિવસે એક વાગ્યે હું મિ.બેકરની પ્રાર્થના સભામાં ગયો. ત્યાં મિસ હેરિસ, મિસ ગેબ, મિ.કોટ્સ

આદિની ઓળખાણ થઈ. બધાએ ઘૂંટણિયે પડીને પ્રાર્થના કરી. મે પણ તેમનું અનુકરણ કર્યું. પ્રાર્થનામાં જેની જે ઈચ્છામાં આવે તે ઈશ્વર પાસે માગે. દિવસ શાંતિથી ગયો, ઈશ્વર અમારાં હૃદયનાં દ્વાર ખોલો ઈત્યાદિ તો હોય જ મારે સારું પણ પ્રાર્થના થઈ; "અમારી વચ્ચે જે નવો ભાઈ છે તેને તું માર્ગ બતાવજે. જે શાંતિ તે અમને આપી છે તે તેને પણ આપજે. જે ઈશુએ અમને મુક્ત કર્યા છે તે તેને પણ મુક્ત કરો. આ બધું અમે ઈશુને નામે માગીએ છીએ આ પ્રાર્થનામાં ભજનકીતર્ન નહીં. માત્ર કંઈક માગણી ઈશ્વર પાસે કરવી ને નોખા પડવું. સહુને બપોરનું ખાણું ખાવાનો આ વખત એટલે સહુ આમ પ્રાર્થના કરી પોતે પોતાના ખાણા સારુ જાય. પ્રાર્થનામાં પાંચ મિનિટથી વધારે ન જ જાય.

મિસ હેરિસ અને મિસ ગેબ એ બે પીઢ કુમારીકાઓ હતી. મિ.કોટ્સ કવેકર હતા.આ બે બાઈઓ સાથે રહેતી. તેમણે મને દર રવિવારે તેમને ત્યાં ચાર વાગ્યાની ચા લેવાને સારું નોતર્યા. મિ.કોટ્સ મળે ત્યારે દર રવિવારે મારે તેમને અઠવાડિયાની ધાર્મિક રોજનીશી સંભળાવવાનું હોય. શાં શાં પુસ્તકો વાંચ્યા. મારા મન ઉપર તેની શી અસર થઈ, એ ચર્ચા કરીએ. આ બાઈઓ પોતાના મીઠાં અનુભવો સંભળાવે અને પોતાની પરમ શાંતિની વાત કરે.

મિ.કોટ્સ એક નિખાલસ મનના ચુસ્ત જવાન ક્વેકર હતા.તેમની સાથે મારો સંબંધ ગાઢ થયો. અમે ઘણી વેળા ફરવા પણ જઈએ. તે મને બીજા ખ્રિસ્તીઓને ત્યાં લઈ જાય. કોટ્સે મને પુસ્તકોથી લાદ્યો. જેમ જેમ તે મને ઓળખતા જાય તેમ તેમ તેમને યોગ્ય લાગે તે પુસ્તકો વાંચવા મને આપે. મેં પણ કેવળ શ્રદ્ધાથી તે તે પુસ્તકો વાંચવા કબૂલ કર્યું. આ પુસ્તકોની અમે ચર્ચા પણ કરીએ.

આવાં પુસ્તકો મેં સન ૧૮૯૩ના વર્ષમાં ઘણાં વાંચ્યાં. તેમાંના બધાના નામ તો મને યાદ નથી. પણ તેમાં સીટી ટેમ્પલવાલા દા પાકરની ટીકા પિયર્સનનાં મેનિ ઈનફોલીબલ પ્રુફ્સ, બટલરની એનેલોજી ઈત્યાદિ હતા. આમાંનું કેટલુંક ન સમજાય કેટલુંક ગમે, કેટલુંક ન ગમે. આ બધું કોટ્સને હું સંભળાવું. મેનિ ઈનફોલિબલ પુફ્સ એટલે ઘણા સચોટ પુરાવા; એટલે કે બાઈબલમાં જે ધર્મ કર્તાએ જોયો તેના સમર્થનના પુરાવા. આ પુસ્તકની મારા ઉપર કંઈ જ છાપ ન પડી. પારકરની ટીકા નીતિવિષયક ગણી શકાય. પણ જેને ખ્રિસ્તી ધર્મની ચાલુ માન્યતાઓ વિશે શંકા હોય તેને મદદ કરે તેવી નહોતી. બટલરની 'એનેલોજી' બહુ ગંભીર અને કઠણ પુસ્તક લાગ્યું. તે પાંચ-સાત વાર વાંચવું જોઈએ. તે નાસ્તિકને આસ્તિક બનાવવા સારું લખાયેલું પુસ્તક જણાયું. તેમાંની ઈશ્વરની હસ્તી વિશે રજુ કરવામાં આવેલી દલીલનો મને ઉપયોગ નહોતો. કેમકે આ સમય મારો નાસ્તિકનો નહોતો, પણ જે દલીલો ઈશુના અદ્વિતીય અવતાર વિશે ને તેના મનુષ્ય અને ઈશ્વર વચ્ચે સંધિ કરનાર હોવા વિશે હતી. તેની છાપ મારા મન પર ન પડી.

પણ કોટ્સ કંઈ હારે એમ નહોતા. તેમની માયાનો પાર નહોતો. તેમણે મારા ગળામાં વૈષ્ણવની કંઠી જોઈ. તેમને આ વહેમ લાગ્યો ને તે જોઈ દુ:ખ થયું. આ વહેમ તારા જેવાને ન શોભે, લાવ ને તાડું.'

'એ કંઠી ન તૂટે માતુશ્રીની પ્રસાદી છે.'

'પણ તમે તેને માનો છો ?'

એનો ગૂઢાર્થ હું જાણતો નથી. એ ન પહેરું તો મારું અનિષ્ટ થાય એવું મને નથી લાગતું પણ જે માળા મને માતુશ્રીએ પ્રેમપૂર્વક પહેરાવી, જે પહેરાવવામાં તેણે મારું શ્રેય માન્યું. તેનો વિના કારણ હું ત્યાગ નહીં કરું. કાળે કરીને તે જીર્ણ થઈ તૂટીજશે ત્યારે બીજી મેળવી પહેરવાનો મને લોભ નહીં રહે. પણ આ કંઠી ન તૂટે.

કોટ્સ મારી દલીલની કદર ન કરી શક્યા, કેમકે તેમને તો મારા ધર્મ ને વિશે જ અનાસ્થા હતી. તે તો મને અજ્ઞાન કૂપમાંથી ઉગારવાની આશા રાખતા હતા. અન્ય ધર્મોમાં ભલે કંઈક સત્ય હોય, પણ પૂર્ણ સત્યરૂપ ખ્રિસ્તી ધર્મના સ્વીકાર વિના મોક્ષ ન જ મળે અને ઈશુની દરમિયાનગીરી વગર પાપપ્રક્ષાલન થાય જ નહીં ને પુણ્યકર્મો બધા નિરર્થક છે, એ તેમને બતાવવું હતું. કોટ્સે જેમ પુસ્તકોનો પરિચય કરાવ્યો તેમ જેમને તે ધર્મચુસ્ત ખ્રિસ્તી માનતા હતા. તેમનો પરિચય પણ કરાવ્યો.

આ પરિચયોમાં એક 'પ્લીમથ બ્રધરન'નું કુટુંબ હતું.

પ્લીમથ બ્રધરન' નામનો એક ખ્રિસ્તી સંપ્રદાય છે. કોટ્સે કરાવેલા ઘણા પરિચયો મને સારા લાગ્યા. તે માણસો ઈશ્વરથી ડરનારા હતા એમ લાગ્યું. પણ આ કુટુંબમાં મારી સાથે આવી દલીલ થઈ; ''અમારા ધર્મની ખૂબી જ તમે ન સમજી શકો. તમારા બોલાવા ઉપરથી હું જોઉં છું કે, તમારે હંમેશા ક્ષણે ક્ષણે તમારી ભૂલનો વિચાર કરવો રહ્યો, પ્રાયશ્ચિત કરવું રહ્યું. આ ક્રિયાકાંડમાંથી તમે કયારે મુક્તિ પામો ? તમને શાંતિ તો જ મળે. આપણે પાપી છીએ એ તો તમે કબૂલ કરો જ છો. હવે જુઓ અમારી માન્યતાની પરિપૂર્ણતા. આપણો પ્રયત્ન ફોગટ છે છતાં મુક્તિ તો જોઈએ જ. પાપનો બોજો કેમ ઉપડે ? આપણે તે ઈશુ ઉપર ઢોળીએ. તે તો ઈશ્વરનો એક માત્ર નિષ્પાય પુત્ર છે. તેનું વરદાન છે કે જેઓ તેને માને તેનાં પાપ તે ધુએ છે. ઈશ્વરની આ અગાધ ઉદારતા છે. ઈશુની આ મુક્તિની યોજનાઓનો અમે સ્વીકાર કર્યો છે. તેથી અમને અમારા પાપ વળગતા નથી. પાપ તો થાય જ છે. આ જગતમાં પાપ વિના કેમ રહેવાય ? તેથી જ ઈશુએ આખા જગતના પાપનું એકીવખતે પ્રાશ્ચિત કર્યું; જેને એના મહાબલિદાનનો સ્વીકાર કરવો હોય તે તેમ કરીને શાંતિ મેળવી શકે છે. ક્યાં તમારી અશાંતિ ને કયાં અમારી શાંતિ ? તેઓ આગળ કહે છે;

'મને આ દલીલ મુદ્લ ગળે ન ઉતરી. મેં નમ્રતા પૂર્વક જવાબ વાળ્યોઃ 'જો સર્વમાન્ય ખ્રિસ્તી ધર્મ આ હોય તો તે મારે ન ખપે. હું પાપના પરિણામથી મુક્તિ નથી માગતો હું તો પાપવૃત્તિમાંથી, પાપી કર્મમાંથી મુક્તિ માગું છું. તે ન મળે ત્યાં લગી મારી અશાંતિ મને પ્રિય રહેશે.'

પ્લીમથ બ્રધરે ઉત્તર આપ્યો. 'હું તમને ખાતરી આપું છું કે તમારો પ્રયત્ન ફોગટ છે. મારું કહેવું ફરી વિચારજો.'

અને આ ભાઈએ જેવું કહ્યું તેવું પોતાના વર્તનમાં કરી પણ બતાવ્યુંઃ ઈરાદાપૂર્વક અનીતિ કર્યાનું દર્શન કરાવ્યું.

પણ કંઈ બધા ખ્રિસ્તીની આવી માન્યતા નહોય. એટલું તો હું પરિચયો પૂર્વે જાણી શકયો હતો. કોટ્સ પોતે જ પાપથી ડરીને ચાલનારા હતા. તેમનું હૃદય નિર્મળ હતું. તે હૃદયશુધ્ધિની શક્યતા માનનાર હતા. પેલી બહેનો પણ તેવી જ હતી. મારા હાથમાં આવેલાં પુસ્તકોમાંના કેટલાંક ભક્તિપૂર્ણ હતાં. તેથી આ પરિચયથી કોટ્સને થયેલો ગભરાટ મેં શાંતપાડ્યો ને ખાતરી આપી કે એક પ્લીમથ બ્રધરની અનુચિત માન્યતાથી હું ખ્રિસ્તી ધર્મ સામે ભરમાઈ જાઉં તેમ નથી. મારી મુશ્કેલીઓ તો બાઈબલ વિશે ને તેના રૂઢ અર્થ વિશે હતી.

આટ આટલું કરવા છતાં ગાંધીજી મિ.બેકરના પ્રભાવથી પણ ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરવામાં પીગળ્યા નહીં એટલે ગાંધીજીના ભવિષ્ય બાબત મિ. બેકરની ચિંતા વધતી જતી હતી. એટલે છેવટે પ્રોટેસ્ટન્ટ ખ્રિસ્તીઓમાં થોડે થોડે વર્ષ ધર્મજાગૃતિ એટલે કે આત્મશુધ્ધિ માટે વિશેષ પ્રયત્નો કરવામાં આવતા હોય છે. આને ધર્મની પુનઃ પ્રતિષ્ઠા અથવા ધર્મના પુનરુધ્ધારના નામે ઓળખવામાં આવે છે. આવું એક સંમેલન વેલિંગ્ટનમાં મળવાનું હતું. આ સંમેલનના સભાપતિ ત્યાંના પ્રખ્યાત ધર્મનિષ્ઠ પાદરી રેવરંડ એન્ડુમેરે આવવાના હતા. મિ.બેકરને એવી આશા હતી કે આ સંમેલનમાં થનારી જાગૃતિ તેમાં આવનારા લોકોનો ધાર્મિક ઉત્સાહ અને તેમની નિખાલસતા ગાંધીજીના હૃદય પર એવી ઊંડી અસર પાડશે કે ગાંધીજી ખ્રિસ્તી થયા વગર નહીં રહી શકે.

મિ.બેકરને પ્રાર્થનાની શક્તિ ઉપર અપાર શ્રધ્ધા-વિશ્વાસ હતો. એટલે અંતઃકરણપૂર્વક કરેલી પ્રાર્થના ઈશ્વર જરૂર સાંભળતો હોય છે. મિ.બેકર આ શામળા સાથીને લઈને વેલિંગ્ટન ગયા. પણ હોટેલના માલિકે હોટેલમાં જમવા દેવાની ના પાડી. મિ.બેકર તો વકીલ હતા. તેઓ એમ નમતુ જોખે તેવા ન હતા. હોટેલમાં ઉતરનારના હક્ક અંગે તેઓ મક્કમ હતા.

સંમેલનમાં મિ.મેરે સાથે મુલાકાત પણ થઈ. તેમના માટે ઘણા પ્રાર્થના કરતા હતા અને કેટલાંક મધુર ભજનો પણ ગવાયા. સંમેલન ત્રણ દિવસ ચાલ્યું. સેંમેલનમાં આવનારા શ્રધ્ધાળુઓનું ધાર્મિકતાની કદર પણ ગાંધીજી કરી શક્યા. તેઓ આત્મકથામાં લખે છેઃ 'પણ મને મારી માન્યતામાં મારા ધર્મમાં ફેરફાર કરવાનું કારણ ન મળ્યું. હું મને ખ્રિસ્તી કહેવડાવીને જ સ્વર્ગે જઈ શકુ કે મોક્ષ મેળવી શકુ એવું મને ન જણાયું. આ વાત મે જયારે ભલા ખ્રિસ્તી

મિત્રોને કહી ત્યારે તેમને આઘાત તો પહોચ્યો, પણ હું લાચાર હતો. તેઓ આગળ કહે છેઃ

મારી મુશ્કેલી ઊંડી હતી. ઈશુ ખ્રિસ્ત એ જ એક ઈશ્વરનો પુત્ર છે. તેને જે માને તે તરે' એ વાત મને ગળે ન ઉતરે. ઈશ્વરને જો પુત્રો હોઈ શકે તો આપણે બધા તેના પુત્રો છીએ. ઈશુ જો ઈશ્વરસમ હોય, ઈશ્વર જ હોય, તો મનુશ્યમાત્ર ઈશ્વરસમ છે. ઈશ્વર થઈ શકે ઈશુના મૃત્યુથી ને તેના લોહીથી જગતના પાપ ધોવાય એ અક્ષરશઃ અર્થમાં માનવા બુદ્ધિ તૈયાર જ ન થાય રૂપક તરીકે તેમાં સત્ય ભલે હોય. વળી ખ્રિસ્તી માન્યતા મુજબ મનુષ્ય ને જ આત્મા છે, બીજા જીવોને નથી. અને દેહના નાશની સાથે તેમનો સર્વથા નાશ થઈ જાય છે ત્યારે મારી માન્યતા આથી વિરુધ્ધ હતી. ઈશુને એક ત્યાગી, મહાત્મા, દૈવી શિક્ષક તરીકે હું સ્વીકારી શકતો હતો પણ તેને અદ્વિતીય પુરુષ તરીકે નહોતો સ્વીકારી શકતો. ઈશુના મૃત્યુથી જગતને ભારે દૃષ્ટાંત મળ્યું. પણ તેના મૃત્યુમાં કંઈ ગુહ્ય ચમત્કારી અસર હતી એમ મારું હૃદય સ્વીકારી નહોતું શકતું. ખ્રિસ્તીઓના પવિત્ર જીવનમાંથી મને એવું ન મળ્યું કે જે બીજા ધર્મિઓના જીવનમાંથી નહોતું મળતું. તેમના પરિવર્તન જેવાં જ પરિવર્તન બીજાના જીવનમાં થતા મેં જોયા હતા. સિધ્ધાંતની દૃષ્ટિએ ખ્રિસ્તી સિધ્ધાંતોમાં મે અલૌકિકતા ન ભાળી. ત્યાગની દૃષ્ટિએ હિન્દુધર્મિઓનો ત્યાગ મને ચડતો જણાયો. ખ્રિસ્તી ધર્મને હું સંપૂર્ણ અથવા સર્વોપરી ધર્મ તરીકે ન સ્વીકારી શક્યો.

આ હૃદયમંથન મે પ્રસંગો આવતા ખ્રિસ્તી મિત્રોની પાસે મૂક્યું. તેનો જવાબ તેઓ મને સંતોષે તેવો ન આપી શક્યા.

હું પણ જેમ ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર ન કરી શક્યો, તેમ હિન્દુ ધર્મની સંપૂર્ણતા વિશે અથવા તેના સર્વોપરીપણા વિશે પણ હું ત્યારે નિશ્ચિત ન કરી શક્યો. હિન્દુધર્મની ત્રુટીઓ મારી નજર આગળ તર્યા કરતી હતી. અસ્પૃશ્યતા જો હિન્દુ ધર્મનું અંગ હોય તો તે સડેલું ને વધારાનું અંગ જણાયું. અનેક સંપ્રદાયો, અનેક નાતજાતની હસ્તી, હું સમજી ન શક્યો. વેદ જ ઈશ્વરપ્રણીત એટલે શું ? વેદ ઈશ્વરપ્રણીત તો બાઈબલ અને કુરાન કાં નહીં ?

જેમ ખ્રિસ્તી મિત્રો મારા ઉપર અસર કરવા મથી રહ્યા હતા તેમ મુસલમાન મિત્રોનો પણ પ્રયત્ન હતો. અબ્દુલ્લા શેઠ મને ઈસ્લામનો અભ્યાસ કરવા લલચાવી રહ્યા હતા.

મેં મારી મુસીબતો રાયચંદભાઈ આગળ મૂકી. હિન્દુસ્તાનના બીજા ધર્મશાસ્ત્રીઓ સાથે પણ પત્રવ્યવહાર ચલાવ્યો.તેમના જવાબ ફરી વળ્યા. રાયચંદભાઈના પત્રથી મને કંઈક શાંતિ થઈ. તેમણે મને ધીરજ રાખવા ને હિન્દુ ધર્મનો ઊંડો અભ્યાસ કરવાની ભલામણ કરી. તેમના એક વાક્યનો ભાવાર્થ આ હતોઃ

"હિન્દુ ધર્મમાં જે સૂક્ષ્મ અને ગૂઢ વિચારો છે, આત્માનું નિરીક્ષણ છે, દયા છે, તેવું બીજા ધર્મમાં નથી. એવી નિષ્પક્ષપાત પણે વિચારતાં મને પ્રતીતિ થઈ છે."

મેં સેલનું કુરાન ખરીદીને વાંચવાનું શરૂ કર્યું. બીજા પણ ઈસ્લામી પુસ્તકો મેળવ્યાં. વિલાયતના ખ્રિસ્તી મિત્રો સાથે પત્ર વ્યવહાર ચલાવ્યો. તેમાના એકે એડવર્ડ મેટલેંડની સાથે ઓળખ કરાવી. તેમની સાથે પત્ર વ્યવહાર ચાલ્યો. તેમણે એના કિંગ્સફર્ડની સાથે મળીને 'પરફેક્ટ વે' (ઉત્તમ માર્ગ) નામનું પુસ્તક લખ્યું હતું તે મને વાંચવા મોકલ્યું. પ્રચલિત ખ્રિસ્તી ધર્મનું તેમાં ખંડન હતું. 'બાઈબલનો નવો અર્થ' નામનું પુસ્તક પણ તેમણે મને મોકલ્યું. આ પુસ્તકો મને ગમ્યાં. તેમાંથી હિન્દુ મતને પુષ્ટિ મળી. ટોલ્સટોયના 'વૈકુઠ તારા હૃદયમાં છે' (ધ કિંડમ ઓફ હેવન ઈન યોર હાર્ટ વિધિન યૂ) નામના પુસ્તકે મને ઘેર્યો. તેની છાપ મારા ઉપર બહુ ઊંડી પડી. આ પુસ્તકની સ્વતંત્ર વિચારશૈલી તેની પ્રોઢનીતિ, તેના સત્ય આગળ મિ.કોટ્સે આપેલાં બધાં પુસ્તકો શુષ્ક લાગ્યાં.

આમ મારો અભ્યાસ ખ્રિસ્તી મિત્રો ન ઈચ્છે તે દિશામાં મને લઈ ગયો. એડવર્ડ મેટલેંડ સાથે મારો પત્ર વ્યવહાર ઠીક લંબાયો, કવિ (રાયચંદભાઈ)ની સાથે તો છેવટ સુધી ટક્યો. તેમણે કેટલાંક પુસ્તકો મોકલ્યાં તે પણ મેં વાંચ્યાં. તેમાં પંચીકરણ મણિરત્નમાળા, યોગવાસિષ્ઠનું મુમુક્ષુ પ્રકરણ, હરિશ્ચંદ્રસૂરીનું ષડ્દર્શનસમુચ્ચય ઈત્યાદિ હતાં.

આમ જોકે હું ખ્રિસ્તી મિત્રોએ ન ધારેલા માર્ગે ચડ્યો

છતાં તેમના સમાગમે મારામાં જે ધર્મ જિજ્ઞાસા જાગૃત કરી તેને સારુ તો હું તેમનો સદાયનો ઋણી બન્યો. એ મારો સંબંધ મને હંમેશા યાદ રહી જશે. તેવા મીઠા અને પવિત્ર સંબંધો ભવિષ્યમાં વધતા ગયા, પણ ઘટ્યા નહીં.

ગાંધીજીના 'વ્યાપક ધર્મ ભાવના' પુસ્તકના પ્રકરણ-૨ પાન ૪૦ ઉપર જે નોંધ તેમણે પોતે કરી છે તે આ મુજબ છે.

હું મુસલમાન કેમ થતો નથી ?

એક મુસલમાને ગાંધીજીને એક પ્રશ્ન પૂછ્યો તેનો જવાબ તેમણે તા.૫-૧૦-૧૯૨૪ના નવજીવનના અંકમાં આ રીતે આપ્યો.

પ્રશ્નઃ- આપનો દાવો છે કે "હું સત્ય શોધક, સત્ય ચાહક, ને સત્યાગ્રહક છું" સાથે સાથે આપે એમ પણ લખ્યું છે કે ' ઈસ્લામ જૂઠો ધર્મ નથી' ખુદાનું ખાસ ફરમાન છે કે દુનિયાના દરેક માણસે ઈસ્લામ ધર્મ સ્વીકારવો. છતાં આપ મુસલમાન કેમ થતા નથી ? એક હિન્દુ આગેવાનનું જ્યારે મે વધારા નં-૧૪ તરફ ધ્યાન ખેંચ્યું ત્યારે તેમણે કહ્યું કે, એ તો ગાંધીજીએ મુસલમાનોને રાજી રાખવા લખ્યું છે. ગાંધીજીના દિલમાં ઈસ્લામી મહોબ્બત નથી.

જવાબઃ- આ ભાઈએ આગ્રહ પૂર્વક જવાબ માંગ્યો છે. જેટલું જૂઠું ન હોય તેટલું દરેક માણસે કરવું જોઈએ એવો ધર્મ ક્યાંય સાંભળ્યો નથી. જેમ હું ઈસ્લામને જૂઠો ધર્મ નથી માનતો તેમ જ હું ઈસાઈ, પારસી, યહૂદી ધર્મોને જૂઠા નથી માનતો. ત્યારે મારે ક્યો ધર્મ કબૂલ કરવો ? વળી હું હિન્દુ ધર્મને પણ જૂઠો નથી માનતો. ત્યારે મારા જેવા સત્ય શોધકે શું કરવું ? મેં તો ઈસ્લામની ખૂબીઓ જોઈ તેથી તે ધર્મ જૂઠો નથી એમ કહ્યું. એ કહેવાની જરૂર જણાય, કેમકે, ઈસ્લામ પર હુમલા થયેલા છે ને મુસલમાન ભાઈઓની સાથે મિત્રતા રાખવા ઈચ્છુ છું તેથી મેં તેમના ધર્મનો બચાવ કર્યો. સહુને પોત-પોતાના ધર્મ સર્વથી શ્રેષ્ઠ લાગે છે તેથી જ તેમાં તે રહે છે. તે ન્યાયે હિન્દુ ધર્મ મને જૂઠો નથી લાગતો, એટલું જ નહીં પણ તે મને તો સર્વથી શ્રેષ્ઠ લાગે છે. તેથી બાળક જેમ માતાને વળગી રહે છે તેમ હું મારા ધર્મને વળગી રહું છું. પણ બાળકો જેમ પરમાત્માનો તિરસ્કાર નથી કરતાં તેમ હું પણ પરધર્મોનો તિરસ્કાર નથી કરતો. મારા ધર્મ પ્રત્યેનો મારો પ્રેમ બીજાઓના પોતાના ધર્મ પ્રત્યેના પ્રેમને સમજતાં મને શીખવે છે. અને એમ દરેક હિન્દુ મુસલમાન શીખો એવી મારી પ્રાર્થના હમેશાં ઈશ્વરના દરબારમાં પહોંચે છે.

ગાંધીજી પોતાની ધર્મશ્રધ્ધા અંગે ખુલાસો કરતાં 'વ્યાપક ધર્મભાવના' પુસ્તકના ખંડ-૨ પાના ૪૮માં લખે છે.

"જ્યારે મારા મનની આસ-પાસ ગાઢો વાદળ ઘેરાય છે, જ્યારે નિરાશા અને શંકાના તોફાનો તૂટી પડવાનો ભય રહે છે, ત્યારે ગિરિઉપરના પ્રવચન તરફ હું નથી વળતો, પણ સહજ રીતે હૂંફ, આરામ, આશ્વાસન શોધવા ગીતા અને ઉપનિષદ તરફ જ મારું મન દોડ્યું છે. અને મને ત્યાંથી એકાદ ઉદ્ધારક શ્લોક મળી રહ્યો છે ને છે જ. આ સ્થિતિ રહી એટલે મારી તે બંને માટેની અને હિન્દુ ધર્મને માટેની લગની કેમ છૂટે ?

પણ હું ત્યાંથી જ અટકી ન રહ્યો મેં બધા ધર્મોનો અભ્યાસ કર્યો. કુરાન વાંચ્યું, ઝંદ અવસ્તા વાંચ્યું, યહૂદીઓના ધર્મ પુસ્તકો પણ પઢ્યો. પણ આખરે મારા ઉપર અસર એ થઈ કે સૌ ધર્મો યથાર્થ છતાં અપૂર્ણ છે. અપૂર્ણ એટલા માટે છે કે આપણે તે સૌના સિધ્ધાંતોનો અપૂર્ણ બુદ્ધિથી અર્થ કરવા બેસીએ છીએ. દરેક ધર્મમાં ટીકાઓ અને ભાષ્યો છે. એક ભાષ્ય કાંઈ કહે તો બીજું કાંઈ કહે. ગીતાની ઉપર પણ અનેક ભાષ્યો અને ઉપનિષદ પર પણ, હું તો એ બધા ભાષ્યોથી અને ટીકાઓથી કંટાળ્યો, ત્રાસ્યો અને ભાગી છૂટ્યો, અને બોલ્યો, 'અરે જીવ! આમાં તારો પત્તો ન લાગે, તું તારા હૃદયને જે સ્પર્શ કરે તેને વળગ. તું નિર્બળ થઈને હૃદયનાથને શરણજા; અમારા શસ્ત્રોનો નિષ્કર્ષ નિર્બલ કે બલરામ માં આવી જાય છે.'

ખ્રિસ્તી ધર્મ અંગે ગાંધીજી સાથે થયેલ પ્રશ્નોત્તરી. (વ્ય.ધ.ભા. પાના.૭૬)

પ્રશ્નઃ- જે માણસ ઊંડા વિચાર ને પ્રાર્થના પછી કહે,

**(અનુસંધાન પાના નં. ૪૨૫ ઉપર)**

## (૦૫) મૂઠી ઊંચેરા માનવી

**- કુમાર પ્રશાંત, અનુઃ મોહન દાંડીકર**

રમતનું મેદાન હતું એ. હતું એવી જગ્યાએ જ્યાં રમવા લાયક બીજું કોઈ મેદાન બચ્યું જ નહોતું. હિંસા, લૂટ, અવિશ્વાસ, ગરીબી, શોષણ, અસમાનતાની ખાઈઓ જ ખાઈઓ હતી બધે. જેનાથી દરેક મેદાન ભરેલું હતું. રાજકારણનું પણ, સમાજનું પણ અને મનનું પણ!.. એવે વખતે આ જણ ૨૭-૨૭ વરસનો કારાવાસ ભોગવીને બહાર આવ્યો હતો.

થવું તો એવું જોઈતું હતું કે પોતાની ઉંમર અને પોતાના સ્વાસ્થ્યની ચિંતા કરતાં કરતાં એમણે ઘરે જ બેસી રહેવું જોઈતું હતું. પણ આ માણસ દરેક ખાઈઓમાં ખંડિયેરોમાં પગ મૂકી રહ્યો હતો. ઝેર પી રહ્યો હતો. અને ખાઈઓને ઓળંગી પણ રહ્યો હતો. અલ્પસંખ્યક ગોરિયાઓના તાબામાં દક્ષિણ આફ્રિકાના અશ્વેત નાગરિકો ઘણા લાંબા વખતથી ગુલામી, અપમાન અને અજ્ઞાનતાનું જીવન જીવી રહ્યા હતા. ક્રોધ, ધૃણા અને બદલો લેવાની ભાવના મનમાં ભારોભાર ભરેલી હતી. સામે શ્વેત નજર પણ એટલી જ હિંસક હતી. આ બધાને ખુલ્લા મેદાનમાં છૂટથી રમવા દેવાનો એક જ અર્થ થાય - હિંસાના મહાસાગરમાં તરતો-ડૂબતો આ દેશ છિન્નભિન્ન થઈ જાય. જેમ આપણે આપણું હિંદુસ્તાન ખોઈ નાખ્યું હતું. એ શોકાંતિકાથી બચવાનું હતું. ખબર નંઈ, કઈ દૃષ્ટિએ જોયું એણે અને વિચાર્યું કે શું રમતના મેદાનમાં કોઈ એવી રમત ન રમી શકાય કે જે દેશમાં ઝેર ઓછું કરી શકે ! બધાને સંગઠિત થવાની તાકાત બની શકે !

૧૯૮૫માં રગ્બીવર્લ્ડકપની ફાઈનલ મેચ રમાઈ રહી હતી. દક્ષિણ આફ્રિકાની ગોરા ખેલાડીઓની સ્પ્રિંગબોક્સ ટીમ અને ન્યુઝિલેન્ડની વિશ્વ વિજેતા ટીમ વચ્ચે, રાષ્ટ્રીય સ્વાભિમાનની હરીફાઈ હતી, અને એ માણસ એ જ ગડમથલમાં હતો. આજે એ એવું શું કરે કે જેનાથી આ ખાઈ પૂરી શકાય ! દક્ષિણ આફ્રિકાનો ગોરો કપ્તાન ફ્રંકોઈસ પણ ભારે દ્વિધામાં હતો. આજે એણે એક અશ્વેત માણસની સામે નતમસ્તકે ટ્રોફીનો સ્વીકાર કરવો પડશે ! ભલે પછી એ વિજયની ટ્રોફી હોય કે રનર્સઅપની ટ્રોફી હોય ! એને એવું લીગી રહ્યું હતું કે એને માટે આ બેવડા પરાજયની ક્ષણ આવી રહી છે. ત્યાં અચાનક અણધાર્યું બની ગયું !

દક્ષિણ આફ્રિકાએ વિશ્વકપ જીતી લીધો ! ચારે બાજુ હર્ષોલ્લાસ ફેલાઈ ગયો. ભાવવેશથી ભરપૂર ફ્રંકોઈસને જ્યારે ટ્રોફી લેવા પહોચ્યાં ત્યારે એને પ્રેમ અને ગૌરવથી ભરેલો એક અવાજ સંભળાયો- "ખૂબ ખૂબ અભિનંદન ફ્રંકોઈસ. આજે તમે આ દેશનું નાક રાખ્યું ...! આ દેશનું ગૌરવ વધારી દીધું!!" - અને મેં જોયું તો સામે મંડેલા ઊભા હતા ! ટ્રોફી એમના હાથમાં હતી. અને કોઈ બાળકની જેમ તેઓ હરખથી એને જોઈ રહ્યા હતા. પછી અચાનક મેં જોયું અરે, આ શું ? તેઓ ૬ નંબરનું મારું જ લીલારંગનું જિન્સ પહેરીને ઊભા હતા !... નેલ્સન મંડેલા ! રાષ્ટ્રપતિ નેલ્સન મંડેલા... મારા જેવા એક સામાન્ય ગોરા ખેલાડીનું જિન્સ પહેરીને! અને મને પ્રેમથી ટ્રોફી અર્પણ કરી રહ્યા હતા. જેમને વિશે કોણ જાણે કેટલીય આશંકાઓ હતી મારા મનમાં !.. આ જ એક અશ્વેત માણસને કારણે દેશ એક થઈ શક્યો હતો. અમને ગોરાઓને એમણે કેટલી બધી સહજતાથી સ્વીકારી લીધા હતા. ક્ષમા કરવાની કોઈ હદ હોતી જ નથી. એ હું એમનામાં સાકાર થયેલી જોઈ રહ્યો હતો. આ એક ઔલિયાને પોતાની આ એક પહેલથી આખા દેશને મારી પાછળ ઊભો કરી દીધો. જે પહેલાં કદી એક હતો જ નહિ ! રમતથી લોકોને જોડી શકાય, સંગઠિત કરી શકાય. એવુ તો મેં કદી કલ્પેલું જ નહિ !..."

ફ્રંકોઈસનો લખેલો આ પ્રસંગ હું વાંચી રહ્યો હતો ત્યારે મારા મનમાં આપણા દેશની આઝાદીની લડતના દિવસોનો એક પ્રસંગ ઘુમરાય રહ્યો હતો. ઈંગ્લેન્ડની ક્રિકેટ ટીમ ભારતના પ્રવાસે આવી હતી. કાર્યક્રમ એવો

બનાવવામાં આવ્યો હતો કે આ ટીમ મહાત્મા ગાંધીને મળવા જશે. ટીમના કપ્તાન જાર્ડિન હતા. કદાચ એમને પણ કંઈક અટપટું લાગતું હતું. જે માણસની સામે એનો આખો દેશ, લડાઈમાં ઝઝૂમી રહ્યો હોય તે માણસ પાસે કેવી રીતે જશું ? પ્રશ્ન એ પણ હતો, એ માણસને ભેટમાં શું આપશું ? નક્કી થયું કે તમામ પ્રવાસી ખેલાડીઓના હસ્તાક્ષરવાળું એક બેટ આપણે આપવું. એ દિવસ પણ આવ્યો અને થયું પણ એવું જ. બોખા મોંથી ભરેલા ખડખડાટ હાસ્ય સાથે ગાંધીએ બ્રિટિશ સામ્રાજ્યવાદના પ્રતીક રમતવીરોનું પોતાના આશ્રમમાં ઉમળકાથી સ્વાગત કર્યું. પોતે ઈંગ્લેન્ડમાં રહ્યા તે દિવસોની અને તે વખતે જોયેલી ક્રિકેટની રમતની વાતો કરી. તે પછી ઈંગ્લેન્ડના કપ્તાને પોતાના તમામ ખેલાડીઓ વતી ૧૫ ખેલાડીઓના હસ્તાક્ષરવાળું એક બેટ ગાંધીજીને અર્પણ કર્યું. ગાંધીજી ખુશખુશ થઈ ગયા. બેટ એમણે ફેરવી ફેરવીને જોયું. આંખોમાં ચમક આવી ગઈ. ૧૫ ખેલાડીઓના હસ્તાક્ષરની એકદમ નીચે ૧૬મો નંબર આપીને એમણે પોતાના હસ્તાક્ષર કરી દીધા. પછી હસતાં હસતાં બ્રિટનના કપ્તાનને બેટ આપી દીધું. કપ્તાને લખ્યું છે- "ક્ષણેકમાં તો આખી રમત જ બદલાઈ ગઈ ! આ માણસે પોતાને પણ અમારી ટીમમાં સામેલ કરી દીધા. હવે અમે રમી તો શકતા હતા, લડી કેવી રીતે શકીએ !!"

--------

કેટલાયે શબ્દો, કેટલાંયે વિશેષણો, કેટલીયે ઉપમાઓ મનમાં ઘુમરાઈ રહી છે. જેને કદી જોયા નથી, જેનાથી હજારો માઈલ દૂર છીએ, તેમને, આટલા બધા નજીક હોવાનો અહેસાસ કેમ થાય છે ? તેઓ કદી મારા વિચાર જગતના, મારા કાર્યસંસારના નેતા પણ નથી રહ્યા, તેમ છતાં એવું કેમ લાગ્યા કરે છે ? દિશા થોડી ધુધળી થઈ ગઈ છે... એવું એટલા માટે લાગે છે કે કદાચ જે ગયા છે તે ક્યાંક ને ક્યાંક આપણી ભારતીય પરંપરામાં જેને ગુરુ કહીએ છીએ, એવી જગ્યા ઘેરતા હતા. આ જગ્યાનું ખાલી હોવું ક્યાંક આપણને પણ એકલા અને અધૂરા મૂકી જાય છે. નેલ્સન મંડેલા મારા જેવા કેટલાયના ગુરુ હતા. એવું માત્ર એટલા માટે નઈ કે તેઓ જેમને પોતાના ગુરુ માનતા હતા, તે મહાત્મા ગાંધી જોડે કંઈક આપણી પણ સગાઈ છે ! આમ તો આવા બીજા પણ ઘણા લોકો છે. પણ એમનામાંથી કોઈ એવો ભાવ નથી જગાડતો જે આ અદીઠ અને અપરિચિત માણસે આપણા જીવનમાં જગાડ્યો હતો.

મંડેલાની સાથે નવો નવો જ પરિચય થયો હતો. એ બધું જાણી ચૂક્યો હતો, વાંચી ચૂક્યો હતો. જે જાણવું, વાંચવું કોઈ મોટા માણસ વિશે જરૂરી હોય છે. તે પછી હું બંદી નેલ્સન મંડેલાનાં સંસ્મરણો વાંચતો હતો. ૨૭-૨૭ વરસનાં કારાવાસનાં સંસ્મરણો ! વાંચવા પહેલાં હું યાદ કરતો હતો. ગાંધીજી ક્યારેય આટલા લાંબા વખત સુધી જેલમાં નથી રહ્યાં. આ માણસ રહ્યો હતો. ગાંધીની જેમ જ સત્ય, અહિંસા... અભિનવક્રાંતિની ઉષ્માથી પ્રદીપ્ત કોઈ કવચ પણ નહોતું એમની પાસે. હિંસા અને બદલાની ભાવનાથી ભરેલા આતંકવાદી રસ્તાના રાહી હતા તેઓ તો. જયારે જેલમાં ગયા હતા ત્યારે. એટલા માટે હું એમના પુસ્તકમાં કંઈક બીજું જ શોધી રહ્યો હતો. ત્યાં મેં વાંચ્યું - "રેબનદ્વીપની જેલમાં એ એકાંત કાળકોઠડીમાં આટલાં વરસ વીતાવ્યા પછી પણ, જ્યાં મને આખા વરસમાં માત્ર એક જ માણસને મળવા દેવાની અને છ મહિનામાં માત્ર એક જ પત્ર મેળવવાની મંજૂરી હતી, ત્યાં માનવસ્વભાવની સારપ પરથી મારો વિશ્વાસ ક્યારેય ડગ્યો નંઈ. ના, કયારે નંઈ !" પછી ફરીવાર વાંચ્યું- વાંચવામાં કે સમજવામાં મેં ક્યાંય ભૂલ તો નથી કરીને ? પણ જે લખ્યું હતું તે એટલી પવિત્રતથી લખાયું હતું કે વાંચવામાં કે સમજવામાં ભૂલ થવાનો સંભવ જ નહોતો. મેં મારી અંદર આ વાક્યાનો ગણગણાટ સાંભળ્યો.

જેની સાથે કોઈએ કદી ક્યારેય સારો વર્તાવ કર્યો જ નહોતો. જેમને એમની ચામડીના રંગને કારણે જ હંમેશાં હડધૂત, તિરસ્કૃત, કરવામાં આવ્યા હતા. જેમણે ગોરી ચામડીના અહમની સામે ઝઝૂમવામાં કદી સાધનોની પવિત્રતાનો વિચાર જ નહોતો કર્યો, તેમનો, માનવ સ્વભાવની સારપ ઉપર વિશ્વાસ બેઠો કેવી રીતે ? ૨૭-૨૭ વરસ સુધી ટક્યો કેવી રીતે ? ... આ માણસે જાણે કે

એકદમ અંદરથી મને હલબલાવી નાખ્યો હતો. આ માણસને જ્યારે રેબનદ્વીપની જેલમાં મોકલ્યો હતો ત્યારે ત્યાં વસંત હતી. લાંબું કદ, પટ્ઠા જેવું કસાયેલું શરીર અને લાંબાં ડગ ભરતી તેજ કાયા, આ અશ્વેત નેતાના નામથી થથરતા હતા લોકો.અને જ્યારે ૨૭-૨૭ વરસનો જેલવાસ ભોગવીને આ માણસ બહાર આવ્યો ત્યારે વસંત જઈ ચૂકી હતી. લાંબું કદ કંઈક ઝૂકવા આવ્યું હતું. સમગ્ર વ્યક્તિત્વમાં ઉત્કંઠા હતી. ચહેરા પર પ્રભાતની કૂણી કૂણી જેરકી જેવું સ્મિત રેલાઈ રહ્યું હતું.

ગાંધીની વાત જવા દઈએ તો આ સદીમાં ક્ષમાની શક્તિનો આવો આરાધક નેલ્સન મંડેલા સિવાય બીજો કોઈ મળશે નહિ. કુલ ૯૫ વરસના જીવનમાં ૨૭ વરસ કારાવાસમાં વીતાવ્યા હતાં. ૫ વરસ સત્તા ભોગવી હતી. અને બાકીનાં ૬૩ વરસ અવિરામ યાત્રામાં હતા. આ યાત્રા ઘણું કરીને જેને અંધારાંમાં ફાંફાં મારવાનું કહે છે એવી હતી. પ્રકાશની શોધમાં પોતે જ પ્રકાશ બનવાનું હતું. આ યાત્રા એવી જ હતી. ગાંધીને પણ નેલ્સન મંડેલાએ શોધ્યા તે આ અનુભવયાત્રાના અનુસંધાને જ. એવા સંજોગોમાં જે મળે છે તે પાથેય બનીને જીવનભર આપણી સાથે રહે છે. આ યાત્રાની પૂરી અવધિમાં કેટલું બધું કામ કર્યું આ માણસે ! તોફાનોની વચ્ચે, પડતા કૂવાથંભને પકડી રાખીને, નવો કૂવાથંભ બાંધવાથી માંડીને, પોતાનું હોકાયંત્ર સ્થિર રાખવા સુધીનું કામ. અથાક અવિશ્રામ કામ ! એક એવો મુલકમાં જ્યાં રંગભેદને જાળવી રાખવો તે જ એકમાત્ર નાગરિક ગતિવિધિ હોય ! કોઈ અશ્વેત નારાજ યુવાનનું જીવન કેવું રહ્યું હશે તેની કલ્પના કરવી હોય તો તે આપણે નેલ્સન મંડેલાનું જીવન ચરિત્ર -"આઝાદી તરફ એક લાંબી યાત્રા" વાંચવું જોઈએ.

આમ તો આપણે ખૂબ સરળતાથી કોઈપણને ગાંધી કહીએ છીએ. જેથી આ વિશેષણમાં આપણું વામણાપણું ઢંકાઈ જાય. નેલ્સન મંડેલા ગાંધી નહોતા. ગાંધી દિશાના યાત્રિક હતા. આવું કહેવામાં એમની મહાનતા એક માણસ તરીકેની એમની વિરાટતા તસુભાર પણ ઓછી નથી થતી. આપણી પરંપરામાં તો આ ઊંડાણ રહ્યું છે. જે એમ કહે છે કે તીર્થયાત્રાએ ન જઈ શકો તો તેનું દુઃખ નથી. તીર્થયાત્રા કરીને આવેલા કોઈ શ્રદ્ધાળુના દર્શન કરી લો તો પણ પુણ્યલાભ મળશે. આ એક કળા છે. માણસને પ્રતિષ્ઠિત કરવાની. એટલા માટે ગાંધી સાથે એમની સરખામણી કરી ત્યારે એમણે કહ્યું હતુંઃ "ગાંધી સાથે મારી સરખામણી કરવી તે ઉચિત નથી. આપણામાંથી કોઈ પણ એવો નથી જેમનામાં એમના જેવી વિનમ્રતા અને સમર્પણભાવ હોય. એમણે આપણને શીખવ્યું છે કે - "જો અસત્ય પર સત્યની જીત થવાની હોય તો એ જરૂરી છે કે આપણે કારાવાસ ભોગવવા માટે તૈયાર રહીએ"... તેઓ દરેક પ્રકારની નબળાઈઓથી ઉપર આવેલા માણસ હતા, હું તો અનેક પ્રકારની નબળાઈથી ઘેરાયેલો માણસ છું..." જેટલી જેટલીવાર આપણે આ બધું વાંચીએ છીએ તેટલી તેટલી વાર આ માણસ આપણને ગાંધીની નજીક જતો દેખાય છે. એવે વખતે, જ્યારે કહેવાતા કેટલાયે "મોટા" લોકો રાજઘાટ તરફ જતાં પણ ડરે છે. વરસના બે દિવસ જેમતેમ કરીને ઔપચારિકતા પૂરી કરતા હોય છે. તેવે વખતે આપણે એક એવા માણસ સાથે જીવ્યા, જેઓ દરરોજ ગાંધીની દિશા તરફ ચાલવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. તેમ છતાં જેમને એને વિશે કદી ગુમાન ન થયું.

-------------------------

જેલમાંથી છૂટવા પહેલાં નેલ્સન મંડેલાની સાથે જેલના અધિકારીઓએ અનેક વખત વાતચીત કરી, ચર્ચા કરી. દરેક વખતે એ અધિકારીઓ એવી છાપ લઈને આવ્યા, આ માણસમાં કોઈ પણ પ્રકારની કડવાશ કે બદલાની ભાવના બિલકુલ નથી. કારાવાસમાં જ એમનો પરિચય થયો હતો ગાંધી સાથે. તેઓ કહેતા હતા - "નથી મને કોઈ આર્તનાદ સંભળાયો કે નથી મને કોઈ સત્યની શોધ થઈ કે નથી મને ગાંધી મળ્યા. ના, એવુ કશું જ નથી થયું. હું જે સવાલોથી ઘેરાયેલો હતો, હું જે જવાબો શોધી રહ્યો હતો, તેમાં ગાંધીની વાતો મને વધુ મદદરૂપ લાગી. અને મેં એમને સમજવાનું- શોધવાનું શરૂ કરી દીધું. અહિંસાનો સ્વીકાર પણ મેં એક રણનીતિ તરીકે જ કર્યો છે. આજે પણ હું એવું કહી શકતો નથી કે એ મારા અંતિમ વિશ્વાસમાં

બદલાઈ ગઈ છે.'' ગાંધી અને નેલ્સન મંડેલાની વચ્ચે રહેલા આ ફરકને આપણે સમજવો પડશે.

જેલમાંથી છૂટ્યા પછી નેલ્સન મંડેલા પોતાના દેશની એકતા અને એના સાંસ્કૃતિક સમન્વય અંગે બહુ જ સાવધ હતા. આ બાબતમાં એમને ગાંધીની નિષ્ફળતાની યાદ હતી કદાચ. તેઓ સમજી ગયા હતા કે જો દક્ષિણઆફ્રિકા આ વળાંકે વિભાજીત થઈ ગયું તો એના કેટલા બધા ટુકડા થઈ જશે ? એટલા માટે તેઓ પોતાના દેશના રાજકીય અને સાંસ્કૃતિક સમન્વય પર પૂરા મનોયોગથી કામ કરવા મંડી પડ્યા. સવાલ માત્ર ગોરાઓની સાથેના તાલમેલનો જ નહોતો. અશ્વેતોનાં પણ અનેક જૂથો હતા. કબીલાઓ હતા. જેઓ આક્રમક અને અજડ હતા. આ તમામ લોકો નેલ્સન મંડેલાની વાત સાંભળી તો લેતા હતા. પણ એકબીજાને મદદરૂપ બનવા તૈયાર નહોતા. દક્ષિણ આફ્રિકાની સામ્યવાદી પાર્ટી અને એના નેતા જો સ્લોવો એમાંના એક હતા. ગોરાઓની નેશનલપાર્ટી તો એમાં હતી જ. ત્યાં જઈને વસેલા અને ગાંધીના સંઘર્ષને કારણે ત્યાંના સાર્વજનિક જીવનમાં બહુ જ મહત્ત્વપૂર્ણ સ્થાન બનાવી ચૂકેલા ભારતીયો પણ હતા. મંડેલાએ એ તમામને સાથે લીધા. કહ્યું પણ ખરું- ''મારા શુભચિંતકો મને સાવધાન પણ કરતા હતા. આ સામ્યવાદીઓ મારો ઉપયોગ કરે છે.'' એવું કરતા પણ હોય ! અમે અમારા તરફથી એવું કશું જ નઈ કરીએ !''

નેલ્સન મંડેલાએ જે સરકાર બનાવી હતી તેમાં ભારતીયોનું પ્રતિનિધિત્વ ઘણું વધુ હતું. અનેક મહત્ત્વનાં પદો પર એમની નિમણૂકો કરવામાં આવી હતી. એમની સંસદના પ્રથમ અધ્યક્ષ ભારતીય હતા. સર્વોચ્ચ ન્યાયાલયના પહેલા ન્યાયાધિશ અને અનેક મંત્રીઓ ભારતીયો હતા. આ વસ્તુ ગોરાઓને જ નહી, કેટલાક અશ્વેતોને પણ અયોગ્ય લાગતી હતી. કોઈકે તેમને પૂછ્યું પણ ખરું- ''શું તમે ભારતીયોને દેશમાં એમની વસ્તીના પ્રમાણમાં જગ્યાઓ આપી છે ? એમણે ખૂબ જ ગંભીરતાથી કહ્યું હતુ -''ના. એમની વસ્તીના પ્રમાણમાં નઈ. પણ આપણા સંઘર્ષમાં એમણે આપેલા યોગદાનના પ્રમાણમાં આપી છે !''

આ બધું કરતાં કરતાં નેલ્સન મંડેલાને સમજાયું હતું કે નહિ, ખબર નથી. પણ થયું એવું કે દક્ષિણ આફ્રિકાની આ કડવાશ ભરેલી કઠોર વાસ્તવિકતા, એકતાની એમની સાધનામાં ક્યાંક ભૂલાઈ ગઈ ! સામાજિક ન્યાય, આર્થિક સમાનતા, શિક્ષણની એકરૂપતા અને સમાન અવસર, અર્થવ્યવસ્થાનું સામાજિકરણ, ગોરાઓ તરફ ઝૂકેલું પ્રશાસન - આ બધાને તેઓ ઢંઢોળી શક્યા નહિ ! ગાંધીની લડત આ જ અર્થમાં અપ્રતિમ હતી. તેઓ આઝાદી પણ સમાજિક વિષમતાને ભોગે લેવા તૈયાર નહોતા. એમણે હિંસક રસ્તે આઝાદી શોધવાવાળાઓને કહી દીધું હતું કે ખૂનથી બનેલો સમાજ પણ ખૂની જ થશે. એવું ભારત મને મંજૂર નથી. એમણે સુભાષચંદ્ર બોઝને પણ કહી દીધું હતું કે હિટલર અને મુસોલીનીની મદદથી મળેલી આઝાદી અંગ્રેજોની ગુલામી કરતાં વધું સારી ન હોય શકે. એમણે જવાહરલાલને પણ કહી દીધું હું કે મેં તમને મારા રાજકીય વારસદાર ભલે ઘોષિત કર્યા હોય, પણ ભારતની ભાવિ તસવીર અંગે મારી અને તમારી વચ્ચે જે ઊંડા મતભેદો છે, તેને ઇતિહાસમાં નોંધીને આપણે એકબીજાથી અલગ રસ્તે ચાલી નીકળવું જોઈએ. એમણે હિન્દુત્વની પેરવી કરનારાઓને પણ કહી દીધુ હતું કે જ્યાં સુધી અસ્પૃશ્યતાનો સવાલ છે, જો એને વિશે વેદોમાં લખ્યું હશે તો હું એ વેદોને માનવાનો પણ ઈનકાર કરું છું. એમણે મહમ્મદઅલી ઝીણાને પણ કહી દીધું હતું કે રાષ્ટ્રો ધર્મોથી નહિ, સંસ્કૃતિઓથી બને છે. એટલા માટે હું માનું છું કે હિન્દુસ્તાનમાં રહેવાવાળા તમામ ધર્મો અહીં એક સરખી આઝાદી અને સ્વમાનપૂર્વક રહી શકે છે. એટલા માટે હું તમારા દ્વિરાષ્ટ્રનો સિદ્ધાંતનો વિરોધ કરું છું અને મરતાં સુધી કર્યા કરીશ. એમણે આંબેડકરને પણ કહી દીધુ હતું કે સામાજિક ન્યાય માટેની પ્રત્યેક લડતમાં હું આગલી હરોળમાં ઊભો હોઈશ. પણ આ કામ તમે ભારતીય સમાજને તોડીને અને એમને એકબીજાની વિરુદ્ધમાં ઊભા કરીને નંઈ કરી શકો. એમણે અંગ્રેજોને પણ કહી દીધું હતું કે ભગવાનને ખાતર તમે આ દેશને અરાજકતામાં મૂકીને ચાલ્યા જાવ. ભારતને લોહીયાળ મહાસાગર ભલે પાર કરવો પડે, એ પોતાનું ભવિષ્ય શોધી

લેશે. એ અર્થમાં મંડેલા ગાંધી નહોતા.

ગાંધીએ પોતાને માટે અતિ કઠિન, લગભગ અશક્ય રસ્તો પસંદ કર્યો હતો. નેલ્સન મંડેલાએ પોતાનો રસ્તો જ ટૂંકો કરી દીધો હતો. તેઓ શાંતિના, એકતાના રસ્તે પોતાના દેશને બચાવવા-બનાવવાવાળા મહાન દૂત હતા. પણ ક્રાંતિ એનાથી ક્યાંય વધુની માંગ કરે છે. નેલ્સન મંડેલા પછી દક્ષિણ આફ્રિકાની દશા અને દિશા કોઈપણ બીજા દેશો જેવી જ બની ગઈ હતી. એનાં સ્પષ્ટ કારણો છે. આપણે બધા ગાંધીથી એટલા બધા ડરી ગયા હતા કે આઝાદી મળતાંની સાથે જ આપણે એમને નશ્વર દેહથી આઝાદ કરી દીધા ! નેલ્સન મંડેલા પોતાની અને પોતાના દેશની આઝાદી પછી પણ ઘણા લાંબા સમય સુધી જીવિત અને પૂજનીય રહ્યા હતા. જોકે પરિવર્તનની કોઈ મોટી હવા નહોતા ઊભી શક્યા. નેલ્સન મંડેલાથી બહેતર એને કોણ ઓળખી શકે વ્યક્ત કરી શકે - "નૈતિકતા, સાદાઈ અને વંચિતો-પીડિતો પ્રત્યેના પ્રેમના એ માનદંડ સુધી હું કદી પહોંચી જ નંઈ શકું, જ્યાં મહાત્મા ગાંધી પહોંચ્યા હતા."

-------

હું ઘણીવાર વિચાર કરું છે કે ૨૭-૨૭ વરસ સુધીની એકાકી યાતનાભરી, કઠોર, જેલયાત્રાના અનુભવો કેવા હશે ? અને એ અનુભવોમાંથી પસાર થયા પછીનો માણસ કેવો હશે ? ગાંધીના વખતની વાતની તો ખબર નથી. પણ કટોકટી વખતે ૧૯ મહિનાની જેલનો અનુભવ કર્યો હતો. તેની છાપ કેવી છે આપણા મનમા ? .... અને યાદ આવે છે જયપ્રકાશ, લાંબી અને અત્યંત યાતનાભરી, ક્રુર, કેદની યંત્રણામાંથી છૂટ્યા હતા તેઓ. બન્ને કીડની નકામી થઈ ચૂકી હતી. અશુદ્ધ લોહી ઝેર બનીને પ્રસરી રહ્યું હતું. રગોમાં, મૃત્યુ આંખ સામે જ દેખાતું હતું... એમની આવી દશા જાણ્યા પછી જ સત્તાધારીઓએ એમને છોડ્યા ....... પેરોલ પર..

આ બધું તો ઈતિહાસમાં નોંધાયેલું છે, પણ જે નથી નોંધાયું, તે એ છે કે ૧૯ મહિનાની તાનાશાહીમાંથી છૂટીને જ્યારે આખો દેશ કટોકટીનો અને તેના જનકોના પરાજયનો ઉત્સવ મનાવી રહ્યો હતો, જનતાપાર્ટીના તમામ વિજયી નેતાઓ દિલ્હીના રામલીલા મેદાનમાં વિજયી દિવસની ધૂનમાં મશગૂલ હતા.... દિલ્હીના ગાંધીશાંતિ પ્રતિષ્ઠાનમાં વારેવારે સંદેશવાહકો પહોંચી રહ્યા હતા. જેપી કયારે અને કઈ રીતે એ ઉત્સવમાં પહોંચશે ? તે વખતે આજાર જયપ્રકાશનું મન ક્યાંય બીજે જ ભટકી રહ્યું હતું ! સૌથી છેલ્લે મધુ લિમયે આવ્યા હતા. ધુંધવાતા ધુંધવાતા. પૂછ્યું હતું એમણે - "શું કરી રહ્યા છો તમે લોકો અહીં ? અત્યાર સુધીમાં તો જેપીએ રામલીલા મેદાનમાં પહોંચી જવું જોઈતું હતું."... મેં એમને ધીમેથી કહ્યું હતું- "ત્યાં આવવા ઈચ્છતા નથી જેપી !" ક્ષણભરમાં જ મધુ લિમયે બદલાય ગયા! પછી ચાલ્યા ગયા. આ બાજુ જેપી ? એમણે મને પૂછ્યું- "જુઓ તો- બહાર કોઈ ગાડી છે ?" પગમાં ચંપલ પહેર્યા. પછી બહાર નીકળ્યા. ધીમે ધીમે ગાડીમાં જઈને બેઠા અને ઉપડી ગયા.... ખૂબ ઉતાવળમાં નીકળીને ઈંદિરાજી પોર્ચમાં આવ્યા હતા ! એમને તો અચાનક જ કહેવામાં આવ્યું હતું : "જેપી તમને મળવા આવે છે." જેપીએ હસતાં હસતાં પોતાની વત્સલ પુત્રી જેવી ઈન્દુના પ્રણામનો સ્વીકાર કર્યો. પછી અંદર ચાલ્યા ગયા...

રાષ્ટ્રની, લોકશાહીની, જીતની અદ્વિતીય ક્ષણો હતી એ આવી લડતોમાં વ્યક્તિગત જીત જેવું પણ કંઈક હોય તો જેપીની ગૌરવમયી જીતની ક્ષણો હતી એ, જેમાં એમને પીડાનો અનુભવ થઈ રહ્યો હતો. એમની પીડાનો, જેમનો પરાજય થયો હતો. પોતાની સહાનુભતિ બતાવીને અને એમ કહીને કે : "આ ચૂંટણી તો એક રમત છે. જેમાં હારજીત થયા જ કરતી હોય છે. પણ લોકતંત્રમાં અડગ વિશ્વાસ રાખીને લોકોની સેવા કરતાં રહેશો તો રસ્તા મળી જ રહેશે." આવતા રહ્યા. વિજયોત્સવમાં મસ્ત લોકોને ખબર જ ન પડી કે હારજીતથી અલગ પણ કોઈ માપદંડ હોય છે...

આવું જ કંઈક નેલ્સન મંડેલાએ પણ કર્યું હશે. જ્યારે તેઓ ૨૭ વરસની લાંબી કઠોર જેલની યાતનાઓ ભોગવીને દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ ડી.કલાર્કની સામે ઊભા રહ્યા હશે ત્યારે, કટુતાના તમામ વિષદંતો ક્યાંક ખોવાઈ ગયા હતા. ૧૦ મે ૧૯૭૪ ને દિવસે ૭૭ વર્ષના નેલ્સન મંડેલાએ,

દક્ષિણ આફ્રિકાના પ્રથમ અશ્વેત રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા હતા. તે વખતે તેમની પડખે ઊભા હતા ડી.ક્લાર્ક. જેમણે ઉપરાષ્ટ્રપતિ તરીકેના શપથ લીધા હતા. તે વખતે આપણે આપણી આ નશ્વર આંખો એ જોયું હતું, દુનિયામાં નેલ્સન મંડેલાથી ગોરો બીજો કોઈ માણસ નહોતો, ઈશ્વરને પણ રંગ બદલવા માટે મજબૂર કરી દે છે માણસ. જ્યારે તે પોતાની ઊર્ધ્વગામી યાત્રા શરૂ કરે છે ત્યારે. આ જ ગાંધી હતા. આ જ એમનો વારસો હતો. જેને ક્યારેક કોક જયપ્રકાશ, કોક માર્ટિન લ્યૂથર કિંગ, કોક મંડેલા કે કોક દલાઈલામા સંભાળે છે.

-----

મને ખૂબ જ આનંદ થયો. જોહાનિસબર્ગની સડકો પર રડતા કલ્પાંત કરતા લોકોની ભીડ નહોતી. શોક હતો. જેણે જેણે આનંદનો પોશાક પહેરી લીધો હતો, મેં જોયું, સડક ને કિનારે એક ગોરો યુવાન એક અશ્વેત છોકરીને બથમાં લઈને આત્મીયતાથી ઊભો હતો. જે છોકરી મદીબાની શબયાત્રા જોઈને વિહ્વળ થઈ ગઈ હતી. બસ, આ જ સ્વપ્ન હતું માર્ટિન લ્યૂથર કિંગનું, જે એમણે અમેરિકામાં જોયું હતું. જેને નેલ્સન મંડેલાએ દક્ષિણ આફ્રિકામાં સાકાર કર્યું હતું. આપણી વચ્ચે એક એવો માણસ આવી ગયો જેને માપવાના આપણા તમામ ગજો ટૂંકા પડવા લાગ્યા. આનાથી વધુ આનંદની વાત બીજી કઈ હોય શકે ! માણસ તરીકે તેઓ તેમની ઊંચાઈ કરતાં પણ મૂઠી ઊંચેરા હતા !!

**(અનુસંધાન પાના નં. ૪૧૯ ઉપરથી)**

ખ્રિસ્તી થયા વિના મને શાંતિ ને મુક્તિ નહીં મળી શકે તેને વિશે તમે શું કહો?

ગાંધીજીઃ- હું કહું કે કોઈ ખ્રિસ્તીતર કહો કે એક હિન્દુ, કોઈ ખ્રિસ્તી પાસે આવીને એ વાત કહે તો પેલા ખ્રિસ્તીએ એને કહેવું જોઈએ કે તું ધર્મ બદલીને કલ્યાણ ખોળવા કરતા સારો હિન્દુ બન.

પ્રશ્નઃ- કોઈ મિશનરીઓએ તમારા દીકરાનો જીવનપલટો કર્યો ને એને ખ્રિસ્તી થવાનું મન થયું, તો તમે શું કહો?

ગાંધીજીઃ- હું કહું કે તે મિશનરીઓ ગમે તેટલાં માણસનાં જીવન પલટે, પણ તેમનો ધર્મ ન પલટે. તે તે માણસોના ધર્મમાં જે ઉત્તમ અંશો હોય, તેના તરફ તેમનું ધ્યાન ખેંચે ને એ પ્રમાણે આચરણ કરાવીને એમનાં જીવનમાં પલટો કરાવે. મારી પાસે એક બ્રાહ્મણ મા-બાપનો દીકરો આવેલો. તે કહેઃ દીનબંધુ એન્ડ્રુઝની ચોપડીઓ વાંચીને મને ખ્રિસ્તી થવાનું મન થઈ આવ્યું. મેં તેને કહ્યુંઃ તારા પૂર્વજોનો ધર્મ ખોટો છે. એમ તને લાગે છે ? એણે કહ્યુંઃ 'ના' પછી મેં કહ્યુંઃ બાઈબલને જગતનો એક મહાન ગ્રંથ માનવામાં ને ખ્રિસ્તીને એક મહાન ધર્મગુરુ માનવામાં તને કંઈ અડચણ છે ખરી ? ને કહ્યું કે દીનબંધુ એમની ચોપડીઓ દ્વારા હિન્દીઓને બાઈબલ લઈને ખ્રિસ્તી બનવાનું કહ્યું નથી. તે એમના લખવાનો ખોટો અર્થ કર્યો છે.

ધારો કે કોઈ ખ્રિસ્તી મારી પાસે આવે ને કહે કે ભાગવત વાંચીને હું મુગ્ધ થઈ ગયો છું ને તેથી મારે હિન્દુ બનવું છે તો હું તો એને કહું કેઃ 'ના', ભાગવત જે શીખવે છે તે જ બાઈબલ પણ શીખવે છે. હજી તે એ શોધવાનો પ્રયત્ન કર્યો નથી. એ શોધવાનો પ્રયત્ન કર અને સારો ખ્રિસ્તી બન.'

કોઈ માણસને બાઈબલ પર શ્રધ્ધા રાખવી હોય તો તે ભલે એમ કરે, પણ એણે પોતાનો ધર્મ શા સારુ બદલવો જોઈએ ? આ વટાળવાની પ્રવૃત્તિ જગતમાં શાંતિ સ્થપાવા દેવાની નથી. ધર્મ એ માણસની વ્યક્તિગત વસ્તુ છે.

તમે સર્વ ધર્મોની સહિષ્ણુતાને માનશો કે સર્વ ધર્મોની સમાનતાને. એનો વિચાર કરી લેવો જોઈએ. હું તો માનુ છું કે જગતના સર્વ ધર્મો મૂળ સમાન છે. આપણને આપણા ધર્મ વિશે જેટલો સ્વાભાવિક આદર હોય તેટલો જ બીજા ધર્મો વિશે હોવો જોઈએ.

●---------●●●--------●●●---------●

## (૦૭) જીવનનો મુળ મંત્ર - સંતોષ

- ભરત મિસ્ત્રી

જુન – ૧૪ના 'અખંડ આનંદ'માં 'જીવનની સુગંધ' માણીને ઘણા બધા સ્વજનોએ ખુશી વ્યક્ત કરી, લગભગ આ બધાજ સ્વજનો પરીચયના પલ્લે અજાણ્યા પણ ઉમળકાની ઓથે તો સાવ આત્મીય, બધાએ એક સૂરે આ 'વાહ'ની 'વાહ – વાહ' કરી અને પોતીકો રાજીપો મને પહોંચાડ્યો.

આ ઘટના સંદર્ભે આવતા ફોન અને પત્રોની સાક્ષી બનેલ મારી પત્ની રૂતુ એ મને સરસ સવાલ કર્યો કે 'વાહ' માં વ્યક્ત થવાની, અન્યને બીરદાવવાની આટલી બધી મજા છે તો પછી આ 'વાહ'નો વ્યવહાર લગભગ શૂન્યવત, બહુજ ઓછુ આદાન પ્રદાન આ સુખનું, આ આનંદનું, આ હળવાશનું થતુ હોય છે, આમ કેમ ? સાવ મફતમાં ઉજવાતી આ અમૂલ્યતાનો વ્યવહાર સાવ અલ્પ, આ દીનતા આ વૃત્તીનું દારિદ્રય ખુબ ખુંચે છે.

આ પ્રશ્ન ચાળે મનો જગતે વિસ્તરેલ વિચાર વલયોને અહીં રજુ કરુ છું.

તમારી અપેક્ષા ન હોય, તમે 'વાહ' ઉઘરાવો નહીં છતાએ વાહ ગમતી હોય છે લોકએષણાથી અલિપ્ત રહેવું અશક્ય નહીં પણ અઘરુ તો ખરૂ જ.

કોઈને ઉઘરાવી પડે, ભલે અતિ નમ્રતાએ એ જીવ એમ કહીને આપણી લાગણી ને ઢંઢોળે કે આપનો અભીપ્રાય મને ખૂબ અમૂલ્ય હોય છે. પણ આમાં હોય છે તો માંગણી જ. કોઈને માંગવું પડે એ પહેલાજ આપી દઈએ તો ? અહી એક દિવ્યતાનો સંબધ ઉભો થાય છે. સાવ સરળ શબ્દમાં મુકું તો આ તો 'ત્યેન ત્યક્તેન ભુજીથાઃ' ની સહજતા. તમે આપીને અનંત પામો છો. ગોવાથી એક મુરબ્બી અજાણ બહેનનો ફોન આવ્યો કે તમે જેને વાહ કહો છો તેને તો ગમે છે પણ જે વાહ કહે છે એ તો ભીતરના અજવાળે ઝળાઝળા ! આજ તો આપીને પામી જવાનો પરિતોષ.

આ હોઠથી જન્મીને હોઠથી વ્યક્ત થયેલ 'વાહ'ની વાત નથી હૈયાથી જન્મીને નર્યા હેતની અભિવ્યક્તિ હોય એવી એકત્વની સુવાસ જેવી વરદાન વાહની વાત છે. હોઠથી જે 'વાહ' નિકળે છે તે તો સાવ ઉપરછલ્લી સ્વાર્થની નજાકત, નમણાશ છે. તેનું આંતરિક સૌંદર્યતો શૂન્ય, નર્યુ અંધારુ જ. જે વાહની ભીતરમાં સ્વાર્થ, સરખામણી પછીનું અસુખ, તિરસ્કાર હોય છે. ત્યાં સબંધ તેજોવિહીન બની રહે છે. કશુંક નિભાવી લેવા માટે, કશુંક સ્થુળ પ્રાપ્ત કરવા માટે સબંધમાં ભેળવાતી આ કૃત્રિમ સુંગંધ અને રંગ છે. આ 'વાહ' શક્તિવિહીન અને બેસ્વાદ હોય છે. તેનું આયુષ્ય તો સાવ ટુંકુ. જે 'વાહ' હૃદયમાંથી જન્મે, હૃદયમાંજ જીવે અને સામાનાં હૃદયની જણસ બનીને તેને આભૂષિત કરે તે સબંધનો પ્રાણ બનીને નમ્રતાએ હળવીફૂલ બની રહે છે. તેની અંદર-બહારની સુગંધને સત્ય સ્વરૂપે ઓળખાવી મને ખુબ ગમી છે. આવી 'વાહ' માગણીની મોહતાજ નથી હોતી. માગણી તેનો માર્ગ નથી. લાગણીના આંગણમાં ખીલતુ એ ઋજુ પુષ્પ છે. અન્યોન્યમાં આનંદ બનીને ઉભરાતુ એ ચૈતન્ય છે.

આવું સુગંધી ચૈતન્ય તમને ફક્ત સ્પર્શતુ જ નથી પણ તમારી ભીતર પ્રવેશીને તમને વિનમ્રતાએ હળવાફુલ કરીને તમારી મુળ ઓળખમાં તમને સ્થાપી દેતુ હોય છે. આવી 'વાહ' જેને કહેવામાં આવે છે, જેનું અભિવાદન બની રહે છે. તે ખરાઅર્થમાં તેનામાં બેઠેલ વિશ્વેસ્વરની વંદના છે. તમારી કલા, તમારી કથા, તમારૂ કર્મ અને તમારી કરૂણા એ ખરાઅર્થમાં તમારા દ્વારા પ્રગટેલ પરમેશ્વર જ ! બધુ જ શુભ અને શ્રેષ્ઠ એ તમારા માધ્યમે પ્રગટેલ પરમના આશિર્વાદ છે એવા નૈમિતિક ભાવમાં સ્વ- શુન્ય થઈ રહેવાય, તમારા અહમ્નો નાશ થઈ રહે તો જ તમે સાચી 'વાહ'ના અધિકારી છો.

પ્રશ્ન તો છે કે આવી 'વાહ' કોના હૃદયમાંથી

**(અનુસંધાન પાના નં. ૪૩૩ ઉપર)**

## (૦૭) અજાતશત્રુ, ખેતીનો જીવ : શ્રી રતિભાઈ અંધારિયા

- રસિકલાલ વૈષ્ણવ

ભાવનગરની ભાવભૂમિ પર જૂની માણેકવાડી વિસ્તારની એક શેરીમાં કાછિયા જ્ઞાતિમાં શ્રી રતિભાઈનો જન્મ ૧૯૨૧ની ચોથી નવેમ્બરના રોજ થયો. માતા ઈચ્છાબહેન ધર્મપરાયણ, મિતભાષી અને વત્સલ સન્નારી હતાં. તો પિતા મોહનલાલ વ્યવસાયે વેપારી અને સ્વભાવે કુશળ. જ્ઞાતિજનો તેમને મોહનલાલ પટ્ટણી તરીકે ઓળખતા.

માતા શરીરે દૂબળાં-પાતળાં પણ મનથી મક્કમ ઈચ્છાશક્તિ ધરાવનારાં, તો પિતાજી ઊંચા, પડછંદ અને તેજસ્વી આંખોવાળા. માતા વર્ણે શ્વેત અને સુદર્શન, પિતા ભીને વાન અને પ્રભાવશાળી. વાન તેમને પિતા તરફથી મળેલો ને તેમાં દમકતું શુદ્ધ શ્વેત સ્ફટિકવત્ સ્મિત માતા તરફથી મળેલું. સહિષ્ણુતા અને મૃદુ મંજુલ વાણી તેમને માતા તરફથી મળેલી ભેટ હતી. તો દૃઢતા અને વ્યવહારપટુતા પિતૃપક્ષનો વારસો હતો.

તેઓ પાંચ ભાઈઓ હતા જેમાં તેમનો નંબર બીજો હતો. તેમને ત્રણ બહેનો હતી.

શ્રી રતિભાઈ ભણવા માટે દક્ષિણામૂર્તિ સંસ્થામાં દાખલ થયા. આ સંસ્થાનો પણ એક અદ્‌ભુત ઈતિહાસ છે. મહાત્મા ગાંધીની પ્રેરણા લઈને નઈ તાલીમની સંકલ્પના પણ સાકાર થઈ નહોતી તે સમયે તેને ૧૯૧૦માં શ્રી નાનાભાઈએ કૉલજનું પ્રોફેસરપણું ત્યાગીને શિક્ષણની પોતાની આગવી દૃષ્ટિ અને સૂઝથી પ્રેરાઈને એક શૈક્ષણિક સંસ્થા શરૂ કરી. આ સંસ્થાના આદ્યસ્થાપકોમાં શ્રી હરગોવિંદભાઈ અને શ્રી ઓધવજીભાઈ પણ હતા. તેમના આદ્યપ્રેરક મહાત્મા શ્રીમન્ નથુરામ શર્માના ઉપાસ્યદેવ દક્ષિણામૂર્તિ હોવાથી સંસ્થાનું નામ પણ દક્ષિણામૂર્તિ રાખ્યું. આ સંસ્થામાં શ્રી નાનાભાઈ સાથે અન્ય બે સાથીઓ જોડાયા જે હતા શ્રી ગિજુભાઈ બધેકા અને શ્રી હરભાઈ ત્રિવેદી. શ્રી નાનાભાઈને એમ લાગ્યા કરતુ હતું કે આપણો દેશ તો ગામડાઓનો બનેલો છે અને હું શહેરનાં બાળકોની ચિંતા લઈને અહીં બેઠો છું. આવા વિચારોને લઈને આ ત્રિપુટી છૂટી પડી ગઈ. શ્રી નાનાભાઈએ ૧૯૩૭માં સણોસરા પાસે આંબલા ગામે ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થા શરૂ કરી, ગિજુભાઈએ ૧૯૩૦માં રાજકોટમાં બાલઅધ્યાપન મંદિર શરૂ કર્યું અને શ્રી હરભાઈએ તે જ જગ્યાએ ૧૯૩૯માં ઘરશાળા નામની સંસ્થા શરૂ કરી. દક્ષિણામૂર્તિ બંધ થતાં શ્રી રતિભાઈએ ભાવનગરની સરકારી આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં પ્રવેશ લીધો.

નેતૃત્વની એમને જન્મજાત બક્ષિશ મળેલી, એ નેતૃત્વ દઝાડનારું નહિ પણ અન્યને શાતા અને હૂંફ આપનારું હતું. પાંચમા ધોરણમાં હતા ત્યારે તેમની આસપાસ એક મિત્રવર્તુળ રચાઈ ગયું. એમાં રખડું અને ગાળો બોલનારા મિત્રો પણ ખરા. એમની હાજરીમાં કોઈ પણ મિત્ર અપશબ્દ બોલવાની હિંમત ન કરે.

એમની ઉદારતા પણ એવી જ કોઈ ઉજાણી કે પર્યટન થાય ત્યારે ગરીબ મિત્રો ભાગ ન લે તે તેમનાથી સહન ન થાય. જે કોઈ મિત્ર ખર્ચ ન કરી શકે એવી સ્થિતિવાળો હોય તેનો બોજ તેઓ ઉપાડે. તેમના માતાપિતાની આર્થિક સ્થિતિ બહુ સદ્ધર ન કહેવાય છતાં પણ માતાપિતા તેઓની ઉદારતાને આનંદથી સ્વીકારી લેતા.

આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ગયા પછી દક્ષિણામૂર્તિમાં પડેલા સંસ્કારોને નવો ઓપ આવ્યો. શહેરમાં ગંદકી વધી જાય, રોગચાળો ફાટી નીકળે ત્યારે શ્રી વજુભાઈ શાહની હાકલ પડે એટલે તેઓ પોતાના મિત્રવર્તુળ સાથે ખડેપગે હાજર જ હોય.

આલ્ફ્રેડ હાઈસ્કૂલની ક્રિકેટ ટીમમાં તેઓ Hope of the Team (સંકટ સમયની સાંકળ) ગણાતા. તે વખતે ભાવનગરમાં છૂપાવેશે રહેતા ક્રાંતિકારી સરદાર પૃથ્વીસિંહ તેમને કહ્યું કે આ તો પરદેશી રમત કહેવાય. અને તેમણે તરત જ આ રમતનો સદાયમાટે ત્યાગ કરી દીધો. નહિતર તેમને કૉલેજની ટીમ અથવા રણજી ટ્રોફીની ટીમમાં જરૂર સ્થાન મળ્યું હોત.

તે વખતે ભાવનગર રાજ્યમાં શ્રી વીરભદ્રસિંહજી ઓલિમ્પિક ગેઈમ્સનું આયોજન થતું. આ રમતોત્સવમાં તેઓ પૉલ જમ્પના (વાંસ કૂદકો) ચૅમ્પિયન બનેલા અને રાજ્યના પ્રતિનિધિ તરીકે તેઓ પતિયાળા ગયેલા જેમાં તેમણે વિજયપદ્મ મેળવીને રાજ્યનું નામ રોશન કરેલું.

નાનપણમાં તેઓ શરીરે દૂબળા હતા તેથી શારીરિક સ્વાસ્થ્ય માટે વ્યાયામ જરૂરી છે એમ લાગતા તેઓ મોતીબાગ અખાડામાં નિયમિત જવા લાગ્યા. પછી એમાંથી તેમણે એક અલગ અખાડો માણેકવાડીમાં શરૂ કર્યો. માણેકવાડીથી થોડે દૂર હરિજનવાસ. તેમને વિચાર આવ્યો કે અખાડામાં કસરત કરતા તેમને જોવા આવતા હરિજન બાળકોને અંદર દાખલ કરીએ તો કેવું સારું ? તેમણે તેમને પ્રેમથી સૌને આવકાર્યા તો સવર્ણો ધીમે ધીમે અખાડામાંથી ખરવા લાગ્યા. અને અખાડો બંધ થાય તેવી પરિસ્થિતિ સર્જાઈ. આથી તેમણે હરિજનવાસમાં જ અખાડો શરૂ કરીને તેનો ઉકેલ આણ્યો. પોતે પણ ત્યાં જ જતા તેમજ નિરક્ષરોને રાત્રિવર્ગોમાં ભણાવવાનું પણ શરૂ કર્યું. આમ તેઓ એક હરિજન કાર્યકર પણ બની ગયા.

તેઓના ઘરમાં ઈલેક્ટ્રીક નહોતી તેથી તેઓ શેરીના ઈલેક્ટ્રીક થાંભલાના દીવા નીચે બેસીને વાંચીને ભણતા. તેઓ ૧૯૪૧માં મૅટ્રિકની પરીક્ષામાં પાસ થયા.

મહાત્મા ગાંધીજીએ ૧૯૪૨માં દેશની આઝાદી માટેનું બ્રહ્મસ્ત્ર 'હિન્દ છોડો' - 'Quit India'ની લડત ચાલુ કરી. તેઓ તે વખતે શામળદાસ કૉલેજમાં અભ્યાસ માટે દાખલ થઈ ગયેલા. તેઓ અને તેમના મિત્ર અનિલ શાહે કૉલેજ છોડીને આ લડતમાં ઝંપલાવ્યું. પોલીસે તેમની ધડપકડ કરીને તેમને જેલ ભેગા કર્યા. જેલમાં તેમને શ્રી નાનાભાઈ ભટ્ટ અને શ્રી મનુભાઈ પંચોળીનું સાન્નિધ્ય સાંપડ્યું. તે વખતે ધરપકડ પામેલા વિદ્યાર્થીઓ જો માફીપત્ર લખી આપે તો તેમને છોડી મૂકાતા પણ તેઓ ખુમારીવાળા હતા તેથી તેમણે માફીપત્ર ન આપ્યું અને પૂરી સજા ભોગવી.

આંબલા ગ્રામદક્ષિણામૂર્તિની સ્થાપના થયા પછી પ્રથમ ત્યાં શ્રી મનુભાઈ પંચોળી તેમની સાથે જોડાયા. પછી ત્યાં શ્રી વિજયાબહેન પણ જોડાયાં. આ સંસ્થામાં શાળાકીય શિક્ષણ ઉપરાંત ગ્રામોત્થાન માટે ગ્રામજનો અને શહેરીયુવાનો માટે વૅકેશનમાં ગ્રીષ્મવર્ગો ચલાવતા. તે વખતે ગાંધીજીએ નઈ તાલીમમાં પાયાના ઉદ્યોગો તરીકે વસ્ત્રવિદ્યા પર ભાર મૂક્યો હતો. પણ શ્રી નાનાભાઈ તથા શ્રી મનુભાઈએ પાયાના ઉદ્યોગોમાં વસ્ત્રવિદ્યાને બદલે ખેતી ઉદ્યોગને મૂકીને નઈ તાલીમના ક્ષેત્રમાં આગવો ફાળો આપ્યો. તે ઉદ્યોગને કેન્દ્રમાં રાખીને તેમણે લોકશાળા ઉતર બુનિયાદી વિદ્યાલયની પ્રવૃત્તિ આંબલામાં શરૂ કરી. તે માટે શ્રી નાનાભાઈએ શ્રી મનુભાઈને ખાસ શ્રી ઈસ્માઈલભાઈ નાગોરી પાસે તરવડા મોકલ્યા. ત્યાં છ માસમાં ખેતીવિદ્યાની તાલીમ લઈને શ્રી મનુભાઈ આંબલા પરત આવ્યા. અને આ સંસ્થાની ખેતીની તેઓ દેખરેખ રાખતા થયા. આ સંસ્થા દ્વારા ચલાવાતી ગ્રીષ્મ શિબિરોમાં શ્રી રતિભાઈ અવારનવાર હાજરી આપતા અને ત્યારથી તેમને આ સંસ્થા તેમજ તેના ખેતી ઉદ્યોગ પ્રત્યે લગાવ પેદા થયો. તેથી તેઓ ૧૯૪૪ થી ૧૯૪૮ સુધી આગ્રા યુનિવર્સિટીના બલવંત રાજપૂત કૃષિ મહાવિદ્યાલયમાં ખેતી ઉદ્યોગનું શિક્ષણ મેળવવા ગયા. ત્યાં હોર્ટિકલ્ચર મુખ્ય વિષય રાખીને તેઓ બી.એસ.સી. થયા. જેમાં તેઓ પ્રથમ વર્ગમાં પ્રથમ સ્થાને આવ્યા.

તેમનાં લગ્ન શિહોરની એલ.ડી.મુનિ હાઈસ્કૂલના છાત્રપ્રિય શિક્ષક શ્રી જેઠાલાલ લલ્લુભાઈની વચેટ દીકરી શ્રી શાંતાબહેન સાથે ૧૯૪૬માં થયાં. આ લગ્ન તેમણે કન્યાના ઉઘાડા મોંઢે કરવાનો તેમણે આગ્રહ રાખીને સૌરાષ્ટ્રના એક કુરિવાજ વિરુદ્ધ બંડ પોકાર્યું. આ લગ્નને શ્રી મનુભાઈ પંચોળીએ શાસ્ત્રોક્ત વિધિથી આશીર્વાદ આપ્યા.

૧૯૪૮માં ખેતી ઉદ્યોગનું તેજસ્વી શિક્ષણ પ્રાપ્ત કરીને તેઓ આંબલા આવીને ગ્રામ દક્ષિણામૂર્તિમાં રૂ.૧૦૦ના માસિક પગારથી ખેતી ગોપાલનની જવાબદારી સંભાળવા હાજર થઈ ગયા. તે વખતે સૌરાષ્ટ્રનું અલગ રાજ્ય હતું. રાજ્યના ખેતીવાડી ખાતામાં ઉચ્ચ હોદ્દા તેમજ વધારે પગારવાળી નોકરીના મળતા પ્રસ્તાવોને તેમણે ઠુકરાવેલા. તેઓ નોકરી પર હાજર થઈ ગયા પછી પણ શ્રી નાનાભાઈએ તેમને મોંઢામોંઢ નહિ પરંતુ માલપરાના શ્રી દુલેરાય માટલિયા મારફત કહેરાવ્યું કે હજી શ્રી રતિભાઈ નાના છે અને તેઓ સરકારી નોકરીની વયમર્યાદામાં છે માટે તેઓ સરકારી નોકરીમાં જતા રહે તો મને વાંધો નથી,

વધુમાં તેમણે મારો જન્મારો સંસ્થાઓમાં ગયો છે. ઘણીવાર નજીવી બાબતોમાં પણ અંદરોઅંદર મતભેદ અને એમાંથી પછી મનભેદ થાય અને સંસ્થામાંથી છૂટા થવાની ઘડી આવે તે વખતે પછી તો નોકરીની વયમર્યાદા પણ પુરી થઈ ગઈ હોય અને જીવનમાં એક ઉત્તમ તક ગુમાવ્યાનો વસવસો વ્યક્તિને રહી જાય.

અત્યાર સુધી આંબલામાં શ્રી મનુભાઈ ખેતી ગોપાલનની જવાબદારી સંભાળતા હતા. શ્રી રતિભાઈના આવ્યા પછી શ્રી મનુભાઈને શ્રી રતિલાલ માટે એટલો બધો અનુરાગ હતો અને સંસ્થાના ઉજળા ભવિષ્યની એટલી બધી આશા બંધાયેલી હતી કે શ્રી દુલેરાયભાઈએ આ બધી વાત શ્રી મનુભાઈને બિલકુલ ખબર ન પડે તે રીતે રતિભાઈને ખાનગીમાં કરી. આ દરખાસ્ત સાંભળીને શ્રી રતિભાઈ ખૂબ ચિડાયા. અને શ્રી દુલેરાયભાઈને ઠપકો પણ આપ્યો અને કહ્યું. 'તમે સૌ મને શું પૈસા અને પદનો લાલચુ માની બેઠા છો. સંસ્થા મને ન ઈચ્છતી હોય તો મને સીધું કેમ નથી કહેતા કે તમારી અહીં જરૂર નથી.' અને તેઓ રડી પડ્યા.

આંબલામાં તેઓ ખેતી ઉપરાંત પશુપાલનમાં પણ રસ ધરાવતા. કોઈ વખતે ગાયોનું ધણ લઈને ચરાવવા પણ નીકળી જાય. સાથે ભાતું પણ લેતા જાય. માલપરાના વતની શ્રી દાસભાઈ રામાનુજ શિક્ષક તરીકે ત્યાં હતા. તેઓ ઘણી વખતે તેમને સંગાથ આપત. ત્યાં તેઓ શું કરતા તે તેમના જ શબ્દોમાં જોઈએ:

'અમે બપોરે ભાતું ખાઈને સાથે લાવેલી ચોપડી ખોલીએ અને પછી અમારો પક્ષીપરિચય ચાલુ થઈ જાય. હોલાની કેટલી જાત ? રાતડિયા અને મોટા હોલા વચ્ચે શો તફાવત ? ગામના કાગડા અને થોરિયા કાગડા વચ્ચે શો ફરક ? પીરક, સક્કરખોરાનું સંશોધન, ઊંડા ધરા પર લટકતા સુગરીના માળામાંના આવનજાવન અને લટકાંમટકાં, કલકલિયાનો મચ્છવેધ, નીલકંઠની નમણાઈ, બુલબુલ-દરજીડાની માળા બનાવવાની કુશળતા, સારસબેલડીનું સહજીવન, બગલાનું વૈવિધ્ય. કૂંજપંક્તિોનો ગગનવિહાર, ગીધ સમડી બાજની અંતરંગ ઓળખ મેળવવા અમે મથામણ કરતા.'

૧૯૪૭માં સ્વાતંત્ર્ય પછી દરેક ક્ષેત્રમાં પ્રગતિ થવા માંડી. ખેતીમાં પણ નવીનીકરણ તેમજ ખેત ટેક્નોલોજીનું અદ્યતન જ્ઞાન જરૂરી મનાવા લાગ્યું. આવી દૃઢ માન્યતા શ્રી નાનાભાઈ પણ ધરાવતા હતા. તેઓ શ્રી રતિભાઈના Friend, Philospher અને Guide પણ હતા. તેમણે તેમને હવે અમેરિકા જઈને ખેતીનું વિશેષ શિક્ષણ લેવા માટેની પ્રેરણા આપી. આર્થિક સહાય માટે ભાવનગર રાજ્ય તરફથી શિષ્યવૃત્તિ મેળવી આપવામાં પણ સહાય કરી. અને પછી શ્રી રતિભાઈએ અમેરિકાની આયોવા સ્ટેટ યુનિવર્સિટીમાં એમ.એસ.(એગ્રી) વિદ્યાશાખામાં પ્રવેશ મેળવ્યો. ૧૯૫૦-૫૧માં તેમણે Agronomy જમીન સંરક્ષણ વિષયમાં ઉચ્ચ વર્ગ સાથે પદવી પ્રાપ્ત કરી અને ૧૯૫૨માં તેઓ ભારત પરત આવ્યા.

શ્રી નાનાભાઈએ ૧૯૩૭માં ગ્રામાભિમુખ કેળવણીનો પાયો આંબલામાં નાખ્યો પછી તેમણે સ્થપાયેલી લોકશાળા જેવી સંસ્થાઓ બીજે શરૂ થવા માંડી. પરંતુ તેમાં પ્રશ્ન એ પેદા થવા માંડ્યો કે આ લોકશાળામાંથી પાસ થઈને બહાર પડેલા વિદ્યાર્થીઓને તે વખતની ચાલુ કૉલેજોમાં પ્રવેશ મળતો નહોતો જેથી આ વિદ્યાર્થીઓ કોઈ પણ ખાનગી ક્ષેત્રમાં નોકરીએ વળગી જતા. તે દરમિયાન ૧૯૪૯માં વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ ભારતીય શિક્ષણના પુનરુત્થાન માટે ડૉ.રાધાકૃષ્ણન પંચની સ્થાપના કરી. આ પંચના એક સભ્ય તરીકે અમેરિકાના ટેનીસીવેલી ઓથોરિટીના પ્રમુખ ડૉ.એ.ઈ. મોગનિની નિમણૂંક થઈ. તેમણે ભારતના ગ્રામોત્થાન માટે ગ્રામવિદ્યાપીઠો સ્થાપવાની ભલામણ કરી. શ્રી નાનાભાઈ પણ આવું જ કંઈક વિચારી રહ્યા હતા. જેથી લોકશાળામાંથી ભણીને તૈયાર થયેલ વિદ્યાર્થીઓને આવી ગ્રામવિદ્યાપીઠમાં આગળ ભણવાની સુંદર તક મળે. આના પરિણામે ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના સણોસરા ગામથી દોઢ કિ.મી. દૂર આવેલી ટેકરીઓની તળેટમાં બુદ્ધ જયંતીએ તા. ૨૮ મે ૧૯૫૩ના રોજ કાકાસાહેબ કાલેલકરના વરદ હસ્તે લોકભારતી ગ્રામવિદ્યાપીઠની સ્થાપના થઈ અને ૧૯૫૪માં અમેરિકાથી ખેતીઉદ્યોગનું શિક્ષણ લઈને પરત આવેલા શ્રી રતિભાઈની નિમણૂંક લોકભારતી ગ્રામવિદ્યાપીઠની કૃષિવિદ્યા શાખાના આચાર્ય તરીકે થઈ.

તેમનામાં વાત કરવાની અદ્‌ભુત આવડત હતી.

તેઓ સહૃદયતાથી પારકાને પોતના કરી લેતા. વર્ગમાં વિદાર્થીઓ ગમે તેવા છોકરમત લાગે તેવા પ્રશ્નો પૂછે તોપણ તેઓ પોતાનું સમત્વ ન ગુમાવતા. વિદ્યાર્થીઓને રોષથી એક પણ શબ્દ ન કહે. તેમને ધીરજથી સાંભળે અને છેવટે વિદ્યાર્થીને પોતાને જ પોતાની નાદાનિયત માટે શરમ લાગે અને પોતાની ભૂલ પોતાની મેળે જ સુધારી લે. તેઓ ભવિષ્યના જવાબદાર નાગરિક બનવાના છે જેથી તેમનું સ્વમાન જરાયે હણવા ન દે. પોતાની આગવી લાક્ષણિક શૈલીથી પોતાના જ્ઞાનનો અખૂટ પ્રવાહ તેઓ મમતા અને ભાવથી વહાવે જ રાખે.

શ્રી નાનાભાઈએ ગ્રામવિદ્યાપીઠના સર્જન માટે આવળિયાટ, તેમજ ઠેકઠેકાણે ખાડા ટેકરાવાળી બંજર જમીન શ્રી રતિભાઈને સોંપી હતી. પરંતુ તેમણે અને તેમના વિદ્યાર્થીઓએ જુદાજુદા પ્રયોગો કરીને તે જમીનને ફળદ્રુપ બનાવી દીધી. તેઓ કપડાના શોખીન નહોતા. લેંઘો કે ચોરણી પહેરીને વિદ્યાર્થીઓની સાથે જ તેઓ પાવડો કે કોદાળી લઈને મચી પડતા. આમ દસ વરસના અંતે આ જમીન બધાને નંદનવન જેવી લાગવા માંડી.

તેઓ ફકત સંસ્થા પકડીને બેસી ન રહ્યા પરંતુ તે ગ્રામપ્રદેશ અને ગ્રામજનો વચ્ચે ઊંચી પદપતિષ્ઠાનો વીંટલો વાળી દઈને તેઓના ઉત્કર્ષ માટે મથવા લાગ્યા. લોકો માટે ખેતી સુધારણા, ગોપાલકો અને ગોવંશ સુધારણાની પ્રવૃત્તિઓ શરૂ કરી. ખેતી સહકારી મંડળીઓ, ગોપાલક મંડળીઓ અને દૂધ ઉત્પાદક મંડળીઓની હારમાળા સર્જીને લોકોને આર્થિક રીતે સદ્ધર બનાવ્યા. આજે સણોસરાના આજુબાજુમાં વિસ્તરેલાં ઉત્તમ ગાયોનાં ધણો અને કૃષિ સુધારણાના પાયામાં એમનો પુરુષાર્થ સમાયેલો છે.

તેઓ એક સફળ વૈજ્ઞાનિક, આંકડાશાસ્ત્રી અને અદ્યતન જ્ઞાનના ભંડાર સમા હતા. તેમણે પોતાના જ્ઞાનસંપુટને કટાવા કે જૂના થવા દીધો નથી. નવાં સંશોધનોની માહિતી મેળવીને વિદ્યાપીઠની જમીન ઉપર જ એના પ્રયોગો કરી ઉત્તમ પરિણામો મેળવ્યાં છે. અને આ જ્ઞાન પાડોશનાં ગામોમાં વહેંચીને લોકોને ખૂબ કમાતા કર્યા છે.

લોકભારતી ગ્રામવિદ્યાપીઠમાં Big four ની બોલબાલા હતી. એ ચાર હતા શ્રી નાનાભાઈ ભટ્ટ, શ્રી મનુભાઈ પંચોલી, શ્રી નટવરલાલ બૂચ અને શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ. શ્રી નાનાભાઈની તબિયત નાદુરસ્ત થતાં Big fourમાં તેમની જગ્યાએ શ્રી રવિભાઈ ઉમેરાયા.

ગામડાઓમાં વિસ્તરણ પ્રવૃત્તિઓની સંગીનતા અને પ્રસારને લક્ષમાં લઈને ૧૯૫૯માં તેમને અને શ્રી જ.મ.શાહને ભારત તથા અમેરિકન સરકારના ઉપક્રમે યુરોપ અને અમેરિકાના પ્રચારને જવાનું થયેલું. રસ્તામાં શ્રી મોરારજીભાઈ આ ભારતીય પ્રતિનિધિ મંડળને મળ્યા. તેમણે પૂછ્યું, 'અમેરિકાનો વૈભવ છોડીને ભારત આવવાનું તમને ગમશે?' તેમણે ગૌરવ સાથે સ્પષ્ટ જવાબ આપ્યો. 'હું બીજીવાર અમેરિકા આવ્યો છું. ભારતનાં ગામડાં જ મારું વતન છે અમેરિકા નહિં.'

સાંજના રમતગમતના મેદાન પર વિદ્યાર્થીઓ જુદી જુદી રમતો રમતા હોય તે વખતે તેઓ તેમની સાથે કોઈ કોઈ વખતે બાળક જેવા બની રમતમાં સામેલ થઈ ખેલદિલથી રમતો રમતા. તેમને વાંસળીવાદનનો જબરો શોખ હતો. જોકે તેની વિધિપૂર્વકની તાલીમ તેમણે લીધી નહોતી. સંસ્થામાં વિદ્યાર્થીઓના સામૂહિક રાસગરબામાં તેમને ખૂબ રસ પડ્યો અને તેઓ તેમાં પોતાના વાંસળીવાદનથી સૌને મુગ્ધ કરી દેતા.

એક વખત અમેરિકાની બેરિયા કોલેજના ડીન ડૉ. એમ્બૉઝ સંસ્થાની મુલાકાતે આવ્યા. તેમના ફળિયામાં જ તેમની બેઠક થઈ. સંસ્થાના વિદ્યાર્થીઓ પણ આજુબાજુ ગોઠવાઈ ગયા. ડૉ.એમ્બૉઝે પોતાની અંગ્રેજી કવિતાઓ સૌને સંભળાવવાની શરૂઆત કરી. શ્રી રતિભાઈ પોતે જ તેનો અનુવાદ કરીને વિદ્યાર્થીઓને સમજાવતા જાય, વચ્ચે વચ્ચે એને મળતી ગુજરાતી કવિતાઓનું સ્મરણ પણ વિદ્યાર્થીઓને કરાવતા જાય. તે વિદ્યાર્થીઓના સમૂહમાં એક વિદ્યાર્થી શ્રી મનસુખ સલ્લા પણ હાજર હતા. તેમને વળી પ્રશ્ન પૂછે 'કેમ, સલ્લા અનુવાદ પણ બરાબર થાય છે ને ?'

૧૯૬૦ -૬૧માં સ્વાતંત્ર્ય સૈનિકોને પેન્શન આપવાનું સરકારે સ્વીકાર્યું. તેઓ જેલમાં ગયેલ હતા જેથી તેઓ પેન્શનને માત્ર હતા છતાં પણ તેઓ આનો લાભ લેવા આગળ ન આવ્યા.

શ્રી પ્રમોદભાઈ પંડિત નામે એક ભાઈને

લોકભારતીમાં ખાલી પડેલ એક જગ્યાના ઈન્ટરવ્યુ માટે બોલાવેલ. સંસ્થા ગામથી દૂર હોવાથી શ્રી નાનાભાઈએ તેમને લેવા માટે એક ઘોડાગાડી મોકલેલ. તેઓ ઘોડાગાડીમાં બેસીને આવ્યા અને સંસ્થાના દરવાજે ઉતરી પડ્યા. દરવાજામાં દાખલ થઈને આગળ વધતાં તેમણે બેઠી દડીના શ્યામ રંગના પરંતુ સોહામણા એક માણસને ખાદીની ચોરણી અને ઝભ્ભો પહેરીને ચૂનાની ચક્કર ચલાવતા જોયા. આ વ્યક્તિએ તેમને પૂછ્યું. 'કેમ કંઈ તકલીફ તો નથી પડી ને ?' તેમણે ઉત્તરમાં ના પાડી. આવેલ ભાઈ પછી કાર્યાલયમાં ગયા. ત્યાં તેઓ શ્રી નાનાભાઈને મળ્યા.

શ્રી નાનાભાઈએ તેમને સામાન બાજુની રૂમમાં મૂકીને સ્વસ્થ થવા કહ્યું. તદુપરાંત તેમને કહ્યુ કે તમે થોડી વાર બેસજો. હમણા શ્રી રતિભાઈ આવશે. તેમને તમે મળજો. થોડીવાર થઈ એટલે પેલા ચક્કી ચલાવતા ખાદીધારી ભાઈ જ ત્યાં આવી ગયા અને તેમણે તેમને પૂછ્યુ, 'મુસાફરી કેવી રહી ?' તેમની સાથે સામાન્ય વાતો કરતાં તેમને જાણવા મળ્યું કે શ્રી નાનાભાઈએ જેમનો ઉલ્લેખ કરેલ તે આ જ શ્રી રતિભાઈ છે.

શ્રી પ્રમોદભાઈના એક મિત્ર શ્રી રમેશભાઈ પટેલ લોકભારતીમાં એક ઈન્ટરવ્યુ માટે આવેલા. શ્રી રતિભાઈ ખેતી વિભાગના વડા હતા. અને તેઓ ઈન્ટરવ્યુ લેવાના હતા. શ્રી રમેશભાઈને એમ હતું કે ઈન્ટરવ્યુ લેનાર શ્રી રતિભાઈ કોઈ મોટી કાચવાળી કેબિનમાં બેસતા હશે. જ્યાં તેઓ તેમને બોલાવશે. તેમને પછી ગાદી તકિયાવાળા એક રૂમમાં બોલાવ્યા. ત્યાં જ બેઠેલ શ્રી રતિભાઈ તો ખાદીના ઈસ્ત્રી વગરના ઝભ્ભો અને લેઘો પહેરેલા તેમને દેખાયા. આવાં સાદાં કપડામાં બેઠેલા શ્રી રતિભાઈ પ્રત્યે તેમને ખૂબ અહોભાવ પેદા થયો.

રમેશભાઈ પટેલના એક મિત્ર શ્રી રતિભાઈ પંડ્યા ૧૯૬૧ના દિવાળી વેકેશનમાં એક ઈન્ટરવ્યુ માટે આવ્યા. બંને જણા શ્રી રતિભાઈના આવાસે ગયા. તેઓ ત્યારે પોતાના ફળિયામાં એક ખાલી કોથળાના આસન પર બેસીને વાણંદ પાસે વાળ કપાવતા હતા. બંનેએ આ પરીસ્થિતિ જોઈને શ્રી રતિભાઈને કહ્યું કે અમે બંને પછી આપને મળવા ઑફિસમાં આવીએ છીએ. ત્યારે શ્રી રતિભાઈએ કહ્યું, 'અહીં અમારે ગામડામાં ઑફિસ અને ઘર એક જ હોય છે. તમારે કોઈપણ જાતની ફોર્માલીટી રાખવાની જરૂર નથી. તમે અહીં બેસો. આપણે અહીં બેઠાં બેઠાં બધી વાતો કરી લઈશું અને વાણંદ એનું કામ કરતો રહેશે.' આમ તે સ્થળે જ તેમનો ઈન્ટરવ્યુ થઈ ગયો.

લોકભારતીમાંથી તેઓ ૧૯૬૪માં છૂટા થયા. તે વખતે તેમને દિલ્હીથી કહેણ આવ્યું કે તમે દિલ્હીમાં ચાલતી ઓ.ટી.સી. નામની સંસ્થાનું આચાર્યપદ સંભાળો જ્યાં તમને માસિક ૧૨૦૦ પગાર મળશે. લોકભારતીમાં તેઓ માસિક પગાર રૂ.૩૦૦ લેતા હતા. તે યુગમાં શ્રી નાનાભાઈની બંને સંસ્થાઓમાં પગાર આપવાનો પ્રશ્ન જ નહોતો. પણ કાર્યકરે વેતન લેવાનું હતું. કાર્યકર પોતે જ પોતાના પોષણ પુરતું વેતન લેતો. શ્રી રતિભાઈની જરૂરિયાત માસિક રૂ.૩૦૦ હતી તેથી તેઓ તેટલી રકમ જ લેતા. અમેરિકાથી ભણીને જ્યારે તેઓ પરત આવ્યા ત્યારે તેમણે રૂ.૬૦ વધુ લીધા કારણ કે તેમને અમેરિકાના અભ્યાસ દરમિયાન લીધેલી લોન હવે પરત કરવાની હતી. તેમણે દિલ્હીની ઑફિસ નકારી દીધી અને કહ્યું કે મારે તો ગ્રામસેવા કરવી છે અને મારે મારી આજીવિકા ખેતી ઉદ્યોગમાંથી જ પ્રાપ્ત કરવી છે. આ માટે તેઓ સોનગઢ ગામના ખેડૂત બન્યા. થોડીક જમીન જે વહેણવાળી, ખાડા ટેકરાવાળી તેમજ બંજર હતી. તેને તેમણે ટ્રેક્ટરની મદદથી સરખી કરી, તેમાં કૂવો પણ ખોદ્યો. અને એમાંથી સારી એવી આમદાની આપતી ઉત્તમ નમૂનારૂપ વાડી ઊભી કરી દીધી. શરૂઆતમાં ઘણી આર્થિક ભીડ વેઠીને ખેડ, ખાતર અને પાણીનો ચમત્કાર કેવો હોય છે તે દુનિયાને બતાવી આપ્યું. રાજકોટથી પ્રસિદ્ધ થતાં ફૂલછાબ દૈનિકમાં તેઓ ખેડ, ખાતર અને પાણીની કૉલમ નિયમિત લખતા. અન્ય એક માસિક અજિત, ઊર્મિનવરચના અને કૃષિગોવિદ્યા માસિકમાં પણ તેઓ ખેતી વિષયક લેખો લખતા. તેઓ ઘણી વખત કહેતા કે કવિ નર્મદ જેમ કલમને ખોળે જીવ્યો તેમ હું પણ કલમને અને હળને ખોળે જીવવાનો છું.

૧૯૭૨માં ગુજરાતમાં કૃષિ યુનિવર્સિટી કાર્યરત થઈ. જૂનાગઢ ખાતે તેનું કેમ્પસ હતું. તત્કાલીન રાજ્ય સરકારે તેના નિયામક તરીકે તેમની નિમણૂંક કરી. તેમના ત્રણ વરસના સ્વચ્છ અને સર્જનાત્મક પ્રશાસનનું મૂલ્યાંકન કરતા લોકસેવક મૂલ્યનિષ્ઠ શ્રી રતુભાઈ અદાણી લખે છેઃ

'જૂનાગઢ કેમ્પસના નિયામક તરીકે ત્રણ વરસના ગાળામાં એમણે એમની મૌલિક દૃષ્ટિનો અને વહીવટી કાર્યક્ષમતાનો અદ્ભુત પરિચય આપ્યો. તેઓ પછાત વિસ્તારના કોઈ ગામની સીમમાં ખેડૂતો સાથે વાતો કરતા હોય, ખેડૂતોની સભાને સંબોધતા હોય કે વૈજ્ઞાનિક પરિષદનું સંચાલન કરતા હોય ત્યારે તેમનું સૌમ્ય અને પ્રભાવશાળી વ્યક્તિત્વ એકસરખું ખીલેલું અને એક જ રંગે રંગાયેલું જોવા મળે. જૂનાગઢ કેમ્પસના વિકાસ માટે એમણે ઉઠાવેલી જહેમત, હાથ ધરેલ વિવિધ કાર્યક્રમો તથા ઉજ્જવળ પરંપરાની કંડારેલી કેડીઓ અને નિર્માણ કરેલ સુંદર વાતાવરણને કારણે જૂનાગઢ કેમ્પસનો સંગીન પાયો નખાયો.

તેમની વહીવટી સૂઝબૂઝ તથા દક્ષતાને લક્ષમાં લઈને ગુજરાત સરકારના એક સાહસ ગુજરાત રાજ્ય બીજનિગમના અધ્યક્ષપદે ૧૯૮૦માં તેમની નિમણૂંક થઈ. તેમણે જ્યારે હોદ્દો ધારણ કર્યો ત્યારે તેની માત્ર ચાર જ શાખાઓ કાર્યરત હતી. ભ્રષ્ટાચાર વગરના સુંદર વહીવટથી તેમણે તેની શાખાઓ ૧૪ પર લાવી દીધી. આ અસરામાં મગફળીની એક નવી જાત શોધાઈ હતી. સર્વાધિક ઉત્પાદન દેતી આ જાત હતી. તેનાં બિયારણનો જથ્થો સંસ્થા પાસે અલ્પ હતો. જો ગુજરાતમાં તેનો ખરીફ પાક ન લેવાય તો પ્રમાણિત શુદ્ધ બીજનો પુરવઠો એક વર્ષ મોડો તૈયાર થાય પરિણામે ઉત્પાદન વધારામાં એક વર્ષનું મોડું થાય. તેમણે આનો ઉકેલ શોધી કાઢ્યો. આંધ્ર પ્રદેશમાં આનું મોટા પાયે વાવેતર કરાવીને ખરીફ પાકનું પર્યાપ્ત બિયારણ ત્યાં તૈયાર કરાવી લીધું. બીજનિગમમાં ચાલતો ભ્રષ્ટાચાર દૂર કર્યો અને લાખોની ખોટ કરતા નિગમને નફો કરતું બનાવી દીધું અને ગુજરાતમાં જ નહિ પરંતુ ગુજરાત રાજ્ય બહારના રાજ્યોમાં ગુજરાત બીજ નિગમના માર્કેટના દરવાજા ખૂલી ગયા.

ગુજરાત રાજ્ય જમીન વિકાસ બૅન્કની શિહોર શાખાની કારોબારી સમિતિમાં તેઓ સેવા આપતા હતા. બૅન્ક ઑફ ઈન્ડિયાની ભાવનગર શાખામાં સ્થાનિક કમિટિ સભ્ય તેમજ સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાના અમદાવાદ વર્તુળની સ્થાનિક કમિટિના સભ્ય તરીકે તેઓ સેવા આપતા હતા.

ગુજરાત રાજ્ય જમીન વિકાસ બૅન્ક શિહોર શાખામાં એક કર્મચારી શ્રી વિષ્ણુભાઈ જોશી નોકરી કરે. તેમની સાથે બનેલો એક ભાવપ્રસંગ તેમના જ શબ્દોમાંઃ

'૧૯૭૮માં હું મારા વતન ભાવનગરમાં ઘરનું ઘર કરવાની ઈચ્છાથી કોઈ જૂનું મકાન અથવા પ્લોટ જોતો હતો. ત્યારે જાણવા મળ્યું કે શ્રી રતિભાઈને ભાવનગર લક્ષ્મી સોસાયટીમાં પોતાનું મકાન વેચવાનું છે. હું સોનગઢ જઈને તેમને રૂબરૂ મળ્યો. તેમણે વડીલભાવે મને પૂછ્યું કે તમારી પાસે કેટલી રકમની જોગવાઈ છે? મેં કહ્યું કે મારી પાસે રૂ.૨૦૦૦૦/- ની રકમ હાથ પર છે. બાકીની રકમ હું પાંચ વર્ષના હપ્તે આપને આપીશ. કોઈપણ જાતની ઝાઝી ઓળખાણ વગર તેમણે મારી દરખાસ્ત સ્વીકારી અને મને એક માસમાં આ મકાનનો કબજો પણ સોંપી દીધો. મકાનમાં રહેવા ગયા પછી છ માસમાં મોટી પુત્રીનાં લગ્ન લેવાયાં. તેમને હું કંકોત્રી આપવા ગયો તો તેઓએ સામેથી મને કહ્યું કે જોશીભાઈ લગ્નમાં કોઈ રકમની જરૂર હોય તો વિનાસંકોચે કહેજો. મેં કહ્યું કેભાઈ, પૈસાની સગવડ થઈ ગઈ છે. મેં મકાનની બાકી રકમ પાંચ વરસને બદલે છ વરસે પુરી કરી છતાં કોઈ ઉઘરાણી નહિ. કેટલી બધી ઉદારતા!'

લોકભારતીની બાજુમાં આવેલ સણોસરા ગામ સાથે પણ તેમને સારો સંબંધ. તે ગામના શ્રી છગનભાઈ મિસ્ત્રીને લોકભારતીના કૂવા પરના ઓઈલ એન્જિન ચલાવવાના કામે રાખેલ. એક વખત તેઓ શ્રી છગનભાઈને કહે, 'અહીં બાજુમાં જીંથરી ટી.બી. હૉસ્પિટલમાં આપણે સણોસરા ગામવતી એક પથારી કાયમી ધોરણે બુક કરાવીએ જેથી ગામના કોઈ ગરીબને જરૂર પડે તો તેને દાખલ કરી શકાય. આના માટે કુલ રૂ.૧૨૦૦ ભરવા પડે જેમાં રૂ.૬૦૦ તાલુકા પંચાયત આપશે. રૂ.૪૦૦ ગ્રામ પંચાયત આપશે અને રૂ.૨૦૦ આપણે આખા ગામમાં ભેગા કરવાના છે. આમ બંને જણાએ આ રકમ આખા ગામમાં ઘેર ઘેર ફરીને ભેગી એક કરીને એક પથારી બુક કરાવાનું ઉમદા કાર્ય કર્યું.

સણોસરા ગામ માટે તેમને એક બીજો વિચાર પણ આવ્યો. આ ગામ આગળ ઉપર નાનામાંથી મોટું થતું જશે. કેમકે આ ગામ રોડ પરનું છે. ગામના વિદ્યાર્થીઓને અત્યારે પ્રાથમિક શિક્ષણ પછી માધ્યમિક શિક્ષણ માટે બહાર ભણવા ચાલતા અથવા રેલવે મારફત દૂર જવું પડે છે. જો ગામમાં

જ હાઈસ્કૂલ શરૂ કરવામાં આવે તો વિદ્યાર્થીઓને મોટો લાભ થાય. શ્રી છગનભાઈએ આ વાત સાંભળીને કહ્યું કે મારે ધાર્મિક કાર્યમાં મારા મોટાભાઈના નામે રૂ.૧૦૦૦/- આપવાના છે તો તે રકમ હું આ કાર્યમાં આપું છું. માટે કરો કંકુના. આમ ગામમાં બંને ઘેર ઘેર ફરીને મોટી રકમ એકઠી કરીને તે રકમમાંથી ટ્રસ્ટ બનાવીને, સરકારની મંજૂરી મેળવીને ગામમાં હાઈસ્કૂલ ઊભી કરી દીધી. આ ટ્રસ્ટના પ્રમુખ તરીકે પોતે રહીને તેમણે સંસ્થાને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવું.

છેલ્લે તેમના પર કૃષિ યુનિવર્સિટીના કુલપતિની મોટી જવાબદારી સંભાળવા દબાણ આવ્યું પરંતુ તેમણે તેની સ્પષ્ટ ના પાડી અને કહ્યું કે મારે તો ભાલ વિસ્તારમાં સેનેસ વગેરે ગામોની જે ખારલૅન્ડ છે તેને સુધારવાનું અને ખેડૂતો તેમાંથી સારું ઉત્પાદન લેતા થાય તે કામ કરવું છે. આ કામની હજી તો શરૂઆત થાય તે પહેલા કોઈ અસામાજિક તત્ત્વે અજાતશત્રુ, ખેતીના જીવ શ્રી રતિભાઈનું તા.૨૭-૫-૧૯૮૫ના રોજ ખૂન કરીને સમાજ પાસેથી એક મહામાનવને છીનવી લીધો.

તેમને સંતાનોમાં બે દીકરાઓ. આનંદ અને આલાપ. બે દીકરીઓ જુગનું અને અવનિ, તેમજ ધર્મપત્ની શાંતાબહેનને રોકકળ કરતા મૂકીને તેઓ સ્વર્ગે સીધાવ્યા.

ભાવનગર ગઝલકાર તેમના સહાધ્યાયી શ્રી કિસ્મત કુરેશીએ તેમને આપેલી શ્રદ્ધાંજલિ તેમના શબ્દોમાં જ.

ક્યાં જન્મ્યા, ક્યાં લીધું શિક્ષણ, ક્યાં સેવા સ્વીકારી?
સિદ્ધાંતો, આદર્શો ખાતર જિંદગી હોમી તમારી.
રહ્યાં તમારાં સહાય ખેડ, ખાતર ને પાણી,
અજાતશત્રુ! અંત જીવનનો શત્રુએ દીધો આણી.
જીવન ખેતર, શિક્ષણનું હળ, આદર્શોનું બિયારણ,
ખાતર સદ્‌ગુણનું, જળ શ્રમનું જીવનભર એ મથામણ.
રતિ-જીવનથી વાઢી બાંધ્યાં સ્મરણોના આ ભારા,
એ જ હવે તો સ્વજનો કેરાં આશ્વાસન બનનારા.

●---------●●●--------●●●---------●

એ-૮, વિરાટ એપાર્ટમેન્ટ, સત્તાધાર ચા રસ્તા, સોલા રોડ, અમદાવાદ- ૩૮૦૦૬૧ મો. ૯૪૨૮૭૩૦૨૦૧

**(અનુસંધાન પાના નં. ૪૨૬ ઉપરથી)**

જન્મી શકે ? મારે મન તો જેનું જીવન સ્વીકારના સ્વરમાં રસાયેલુ સંતોષનુ ગાન છે. તે જ આવી ‘વાહ’ માં પડઘાયા કરે.

તમે જ્યારે પુર્ણ સંતોષ જીવો છો ત્યારે તમામ સરખામણી અને સ્વાર્થ ખરી જાય છે. અને રહી જાય છે કેવલ સ્નેહ. આ સંતોષ, આ સ્નેહ તમને સમત્વબોધમાં ઉજાગર કરી દે છે. અને પછી તમારો પ્રત્યેક શ્વાસ, જીવન આરતી બની રહે છે. અને તમારો પ્રત્યેક ઉચ્છવાસ ‘વાહ’ – વંદના’ તરીકે વિસ્તરી રહે છે.

કોઈ વિફળતા તમને પજવે નહી. બધું જ સફળ અને સિદ્ધ થઈ રહે ત્યારે સંતોષની અણુભઠ્ઠીમાં તમારો સ્વ તમારો અહંકાર ઓગળીને આનંદ બનીને તમને શિતળતાએ સભર કરી દેતો હોય છે. આ આનંદ, આ સંતોષ અન્યના હૃદયે ‘વાહ’ બનીને પડઘાય એજ જીવનની સાર્થકતા.

મારે મન સંતોષ એ જીવનનો મુળ મંત્ર છે. આ મંત્રની રટણા તમને જીવન સાક્ષાત્કાર સુધી દોરી જઈ શકે તેવી પ્રબળતા અને પૂણ્ય છે. શક્તિ, સંપતિ, સંબંધ, સમજણ અને સ્નેહના બધા જ માર્ગે અને સ્તરે સંતોષમાં ઉજાગર થવાનું છે.

આ થોડે અટકી જવાની નહીં પણ સતતના પટે વહેતા રહેવાની, વિસ્તરતા રહેવાની ઘટના છે. પ્રતિપળ અને અંતિમસુધી જે પાછુ આવી મળે છે. એ પૂર્ણની ઓળખ બનીને પરમ સંતોષમાં સ્થાપી દેશે તેમાં મને કોઈ શંકા નથી. આ સંતોષ જ પેલી હૃદયની ‘વાહ’નું પ્રાગટ્ય અને પ્રકાશ છે. આ ‘વાહ’ જ અન્યોને અદ્વૈતે એકાકાર કરી દેતો સિદ્ધ કિમીયો છે. જે આવી મળ્યુ એ મમ હિતનું એ સંતોષ તમને સમગ્રના સ્વીકારની સ્પંદનામાં નિઃસ્પંદિત કરીને સુગંધ સુગંધ કરી દેશે તેમાં મને કોઈ શંકા નથી.

આટલા શબ્દ વ્યવહારના સંતોષે હરિ ૐ.

●---------●●●--------●●●---------●

૨૧૯ એવી/૬, ‘કર્ણાક’ , આંબાવાડી રોડ,ઘોઘા સર્કલ, ભાવનગર. મો.૯૪૦૯૪૭૦૬૨૪

## (૦૮) વિલાયતી ખાતરો ! એ તો ઝેર કહેવાય !

- મહિપતસિંહ ઝાલા

આ વખતનાં કોડિયુંમાં-માર્ચ-૨૦૧૯માં લોકભારતીના જુના વિદ્યાર્થી અને આજના પ્રગતિશીલ ખેડૂત શ્રી હીરજીભાઈ ભીંગરાડિયા(માલપરા)નો આધુનિક જમાનામાં માણસમાં પેસી ગયેલ રોગો વિષેનો લેખ વાંચ્યો. એમણે ડાયાબીટીસના દર્દીઓ વિષેની વાત કરી છે અને એ બધા રોગો થવાના કારણોમાં મુખ્યત્વે શરીરશ્રમ છૂટી ગયો તેની વાતો તેમની આગળ શૈલીમાં બહુ સરસ રીતે કરી છે. રોગો વધી ગયા ઈ એના કારણોમાં બીજુ ફેક્ટર રાસાયણિક ખાતરો અને પાકોમાં છંટાતી આડેધડ દવાઓ એ પણ એટલી જ જવાબદાર છે તેવી વાત પણ કરી છે.

એમનો એ લેખ વાંચ્યા પછી મને હું લોકભારતીમાં ભણવા માટે દાખલ થયો (૧૯૫૬માં) ત્યારનો ભૂતકાળ યાદ આવ્યો. એટલે એને થોડા શબ્દોમાં મૂકવાનું મન થયું. ખાસ કરીને હાલ આપણાં માથાના દુ:ખાવા જેવા આ રાસાયણિક ખાતરો અને દવાઓ વિષે. એજ વરસે કેન્દ્ર સરકારનો બે વરસનો કૃષિનો રૂરલ ઈન્સ્ટિટ્યુટ(આર.આઈ.)નો અભ્યાસક્રમ શરૂ થયેલો. ગામડાંમાં વિસ્તરણનું કામ તો લોકભારતી તેની શરૂઆતથી જ કરતી આવી છે. એટલે આજુબાજુના ગામડાઓમાં ખેડૂતોનું પાક ઉત્પાદન કેવી રીતે વધારી શકાય એની ભલામણ તો ત્યારની ચાલતી જ હતી. મુ. શ્રી કુમદભાઈ ઠાકરની આગેવાની નીચે એ વખતે આ બધા અખતરાઓ જુદા જુદા પાકોમાં ચાલતા જ હતા. ખેતીના વિદ્યાર્થી તરીકે આ બધા પ્રયોગોમાં અમને જોડતા હતા.

એમાં રસાયણિક ખાતરોના પ્રયોગો પણ કરાવતા. એ સમયમાં હજી ગામડામાં રસાયણિક ખાતરનું નામ ઓછું સંભળાતું- તેને વિલાયતી ખાતર તરીકે ઓળખતા. આ વિલાયતી ખાતરો ખેડૂતોના ખેતર સુધી પહોંચાડવા અને ખેડૂતોનું ઉત્પાદન વધારવું એ લોકભારતી-વિસ્તરણ વિભાગનું મોટું કામ હતું. એટલે પહેલા લોકભારતીની અંદર જુદા જુદા પાકો ઉપર દરેક પાક માટે નાનાં કયારા બનાવી, કેટલાક કયારામાં એમોનિયમ સલ્ફેટ (નાઈટ્રોજનયુકત ખાતર) નાખેલું હોય કેટલાંકમાં એ ખાતર ન નાખ્યું હોય. આવી ત્રણ કે ચાર પૂનરાવર્તન કરેલી હોય. જે જે કયારામાં વિલાયતી ખાતર નાખેલું હોય તે કયારાનો પાક અને જે કયારામાં નથી નાખ્યું તે કયારાના પાકમાં કેટલો ફરક પડયો ઈ તે જોનારને તેનો ફરક તુરત દેખાય. પાક તૈયાર થાય એ પછી તે જોવા માટે આજુબાજુના ગામો સાંઢિડા, ઝરિયા, વાવડી, ઈશ્વરિયા, પીપરડી વગેરે ગામડાના ખેડૂતોને સમજાવીને જોવા માટે બોલાવે. થોડા ખેડૂતો આવે-જુવે. રસાયણિક ખાતર જે જે કયારામાં નાખ્યું ઈ તે કયારે તુરત જ જુદો પડતો હોય. નિદર્શન જોયા પછી ખેડૂતનું નાનું સંમેલન થાય અને તેમાં ખેડૂતોનો અભિપ્રાય પૂછે. એ વખતે ખેડૂતો એવું કહેતા કે "આ વિલાયતી ખાતર અમારી દૃષ્ટિએ ઝેર એ ઝેર! આવું ઝેર અમારે અમારા ખેતરમાં નાખવું નથી" આવા શબ્દો એ વખતે ખેડૂતો બોલતા. અને આ વિચારસરણી માત્ર બે-પાંચ ખેડૂતોની હતી એવું નહિ પણ કોઈ પણ ગામડામાં જઈને આ વાત કરો તો એ બધઆ આ રાસાયણિક ખાતરને 'ઝેર' સમજતા. મારે લખવાનું એટલે થયું કે આવી સાચીને ઉંચી સમજ એ વખતે ત્યારના ખેડૂતો સમજતા હતા, ત્યારે આપણે ભણેલા ગણેલા, ખેતીવાડીની કોલેજેમાંથી ભણીને આવેલા-ખેતીવાડીના સ્નાતકો-અનુસ્નાતકો આ વાત નહોતા જાણતા ? કે આ રાસાયણિક ખાતરો અને દવાઓ જમીન માટે ઝેર સમાન છે ! આપણે ઘણાં વરસ સુધી આ ખોટી વસ્તુ ખેડૂતોને સમજાવતા રહ્યા (એ વખતે કદાચ આપણને પણ ખબર નહોતી) એટલું જ નહિ પણ ખેડૂતોની વાડીએ સંસ્થાના ખર્ચે પ્રયોગો-નિદર્શનો ગોઠવાતા, અને સમજાવતા લક્ષ એક જ હતું કે ખેડૂતોનું ઉત્પાદન વધારવું. અને આમ ઉત્પાદન દોઢું કે બમણું કરીને દેખાડયું અને આ ઝેર ખેડૂતોને તેમની જમીનમાં નાખતા કર્યા.

હું મારા ગામની વાત કરું તો અમારા ભાલનાં ગામડાઓ વરસો સુધી વિલાયતી ખાતરો વપરાતા નહોતા. કે જયારે પાણીવાળા વિસ્તારો આ ખાતરો વાપરતા થયા હતા. ભાલમાં એ વખતે એવું માનતા કે આ ખાતર પાણીવાળા વિસ્તારો માટે બરાબર છે. આપણે નો નખાય.

વરસો જતાં મને પણ ખબર નથી કે ભાલનાં ગામડાઓમાં આ વિલાયતી ખાતર કયારે ઘુસી ગયું. હવે તો ત્યાં પણ છૂટથી એનો ઉપયોગ થવા લાગ્યો છે.

હવે આજે ૬૦-૭૦ વરસે આપણને ભણેલા વર્ગને સમજાયું કે આ તો બધું પર્યાવરણની વિરુદ્ધનું કાર્ય કરી બેઠા. જયારે માનવ સમાજ રોગોથી ઘેરાઈ ગયો છે ત્યારે.

આ લખવાનું શરૂ કર્યું ત્યારે મને વિચાર આવ્યો કે અમને એ વખતે -૧૯૫૬ને એ પછીના ગાળાં- આ પ્રયોગો કરાવતા, શિખવતા, ગામડામાં પ્રસાર કરાવતા એવા માણસ મુ. શ્રી કુમુદભાઈ હજી આપણી વચ્ચે બેઠા ઈ તો તેમની સમજણ એ વખતે જે હતી તેમાં આ રાસાયણિક ખાતર જમીન માટે ઝેર સમાન છે એવી તેમને ખબર હતી કે નહિ ? મેં એમને ફોન કરીને પૂછયુ કે આ રાસાયણિક ખાતરોનો આપણે ઢોલ વગાડીને પ્રચાર કરતા હતા, તો એ વખતે એનાં માઠા પરિણામોની આપણેને ખબર નહોતી ? ત્યારે તેમણે કહ્યું કે "એ વખતે આપણી સમજણ ખેડૂતોનું ઉત્પાદન કેમ વધે તે જ નજરમાં હતું. અને એ વખતે આપણને પણ જમીન માટે આ ખાતરો ઝેર સમાન છે એવું વિજ્ઞાન વિકસ્યું નહોતું. એટલે ખબર નહોતી. વિજ્ઞાન હંમેશા વિકસતું રહે છે. તેના પરિણામોની અસર સારી કે મોળી એ અમુક વરસ પછી પડે છે. હવે આટલા વરસે એ વાત જુદા જુદા પ્રયોગો દ્વારા વિજ્ઞાને જ તારવી કે આ રાસાયણિક ખાતરો જમીન માટે અને આપણાં સૌ માટે ઝેર સમાન છે અને માનવજાત માટે રોગનું કેન્દ્ર છે." આગળ તેમણે કહ્યું, "હવે આપણને સજીવ ખેતીની વાત સમજાણી એટલે એના પ્રયોગો કરવા લાગ્યા. સજીવ ખેતીમાં પાર્લેકર પદ્ધતિનો પ્રચાર હવે થવા લાગ્યો છે અને હાલ ભારતમાં ૫ લાખ ખેડૂતોએ તેને અપનાવી છે. એમાંની ખેડૂતોને સારુ ઉત્પાદન મળે છે. હવે સરકારે પણ આ સજીવ ખેતીને પ્રોત્સાહન આપવાનું શરૂ કર્યું છે." આ તેમનો અભિપ્રાય હતો.

પણ હજી વાસ્તવિકતા એ છે કે ખેડૂતોને તમે સજીવખેતીની વાતો ગમે તેટલી કરો પણ તેના ગળે ઉતરતી નથી. કારણ કે રાસાયણિક ખાતર ન નાખે તો સીધું જ તેનું ઉત્પાદન ઘટી જવાનું છે. શાકભાજી વાવનારા ખેડૂતો શાકભાજી ઉપર એટલે દવા છાંટે છે કે તમે જુઓ-સાંભળો તો તમને એમ થાય કે શાકભાજી ખાવાના જ બંધ કરી દઈએ. આજકાલ જે રીતે જુદા જુદા રોગો માનવજાતમાં ઘર કરી ગયા ઈ તેના કારણમાં મારા મતે તો રાસાયણિક ખાતરો અને દવાઓનો જ મોટો ફાળો છે.

આમાં એલોપથીના દવાઓનો પણ એટલો જ ફાળો છે.

આજના ખેડૂતને માણસના આરોગ્યની ચિંતા નથી. એ તો ઉત્પાદન હજી કેમ વધારે આવે તેની જ ફિકરમાં છે.

હવે કોઈ કોઈ પ્રગતિશીલ ખેડૂતોને સજીવ ખેતીની વાત ગળે ઉતરવા લાગી છે. બજારમાં હવે ગોળ તો સજીવ ખેતીના નમે મળવા લાગ્યો છે. બીજી બધી રોજીંદી ખાવાની ચીજવસ્તુઓ રાસાયણિક ખાતર અને દવા વગરની મળવાની કયાંક કયાંક શરૂ થઈ છે. ભલે મોંઘી મળે છે. પણ માત્રા બહુ ઓછી છે. નજીકના ભવિષ્યમાં તો મોટાભાગના ખેડૂતો આમાંથી બહાર નીકળે તેવું દેખાતું નથી. કારણ કે આપણે જ એને એમાં ધકેલ્યા છે. હવે એમાંથી એને બહાર કાઢવો હોય તેમ લોકભારતી અને એના જેવી બીજી સંસ્થાઓએ જ મહેતન કરવી પડશે.

વિસ્તરણ કાર્ય કયારેય અટકવાનું નથી. ખેડૂતોને આ રાસાયણિક ખાતર-દવાઓમાંથી પાછા વાળવા સજીવ ખેતીની જયાં જયાં નવી પદ્ધતિઓ વિકસી હોય તે જોવા માટે ખેડૂત પ્રવાસો ગોઠવવા જોઈએ. લોકભારતીના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર આવા પ્રવાસો ગોઠવવા જોઈએ. જેમ રાસાયણિક ખાતરો વાપરતા કરવા માટે જે મહેનત ભૂતકાળમાં ત્યારની સમજણ મુજબ કરેલી તેનાથી વધારે મહેતન હવે તેને તેમાંથી બહાર કાઢવા માટે કરવી પડશે.

સજીવ ખેતીની તરફ વળવાનું આ કામ આપણી સામે એક પડકારરૂપ છે તેમ માનીને લોકભારતી અને એના જેવી બીજી સંસ્થાઓએ કરવું જોઈએ. પરિણામ આવતા થોડા વરસ લાગશે પણ વહેલું મોડું આપણે ખેડૂત સમજ તો થશે. સરકારે પણ આમાં વધારે ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. સામાજિક સંસ્થાઓ અને સરકાર બંને જો આમાં સાચા દિલથી મહેનત કરશે તેમ ખેડૂત તેમાં જરૂર સાથ આપતો થશે એમાં શંકા નથી. ઈશ્વર આપણને સૌને આ કાર્યમાં શક્તિ આપે એવી પ્રાર્થના.

●---------●●●--------●●●---------●

શિવપાર્ક સોસાયટી, નવદીપ હોટલની પાછળ, રાજકોટ હાઈવે, સિહોર

## (૦૯) વૃદ્ધાશ્રમો કેમ વધે છે ?

- રણછોડ શાહ

"સજ્જન તરીકે જન્મવું તે એક અકસ્માત છે;
સજ્જન તરીકે મરવું તે એક સિદ્ધિ છે."

મનુષ્ય જીવન સદ્દગુણો અને સુટેવોથી ભરપૂર છે, તો દુર્ગણો અને કુટેવો પણ જિંદગી સાથે વણાયેલ છે. બાળપણ, કિશોરાવસ્થા અને તારુણ્ય સુધીમાં વ્યક્તિના જીવનનું મહત્તમ ઘડતર થઈ જાય છે. આ વર્ષો દરમિયાન પ્રાપ્ત કરેલ અનુભવોના આધારે વ્યક્તિ જીવનમાં આગળ વધતો હોય છે. આ સમયગાળામાં પ્રાપ્ત થતા વડીલોમાં કેટલાક સગપણના નાતે જોડાતા હોય છે તો કેટલાક સંબંધોને કારણે જીવનમાં પ્રવેશતા હોય છે. સગાઓ સાથે જન્મથી લોહીના સંબંધો બંધાઈ જાય છે. જ્યારે મિત્રો, પાડોશીઓ અને સહાધ્યાયીઓ સાથે કામ અને વ્હાલના નાતે જન્મ બાદ સંબંધો સર્જાય છે. સંબંધોની કેમેસ્ટ્રીમાં ભાવના અને લાગણી મુખ્ય ઘટકો છે.

છેલ્લા ત્રણચાર દાયકામાં કોંટુંબિક જીવનમાં અકલ્પનીય ફેરફારો પ્રવેશી ચૂક્યા છે. વડીલો યુવાનો ઉપર દોષારોપણ કરે છે અને તરુણ-તરુણીઓ મોટેરાંઓનું વર્તન ભૂલ ભરેલું છે, તેમ જણાવી અરસપરસ જવાબદારીમાંથી છટકી પલાયનવાદી બની રહ્યા હોય તેવું નજરે પડી રહ્યું છે. સાચા અર્થમાં સામાજિક કે કૌટુંબિક વિકાસ સહિયારી જવાબદારી છે.

"પિતાને બાળકો હોય છે,
પણ બાળકોને સારો પિતા
કયારેક જ મળે છે."

એક દિવસ રોશન વૃદ્ધાશ્રમમાં તેના મિત્ર પ્રતિકના વૃદ્ધ માતાપિતાને મળવા જાય છે. રોશન આશ્રમમાં જઈ વડીલોના આશીર્વાદ પ્રાપ્ત કરવા તેમને પગે લાગે છે. તેની પીઠ ઉપર પ્રેમથી હાથ ફેરવતાં ફેરવતાં આશીર્વાદ આપતી પ્રતીકની વૃદ્ધ માતા એકદમ ગુસ્સે થઈ જાય છે. તે રોશનને કહે છે, "તું તારા મિત્રના વૃદ્ધ માતાપિતાની ખબર જોવા અહીંયાં આવ્યો છે. પરંતુ પ્રતિક તો અમારી સહેજ પણ કાળજી રાખતો નથી. તે તો અમારી સાથે સડેલા કૂતરાની જેમ વ્યવહાર કરે છે!" વૃદ્ધા મોટે મોટેથી બરાડા પાડીને બોલી પોતાની જાતને કણસી રહી હતી. તે સંતાનો માટે હલકા, ગંદા, અયોગ્ય અને અસભ્ય શબ્દો વાપરી રહી હતી. વૃદ્ધાનો ગુસ્સો, દુઃખ, ધિક્કાર અને આક્રંદની કલ્પના થઈ શકે તેમ છે. એન્જિનિયર પુત્ર અને ડૉક્ટર દીકરી તેમની કાળજી રાખતા નથી. તેઓ ક્યારેય તેમને મળવા આવતા નથી.

રોશન બોલ્યો, "બા, તમે તમારા બાળકો માટે આવા અપશબ્દો ન બોલો તો સારું."

માતા પુનઃ વેદનાસભર વાણીમાં બોલ્યા, "તેઓ બંને મોટા બંગલામાં તેમના સંતાનો સાથે સુખચેનથી રહે છે. તેમની સેવામાં સતત નોકરો હાજર હોય છે. તેઓ મંદિરમાં જઈ લાખો રૂપિયાનું દાન કરે છે. પરંતુ થોડીક મિનિટો કે થોડાક રૂપિયા અમારે માટે વાપરવા તૈયાર નથી." તે ગમગીન બની, નિરાશાની ગર્તામાં ધકેલાઈ સંતાનો તરફ અત્યંત નકારાત્મક બની ગયા હતા. આ સમયે કેટલાક પાયાના ખ્યાલો અને કડવા સત્યો તરફ ધ્યાન આપવાની ખાસ જરૂર છે.

"બાળકોના એવા અવગુણ ને
માબાપો ભાગ્યે જ માફ કરી શકતા હોય છે
- જે એમણે પોતે જ રોપેલા હોય."

રોશન બોલ્યો, "બા, હું તમને થોડાક પ્રશ્નો પૂછી શકું?" વૃદ્ધાએ હકારમાં ડોકું હલાવતાં રોશને પૂછ્યું, "તમે તમારા બાળકોને તમારા શરીરના ભાગરૂપે જન્મ આપ્યો છે. તમે તમામ સગવડો પૂરી પાડી ઉછેર કર્યો છે." આ સાંભળતાં માતા બોલી ઊઠી, "હા, હા, ઘણીવાર અમે ભૂખ્યા રહીને પણ તેમને સારું સારું ખાવાનું પૂરું પાડ્યું છે." રોશને કહ્યું "એટલે જ તો તેઓનું મન અને તન સ્વાસ્થ્યપૂર્ણ છે."

આ સાંભળતા જ માતા બરાડી ઊઠી, "પરંતુ હું શાપ આપું છું કે પ્રભુ હવે તેમની જિંદગી બરબાદ કરી નાંખે અને તેમનું સત્યાનાશ જાય."

આ ઉદાહરણ શું સૂચવે છે? સમાજ સમક્ષ અનેક પ્રશ્નો મોં ફાડીને ઊભા છે. મમ્મી-પાપા બાળકોને એન્જિનિયર અને ડૉક્ટર બનાવવા તનતોડ પ્રયત્નો કરે છે. તેમની પાછળ ખર્ચ કરવા રાત-દિવસ મહેનત કરી પૈસા કમાય છે. સંતાનો જે માંગે તે હાજર કરી દે છે. તેમની તમામ સવલતો અને માંગણીઓ પૂરી કરવામાં ગૌરવ અનુભવે છે. બાળકો ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરે, કેન્દ્રસ્થાને ગોઠવાઈ ગયા હોવાથી અન્ય પાયાની જરૂરિયાતો બાબતે તેઓ દુર્લક્ષ સેવતા થઈ ગયા છે.

"ખરેખર, બાળકોને ઉછેરવાની યોગ્યતા
આપણે કેળવીએ ત્યાં સુધીમાં તો –
એ બાળકોને ઘેર પણ
બાળકો થઈ ગયાં હોય છે. "

આ સમય દરમિયાન માતાપિતા તેમને સામાજિક રીત-રિવાજો, ઉચ્ચ કૌટુંબિક પરંપરાઓ, ભારતીય સંસ્કૃતિ, વડીલોને આદર આપવો, મોટેરાંઓને સન્માન આપવું અને તેમની કાળજી રાખવી જોઈએ તેવી પાયાની બાબતોનું શિક્ષણ આપવા બાબતે ધ્યાન રાખે છે ખરાં ? જેઓએ બાળકોને મોટાં કર્યા છે તેમની વદ્ધાવસ્થામાં દરકાર રાખવાની સમજ આપી છે ખરી ? દીકરી ડૉક્ટર થતાં થતાં સ્વાર્થી ન બને તે તરફ લક્ષ્ય આપ્યું છે ? એન્જિનિયર દીકરો અયોગ્ય રસ્તે શ્રીમંત ન બને તેવી સમજ આપવાનો મમ્મી-પપ્પાએ પ્રયત્ન કર્યો છે ખરો ? મૂલ્યલક્ષી જીવન જીવવા માટે કેવા પાયાના સદ્‌ગુણો આત્મસાત કરવા જોઈએ તેની કેળવણી આપી છે ? વડીલો માને છે કે તેઓએ પેટે પાટા બાંધીને મોટા કરે એટલે તેમની જવાબદારી પૂર્ણ થાય છે.

અહીંયા બે મોટી ભૂલો થાય છે : (૧) જાતે તકલીફો વેઠીને બાળકોને મોટાં કરતાં વડીલો પોતાના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય તરફ બેદરકાર રહે છે. વ્યક્તિ ભૂખ્યો રહે ત્યારે શરીરમાં રહેલા કરોડો કોષો અપોષિત રહે છે. અજાણે તે જાત તરફ હિંસા આચરે છે. (૨) અર્ધજાગૃત મગજ એવી વિભાવનામાંથી આનંદિત થાય છે કે પોતે ભૂખ્યો રહીને પણ સંતાનોનો સારો ઉછેર કરે છે. આ સમાધાનવૃત્તિ અને ખુશી પ્રાપ્ત કરવાની રીત અયોગ્ય છે. સંતાનને ઉત્તમ વ્યવસાયિકો બનાવી માનમરતબો પ્રાપ્ત કરવાની લ્યાયમાં પોતાની જિંદગી વેડફી નાંખવામાં ગૌરવ અનુભવે છે.

"જે બધી બુદ્ધિશક્તિ અને
ભલમનસાઈ લઈને બાળકો જન્મે છે
તેને ઉપયોગમાં કેમ લેવી,
એટલું જ જો આપણે શીખવી શકીએ તો કેવું સારું !"

સંતાનોને આ પૃથ્વી ઉપર અવતારવા માટે તેમની પરવાનગી લેવામાં આવે છે ? તેઓએ જન્મ આપવા માટે વિનંતી કરી હતી ? તેમને જન્મ આપવો અને સારું વિચારશીલ મન આપવું તે તો પ્રત્યેક મમ્મી-પપ્પનો ધર્મ છે. માતા જીજીબાઈએ શિવાજીને કેવી રીતે જન્મ આપ્યો ? જીજીબાઈએ ગર્ભસ્થ અવસ્થામાં રામકૃષ્ણ, યુધિષ્ઠિર, હનુમાન વગેરેની વાતો દ્વારા અન્યાય સામે લડતા શીખવ્યું. સત્યને માર્ગે ચાલવા, માનવીય વર્તણૂક કરવા અને જુલ્મી રાજાઓ સામે લડવાનું સમજાવ્યું. આ વાર્તાઓએ શિવાજીને મહાન બનાવ્યા. જયારે બીજી બાજુએ ધર્માંધ ઔરંગઝેબનો ઉછેર તેની માતાએ કેવી રીતે કર્યો હશે ? માણસને બદલે રાક્ષસ બનાવવામાં આવ્યો. તેને તેના પિતા શાહજહાંને જેલમાં નાખી દીધાં. અબ્દુલ કલામનો ઉછેર તેમની માતાએ ગરીબાઈમાં કર્યો પરંતુ એવા સંસ્કાર આપ્યા કે તેઓ અત્યંત સન્માનિત વ્યક્તિ બન્યા. બીજી બાજુએ હિટલરનો ઉછેર પણ આર્થિક સંકડામણ વચ્ચે જ તેમની માતાએ કર્યો. પરંતુ બંને વચ્ચેનો તફાવત સ્પષ્ટ નજરે પડે છે.

દરેક વ્યક્તિને તેની લાયકાત પ્રમાણે જ પ્રાપ્ત થાય છે. દરેક જણ પોતાના કર્મ માટે જવાબદાર હોવાથી તેને તેનું પરિણામ ભોગવવું જ પડે છે. પ્રત્યેક માતાપિતા તેના બાળકોના ઉછેર માટે સંઘર્ષ કરે જ છે. તેઓ બાળકોના વિકાસ માટે મુશ્કેલીઓ અને તકલીફો વેઠે જ છે. પરંતુ બાળકોને આ સિવાય પણ કેટલીક બાબતો શીખવવાની હોય છે. બાળકોને ગરીબાઈનો પણ અનુભવ કરાવવો પડે, મુશ્કેલીઓમાં રસ્તો કરતાં શીખવવું પડે અને તકલીફો કેવી રીતે દૂર કરી શકાય તેની સમજ આપવાની જવાબદારી વાલીની જ છે. માતાપિતાએ પ્રેમના ઓથા હેઠળ પ્રતિકૂળ અનુભવોથી બાળકોને અળગા રાખવા યોગ્ય નથી. તેઓ મુશ્કેલીઓ વિશે કેવી રીતે જાણશે ? તેમને ઉત્તમ

**(અનુસંધાન પાના નં. ૪૪૨ ઉપર)**

## (૧૦) શિક્ષણક્ષેત્રે સૂર્યોદય ?

### - પ્રવીણ કુકડિયા

આપણે ત્યાં ઘણા એવા શિક્ષકો છે જેઓની ખરેખર નોકરી તો વર્ષોથી પૂર્ણ થઈ ગઈ છે. નોકરી કરી ત્યાં સુધી તો વર્ગ, બાળકો અને શાળાને વફાદાર રહી પૂરી વફાદારીથી સેવા અદા કરી, પણ નિવૃત્તિ પછી આ વ્યાપ ઘટવાના બદલે ઊલટાનો વધ્યો. પોતાના હાથે મર્યાદિત શાળા-બાળકોને સ્થાને વ્યાપકપણે શિક્ષણની ચિંતા થવા લાગી. આવાં થોડાં નામો યાદ આવે છે. મફતલાલ પટેલ, ગુણવંત શાહ, અરુણ દવે, નલિન પંડિત, ઈશ્વર પરમાર, મોતીભાઈ પટેલ, ઊર્મિલા શાહ, પુરુષોત્તમ પટેલ. આમાં ઘણાં નામો રહી જતાં હશે. એમાંય મફતલાલ પટેલ એવા શિક્ષક છે કે જેમના સમકાલીનોમાં જેમને સૌથી વધારે વિદ્યાર્થીઓનો પ્રેમ મળ્યો છે. તેમણે જેટલો પ્રેમ મેળવ્યો છે એટલો જ આપ્યો પણ છે. આવા વિદ્યાર્થીપ્રિય શિક્ષકનું કાર્ય ઘટવાને બદલે વધતું જ જાય છે. ગાંઠનું ગોપીચંદન કરીને 'અચલા' જેવું સામયિક સત્તર વર્ષથી અવિરત ચલાવવું, દર વર્ષે અનેક શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં શરીર સાથ ન આપે તો પણ જોડાવું - આવું કામ જન્મજાત શિક્ષકથી જ થાય.

'શિક્ષણક્ષેત્રે સૂર્યોદય' પુસ્તકમાં સ્વામી દયાનંદ સરસ્વતીથી લઈ વીસમી સદીમાં થઈ ગયેલા વિચારકોના શિક્ષણ વિશેના વિચારો અહીં ટૂંકા લેખો સ્વરૂપે રજૂ થયા છે. અહીં કુલ બાસઠ લેખો સમાવ્યા છે. આ બધા જ વિચારકોએ શિક્ષણ અંગે પોતાનો વ્યૂહ મૂક્યો છે. બધાનો સૂર વર્તમાન કેળવણીથી નારાજી વ્યક્ત કરતો રહ્યો છે. આમ આઝાદી પહેલાં અને પછી આપણું શિક્ષણ ઠેરનું ઠેર ભાસે છે; બલકે અધોગતિ તરફ ગતિ કરી રહ્યું હોય એમ લાગે છે. અહીં મોટા ભાગના વિચારકોએ શિક્ષણસુધારાના સરળતાથી અપનાવી શકાય એવા રસ્તા બતાવ્યા છે તેમ છતાં આપણે આ ક્ષેત્રે વિધાયક સુધાર લાવી શક્યા નથી એ વાત અહીં તારસ્વરે કહેવાઈ છે. સૌ પ્રથમ આ સંપાદનને આપવામાં આવેલ શીર્ષકનો વિચાર કરી આ વિચારકોના વિચારોને સમજવાનો પ્રયાસ કરીએ.

'શિક્ષણક્ષેત્રે સૂર્યોદય' શીર્ષક ઈશ્વર પરમારના આ સંપાદનમાં સમાવેલા લેખનું પસંદ કર્યું છે, જોકે એમણે પણ પોતાના લેખમાં શિક્ષણક્ષેત્રે વ્યાપેલા અંધારાની જ વાત કરી હોઈ ત્યાં પણ આ શીર્ષક યોગ્ય નથી. તો આ પુસ્તકના બધા જ લેખોમાં પણ ક્યાંય શિક્ષણમાં ઉજાસની વાત કરવામાં આવી નથી. એટલે એ રીતે જોઈએ તો આ શીર્ષક ગેરમાર્ગે દોરે તેવું છે. તેમ છતાં આપણે આશાવાદી બનીએ અને આ ક્ષેત્રે સૂર્યોદયની રાહ જોઈએ તો કાંઈ ખોટું નથી. પણ અત્યારે તો આપણું શિક્ષણક્ષેત્ર અંધારામાંથી વધારે ઘેરા અંધારા તરફ ગતિ કરતું ભાસી રહ્યું છે એ પણ વાસ્તવિકતા જ છે.

આ પુસ્તકમાં કેળવણીના કોયડાને સાવ સરળ રીતે ઉકેલવાના ઉપાયોની ચર્ચા કેન્દ્રસ્થાને છે. મોટા ભાગના લેખકોએ આ ક્ષેત્રે સુધાર કરવાના સાવ સાદા અને સરળ રસ્તાઓ ચીંધ્યા છે તેમ છતાં આપણે એ અપનાવી શક્યા નથી. આપણે આ ક્ષેત્રને ધંધા-રોજગાર મેળવવાનું સાધન બનાવી દીધું અને બાકી હતું તે પછીના તબક્કે સરકારી હસ્તક્ષેપને કારણે આપણું આ શિક્ષણતંત્ર દહાડે-દિવસે નબળું ને નબળું પડતું ગયું. આ બાબતોનો એક સમયદર્શી આલેખ અહીં સાંપડશે. આ લેખોમાં ક્યાંય કેળવણીના મહાન આદર્શોની વાત કરી શબ્દપ્રલાપ કરવાનો મનસૂબો નથી. જે કહેવું છે તે સીધું વાસ્તવિક ધરાતલ પર કહેવાયું છે.

આ સંપાદનમાં વીસમી સદીમાં થઈ ગયેલા મહાનુભાવોએ શિક્ષણની ચિંતા કરી છે એમાં ગાંધીજી, વલ્લભભાઈ પટેલ, જયપ્રકાશ નારાયણ, વિનોબા, સયાજીરાવ ગાયકવાડ, રવિશંકર મહારાજ જેવા રાજકારણ અને સેવા સાથે જોડાયેલા, સ્વામી દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ, ઓશો, મોરારિબાપુ, સ્વામી સચ્ચિદાનંદ, મહર્ષિ અરવિંદ, પાંડુરંગ શાસ્ત્રી, પ્રમુખસ્વામી જેવા સાધકો, રવીન્દ્રનાથ ઠાકુર, રાધાકૃષ્ણન, જે કૃષ્ણમૂર્તિ, નાનાભાઈ ભટ્ટ, મેડમ મોન્ટેસોરી, મૂળશંકર જોશી, ઈશ્વર પેટલીકર, કિશોરલાલ મશરૂવાળા, ચન્દ્રકાન્ત બક્ષી જેવા

સાહિત્યકારોના લેખો સમાવ્યા છે.

ગાંધીજી શરીર, મન અને આત્માના વિકાસને કેળવણી કહે છે. તેઓ જાણે આજની વાત કરતા હોય તેમ કહે છે, 'હું એટલું કહેવા ઇચ્છું છું કે આપણે ભાષણો કરવામાં આપણા કાનને કે આંખને ખોરાક મળે, એ જ કંઈ પૂરતું નથી. આપણા હૃદયને પણ પોષણ મળવું જોઈએ અને આપણા હાથપગ પણ ચાલવા જોઈએ.' આપણો શિક્ષક આજે પણ બોલી બોલીને જ ભણાવે છે! તો જુગતરામ દવે એના જમાનાના શિક્ષણની વ્યાખ્યા કરતાં જણાવે છે કે 'જાત મહેનત અને ઉદ્યોગ સમાજમાં હલકાં મનાતાં થઈ ગયાં છે. જે હોય તે વગર મહેનતે કેમ કમાવું એ જ શોધે છે અને નિશાળો એટલે વગર મહેનતે કમાવવાની યુક્તિઓ શીખવવાનાં કારખાનાં એવી જ પ્રજાની સમજ થઈ ગઈ છે.' આ તો માત્ર પ્રજાની સમજ હતી- અત્યારે તો પ્રજા-વિદ્યાર્થી-શિક્ષક-સરકાર બધાં જ આ સમજને જાણે પાકી કરી રહ્યાં હોય તેવું લાગી રહ્યું છે. વિનોબા ભાવેના મતે તેમના જમાનાનો વિદ્યાર્થી ભણીને બે પદને પામે છેઃ એક બેવકૂફ અને બીજું બેકાર. આજના શિક્ષણમાં એક પદ ઉમેરી શકાય, બરબાદી! વિનોબાને શિક્ષણની ધૂરા સરકારના હાથમાં ગઈ એ શિક્ષણના પતનનું મુખ્ય કારણ લાગે છે. આજે તો યુ.જી.સી.નું વિસર્જન કરીને સરકારે શિક્ષણનો ગાળિયો પોતાના હસ્તક કરી લીધો છે. વિનોબા આના ઉપાયો બતાવે છે. (જોકે આ ઉપાયો હવે અશક્ય છે)

(૧) શિક્ષણ સરકારથી મુક્ત હોય, સમાજની સ્વાયત્ત સંસ્થાઓના હાથમાં હોય, તેનું સંચાલન કેળવણીકારોના હાથમાં હોય.

(૨) વિદ્યાર્થીને ફી ન ભરવી પડે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે મળી જાતમહેનત કરીને ફી જેટલું કમાઈને મેળવે.

(૩) વિદ્યાર્થી ઉદ્યમી, અભ્યાસુ અને વિનયસંપન્ન બને. માત્ર પરીક્ષાલક્ષી નહીં.

(૪) સમાજ ડિગ્રીને મહત્ત્વ ન આપે. પણ દરેક પ્રકારની શક્તિવાળા વિદ્યાર્થીને પોતાના ઉદરમાં સમાવે.

આ ચારેય ઉપાયોને આજના શિક્ષણતંત્ર સાથે લાગુ પાડતાં તેની શક્યતાનો ખ્યાલ આપોઆપ આવશે. આમ શિક્ષણસુધારણાના આ બધા વિચારકોએ સુવર્ણમાર્ગો બતાવ્યા છે પણ કોણ જાણે કેમ આપણે એ અજમાવવા તૈયાર નથી.

આજની કેળવણી જીવન/સંસારના બધા જ કોયડા ઉકેલવાના બદલે ખુદ જ કોયડારૂપ બની ગઈ છે. એ જેમ સમય જાય છે તેમ વધારે ને વધારે જટિલ બનતો જાય છે. આ બધા લેખોમાં શિક્ષણની અધોગતિની જે-જે આગાહીઓ કરી હતી તે-તે આજે વધારે ને વધારે ભયંકર રીતે સાચી પડતી જાય છે. આમ આ પુસ્તકમાં સમાવેલા આ લઘુલેખો કેળવણીના અર્ક સમા છે. જો આપણામાં થોડુંઘણું પણ ડહાપણ બચ્યું હોય તો આ લેખોનો અભ્યાસ કરીને તેની અમલવારી તાત્કાલિક ધોરણે કરવી પડશે. પહેલું કામ તો આજે સરસ્વતી કે જે લક્ષ્મીના ઘરમાં કેદ થઈ ગઈ છે તેને વહેલી તકે છોડાવવી પડશે. વિકાસનાં બણગાં ફૂંકનારા માણસોને ખ્યાલ નથી કે દુનિયામાં જે દેશોની યુનિ.ઓનો નંબર આવે છે તેમણે કોઈ દિવસ આત્મશ્લાઘા કરી નથી. વિશ્વને મહાન શિક્ષણની ભેટ ધરનાર આ દેશના લોકોને એટલો પણ ખ્યાલ નથી કે - આત્મશ્લાઘા આત્મઘાતી જ પૂરવાર થાય! શિક્ષણ તો સદાને માટે અધૂરું અને સતત સુધાર ઝંખતું ક્ષેત્ર છે.

આ પુસ્તકમાં પસંદ કરેલા લેખો મહદંશે વીસમી સદીના શિક્ષણની તાસીર આપણી સામે મૂકે છે. એટલે એનું ઐતિહાસિક મૂલ્ય તો છે જ, પણ અહીં આ સમયગાળામાં ભારતમાં શિક્ષણની સ્થિતિનો ખ્યાલ પણ આપે છે. આ સંપાદનમાં ચયન કરીને લેખો પસંદ કરાયા છે તેમ છતાં આ લેખોનો સાલવારી સાથે પુસ્તકસંદર્ભ અપાયો હોત અને જે-તે મહાનુભાવોનાં નામ નીચે તેમની જન્મ અને અવસાન સાલ અપાઈ હોત તો આ સંપાદનની બહુહેતુક ઉપયોગિતા સિદ્ધ થાત. પુસ્તકમાં ઠીક ઠીક મુદ્રણદોષો છે. આ બધાનું નિવારણ જોકે બીજી આવૃત્તિમાં થઈ શકે તેમ છે.

- શિક્ષણક્ષેત્રે સૂર્યોદય (સં.મફતલાલ પટેલ) પ્રથમ આવૃત્તિ ૨૦૧૬, ડિમાઈ કાચું પૂઠું, પાનાં. ૧૭૬, મૂલ્ય-૧૫૦- આદર્શ પ્રકાશન- અમદાવાદ.

●---------●●●--------●●●---------●

શ્રી પો.મૂ.સર્વોદય હાઈસ્કૂલ-ઉમરાળા, જિ.ભાવનગરઃ પીનઃ ૩૬૪૩૩૦. મો.૯૪૨૮૪૯૨૫૯૪

## (૧૧) સંસ્થા સમાચાર - એપ્રિલ : ૨૦૧૯

- સંકલન : પ્રશાંત મહેતા

**લોકભારતી સમાચાર**

- લોકભારતીના શુભેચ્છક અને વિશ્વગ્રામ, જગુદણના વડા શ્રી સંજય-તુલા તા.૦૧ના રોજ લોકભારતીની ટૂંકી મુલાકાતે આવી ગયાં.
- લોકભારતીના પૂર્વ અને સન્માનિત વિદ્યાર્થી, ગ્રામસેવા અને રાજનીતિ સાથે વર્ષોથી સંકળાયેલા સ્વ. શ્રી સવશીભાઈ મકવાણાના દુ:ખદ અવસાન નિમિત્તે તા.૪થીના રોજ શ્રદ્ધાંજલિ સભામાં હાજરી આપવા શ્રી અરુણભાઈ દવે, શ્રી રામચંદ્રભાઈ પંચોળી, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી ભાવનાબેન પાઠક, શ્રી અર્ચનાબેન દવે, શ્રી ધીરૂભાઈ રાઠોડ, શ્રી ડાહ્યાભાઈ સેંધવ શ્રી મહોબ્બતસિંહ ચાવડા, શ્રી અનિલભાઈ મકવાણા અને શ્રી પ્રકાશભાઈ રાઠોડ ધજાળા જઈ આવ્યાં.
- તા.૦૨ના રોજ બી.એડ. બેઝિક દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓનો દીક્ષાંત કાર્યક્રમ યોજાયો જેમાં શ્રી અરુણભાઈ દવે શ્રી રામચંદ્રભાઈ પંચોળી શ્રી હસમુખભાઈ દેવમુરારિ તથા દરેક વિભાગના આચાર્યશ્રીઓ તેમજ સમગ્ર બી.એડ. કાર્યકર્તાઓ હાજર રહ્યા.
- તા.૦૫ના રોજ લોકભારતી અધ્યાપન મંદિરના બીજા વર્ષના તાલીમાર્થીઓનો દિક્ષાંત કાર્યક્રમ શ્રી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી વ્યાસસાહેબ તથા શ્રી અરુણભાઈ દવેની ઉપસ્થિતિમાં યોજાયો. તાલીમાર્થીઓએ સંભારણા વાગોળ્યા. શ્રી રામચંદ્રભાઈ પંચોળી અને શ્રી હસમુખભાઈ દેવમુરારિએ શુભેચ્છા પાઠવી.
- તા.૦૬થી શ્રી ધીરુભાઈ રાઠોડ એમ.કે.બી. યુનિવર્સિટીમાં મધ્યસ્થ મૂલ્યાંકન માટે જઈ આવ્યા.
- તા.૦૭ના રોજ મહુવા તાલુકાના જાગધાર તથા તળાજા તાલુકાના બોરડા તથા રાજપરા ગામે મગફળી પકવતાં ૨૦ ગામોમાંથી ૨૦ ખેડૂતોનો માહિતીના સ્ત્રોત અંગેના સર્વે કરવા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી જગદીશભાઈ કંટારીયા, શ્રી વિનીતભાઈ સવાણી, શ્રી શીલાબેન બોરીચા તથા શ્રી સરોજબેન ચૌધરી જઈ આવ્યા.
- તા.૧૦મીના રોજ મ.કૃ. ભાવનગર યુનિવર્સિટીના કુલપતિ મા. શ્રી ચાવડાસાહેબ લોકભારતીની ટૂંકી મુલાકાતે આવી ગયા. તેઓને શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી કાંતિભાઈ ગોઠી અને શ્રી હસમુખભાઈ સુથારે આવકાર્યા.
- તા.૧૧મીના રોજ આકાશમાં નરી આંખે દેખાનારા આઈ.એસ.એસ. અંગેની વિગતો સાયં પ્રાર્થનાના અનુસંધાને શ્રી હસમુખભાઈ દેવમુરારિએ રજૂ કરી. અને બીજે દિવસે સાયં પ્રાર્થના પછી તૂર્ત જ સૌ પરિવારજનોને આકાશમાં નીકળેલા આઈ.એસ.એસ.નું નરી આંખે રોમાંચિત દર્શન પણ કરાવ્યું.
- તા.૧૨મીના રોજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી કણસાગરાસાહેબ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયા.
- તા.૧૮ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના બધા વર્ષોના વિદ્યાર્થીઓની સેમેસ્ટર એન્ડ પરીક્ષાઓ શરૂ થઈ. આ વર્ષે લોકસેવાના બધા કાર્યકરો ચૂંટણી ફરજમાં રોકાયેલા હોવાથી ત્રણ દિવસ વાંચનનો સમય આપવામાં આવ્યો.
- તા.૨૧ના રોજ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટની વ્યવસ્થાપક મંડળની એક બેઠક લોકભારતીના અતિથિગૃહમાં મળી. જેમાં વહીવટી કાર્યો અંગેના નિર્ણયો કરવામાં આવ્યા.
- તા.૨૧થી ૨૩ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનો ઘઉંનો સતત શ્રમ

ગોઠવાઈ ગયો.

- તા.૨૮ના રોજ લોકસેવા મહાવિદ્યાલય અને એમ.આર.એસ.ના વિદ્યાર્થીઓના કેમ્પસ ઈન્ટરવ્યુ ગોઠવાઈ ગયા. આ કેમ્પસ ઈન્ટરવ્યુમાં જુદી જુદી કંપનીઓ અને એન.જી.ઓ.ના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા. આ કંપનીઓ જેવી કે શૌર્ય ફર્ટીલાઈઝર લિમિટેડ, એકસલ ક્રોપ કેર લિ. તેમજ કોસ્ટલ સેલિનીટી પ્રિવેન્શન સેલ વગેરેએ ભાગ લીધો. આ કાર્યક્રમનું સંકલન શ્રી પૂજાભાઈ મકવાણા દ્વારા કરવામાં આવ્યું.
- શ્રી અરુણભાઈ દવે તા.૪થીએ ધજાળા ખાતે શ્રી સવશીભાઈના શ્રદ્ધાજંલિ કાર્યક્રમમાં સૌ કાર્યકરો સાથે જઈ આવ્યા. તા. ૬થી ૧૧ માઈધાર નિવાસ કરીને મણાર, સથરા વગેરે સ્થળોએ કામો પતાવવા જઈ આવ્યા. તા.૧૮મીએ તલગાજરડા પૂ. બાપુ પાસે જઈ કળસાર ખાતે યોજાએલ બેઠકોમાં ભાગ લીધો. તા. ૨૭મીએ રાજકોટમાં યોજાએલ સૌ.૨ સમિતિના બૃહદ પરિવાર મિલનમાં હાજરી આપી તા.૨૮મીએ ભૂજ ખાતે યોજાએલ વૈશ્વિક ચિંતન સેમિનારમાં 'ભવિષ્યના વિજ્ઞાન શિક્ષણ' ઉપર વ્યાખ્યાન આપ્યું. તા. ૨૯મીએ ગૂજરાત વિદ્યાપીઠ ખાતે યોજાયેલ કુલસચિવશ્રી રાજેન્દ્ર ખિમાણીના વિદાય-સન્માન કાર્યક્રમમાં હાજરી આપી.

### આંબલા સમાચાર

- તા.૦૧ના રોજ રાજયકક્ષાના સાંસદશ્રી મનસુખભાઈ માંડવિયા સંસ્થા મુલાકાતે આવી ગયા. સાયં પ્રાર્થનાના અનુસંધાને વિદ્યાર્થી સાથે વાર્તાલાપ કર્યો.
- તા.૦૪ના રોજ ધજાળા ખાતે શ્રી સવશીભાઈ મકવાણાના શ્રદ્ધાજંલિ કાર્યક્રમમાં શ્રી ગૌરાંગભાઈ તથા શ્રી લાલજીભાઈ જઈ આવ્યા.
- તા.૧૭ના રોજ ધો.-૯ છાત્રાલય પ્રવેશ કસોટી રાખવામાં આવેલ જેમાં ૧૫૦ જેટલી સંખ્યા પ્રવેશ માટે આવેલ.
- તા.૨૭-૨૮ એમ બે દિવસ ૧૧ ભૂતપૂર્વ વિદ્યાર્થિની બહેનો સંસ્થા મુલાકાતે આવેલ.
- 'કંસારો' નેચર કલબ દ્વારા ધો.૯ના ભાઈઓ-બહેનોનો શ્રી ભરતભાઈ દવે, શ્રી નરેન્દ્રભાઈ મકવાણા, શ્રી શાંતિભાઈ હઠિલા તથા શ્રી વિક્રમભાઈ દેસાઈ સાથે પાસેના ડુંગરમાં પક્ષી દર્શનનો કાર્યક્રમ રાખવામાં આવેલ.

### મણાર સમાચાર

- તા.૦૨ના રોજ કે.વી. વિદ્યામંદિર ગારિયાધારના વાર્ષિકોત્સવ તથા 'અટલ સાયન્સ લેબોરેટરી'ના ઉદ્ઘાટનમાં શ્રી સુરંગભાઈ ચૌહાણ જઈ આવ્યા.
- માધ્યમિકશાળાના વિદ્યાર્થીઓ 'જીવનવિદ્યા' વિષે જાણે તે હેતુથી શ્રી કુમુદભાઈ ઠક્કરના પ્રયત્નથી છતીસગઢ રાજયના તજજ્ઞો સુશ્રી નિધિ તથા શ્રી રાજેશભાઈ ત્રણ દિવસ માટે આવી ગયા. તેમણે ધો.૯ તથા ધો.૧૦ના છાત્ર-છાત્રોઓને માર્ગદર્શન આપ્યું.
- આ વરસે લાંબી ઠંડીને કારણે આંબામાં મ્હોર ખુબ આવ્યા પણ વાતાવરણ પલટાતા અહીંના આખા વિસ્તારમાં કેરીનો પાક નિષ્ફળ ગયો છે. જેની અસર આપણા કેરીના પાક ઉપર પણ થઈ છે.
- તા.૦૫ના રોજ શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ તથા શ્રી જે.એમ.વ્યાસ સંસ્થા મુલાકાતે આવી ગયા.
- તા.૦૭ના રોજ ભાવનગર જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારીશ્રી બરનવાલાસાહેબ, નાયબ કલેકટરશ્રી, જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી તથા તાલુકા કક્ષાના અધિકારીઓ અને તળાજા તાલુકાના તમામ આરોગ્ય કર્મચારીઓની એક મીટીંગ સંસ્થામાં યોજાઈ ગઈ. જેમાં પીડીલાઈટ કંપનીના શ્રી શુકલાસાહેબ તથા હનુમંત હોસ્પિટલ-મહુવાના ડૉકટરર્સ વગેરે ઉપસ્થિત રહ્યા.

- અહીં રોપાયેલ ચાર પ્રકારના સુગંધીઘાસમાંથી ઓઈલ કાઢવાના યુનિટ શરૂ કરવાના માર્ગદર્શન માટે મુંબઈથી શ્રી લોઢાસાહેબ તેમના સાથીદારો સાથે આવી ગયા.
- આઈ.ટી.આઈ. કોલેજ ભાવનગરના પ્રિન્સીપાલ શ્રી મનોજભાઈ ચાંદલિયા તેમના પરિવાર સાથે તા.૦૯ના રોજ સંસ્થા મુલાકાતે આવી ગયા.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી વ્યાસસાહેબ ભાવનગરમાં બદલીથી આવતા તેમની શુભેચ્છા મુલાકાતે શ્રી જીજીભાઈ સાથે શ્રી સુરસંગભાઈ જઈ આવ્યા.
- લોકદક્ષિણાના પૂર્વ છાત્ર એવા સથરાના મનુદાદા જાની તથા પૂર્વ વિદ્યાર્થી શ્રી રવજીભાઈ પરમાર (ઝાંઝમેર)ના પિતાશ્રીનું જૈફવયે અવસાન થતાં તેઓની શોકસભામાં સંસ્થાના કાર્યકરો જઈ આવ્યા.
- આ માસમાં પાલીતાણા તાલુકાના વીરપર, મોટીપાણીયાળી, માંડવડા ગામોમાં વોટર ઈનીશ્યિટીવ કાર્યક્રમ અંતર્ગત ત્રણ ચેકડેમોના કામ પૂર્ણ કરવામાં આવ્યા.
- તા.૧૫ના રોજ પીડીલાઈટ કંપનીના સિનીયર કાર્યકર્તા મહિલાઓની એક ટીમ અહીંના કૃષિ અને બાગાયત વિકાસ કેન્દ્રની મુલાકાતે આવી ગઈ. અહીંની પ્રગતિ જોઈ ખુબ જ સંતોષ વ્યકત કર્યો.
- લોકદક્ષિણા પૂર્વ વિદ્યાર્થી અને ધજાળા લોકશાળાના સ્થાપક અને સ્વપ્નદૃષ્ટા એવા શ્રી સવજીભાઈ મકવાણાનું અવસાન થતાં તેમના બેસણામાં સંસ્થાના કાર્યકરો જઈ આવ્યા.
- અરણેજ ફાર્મની આજુબાજુના ગામના દસેક પ્રગતિશીલ ખેડૂત સંસ્થા મુલાકાતે આવી ગયા.
- સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ-રાજકોટના આર્થિક સહયોગથી મણાર સંસ્થા, અલંગ ગામ તથા સોસીયા (ખોડીયાર મંદિર વિસ્તાર)માં એક-એક એવા ત્રણ છાશકેન્દ્રો શરૂ કરવામાં આવ્યા. ઉનાળાની ગરમીમાં લગભગ અઢીસો કુટુંબોને છાસનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.
- વોટર ઈનીશ્યિટીવ કાર્યક્રમ અંતર્ગત અહીંના મોટા તળાવને ઊંડું ઉતારવાનું કામ તા.૨૬થી એક જે.સી.બી. તથા ત્રણ ટ્રેકટર દ્વારા શરૂ કરવામાં આવ્યું છે.
- ત્રિવેણી કલ્યાણ ફાઉન્ડેશન-કળસારના બગદાણા કલસ્ટરના ૩૦ ખેડૂતોની એક દિવસીય કાર્ય શિબિર અહીં યોજવામાં આવી. શ્રી વિરેન્દ્રસિંહ અને શ્રી સુરસંગભાઈ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું.

**(અનુસંધાન પાના નં. ૪૩૭ ઉપરથી)**

વ્યાવસાયિકો બનાવવા વાલીઓ અઢળક ધનનો ખર્ચ કરે છે. પરંતુ કયારેય તેમને ઉત્તમ માનવ બનાવવા એક રૂપિયાનો પણ ખર્ચ કરવામાં આવે છે ખરો ? તેઓને માત્ર ટ્યૂશન અને પરીક્ષામાં ઉત્તમ ગુણ લાવવાનું શિખડાવાય છે. નૃત્ય અને ગીતોની સ્પર્ધામાં પ્રથમ ક્રમ રાખવા તૈયાર કરવામાં આવે છે. બાળકોને કયારેય દવાખાનામાં કેન્સરના વોર્ડની મુલાકાતે કેટલા મમ્મી-પપ્પા લઈ જતા હશે ? તેઓને કયારેય અનાથ આશ્રમ બતાવવામાં આવે છે ખરો ? વૃદ્ધાશ્રમના વડીલોની તકલીફોથી માહિતગાર કરવામાં આવે છે ખરા ? બાળકો આ બધી બાબતો કયાંથી શીખશે ? શું ટેલિવિઝનની સીરિયલો, મોલની મુલાકાતો કે મોઘીદાટ બ્રાન્ડેડ વસ્તુઓ વેચતી દુકાનો આ માનવીય સંવેદનાઓ જગાડવાનું કાર્ય કરી શકશે ખરું ? તેઓ માતૃદેવો કે પિતૃદેવો ભવ ક્યાથી જાણશે?

**આચમન :**

"સંતાનોની આગળ ચાલશો નહી, કદાચ તમને તેઓ અનુસરે નહીં,

સંતાનોની પાછળ ચાલશો નહીં, કદાચ તમને તેઓ દોરશે નહીં,

સંતાનોની પડખે ચાલો, બસ, તેમના સાથીદાર બનીને ચાલો."

●---------●●●--------●●●---------●

મેનેજીંગ ટ્રસ્ટી, એમિટિ સ્કૂલ, ભરૂચ, સંપર્ક સૂત્ર : ૯૯૭૯૮૬૧૬૩૧

## સંગીત સાધના

મૂળશંકરભાઈના ઘડતરમાં અગત્યનો ફાળો સંગીતનો ગણી શકાય. સંગીતનો વિષય કેમ રાખ્યો ? એના જવાબમાં એમણે એક જ વાર કહેલું તેમ, 'બીજા વિષયમાં આપણું ખાસ ગજું ન લાગ્યું, એથી થયું કે સંગીત રાખીએ; તેમાં ચાલશું. (ગૂજરાત વિદ્યાપીઠમાં) સંગીત શિક્ષક શંકરરાવ પાઠક પાસે જઈને વાત કરી. શિક્ષક ચિડાઈને કહે, 'તારો કંઠ તો જો, પતરાં ખખડે એવો છે. તું સંગીત રાખવાનો ?' મનમાં ગાંઠ વાળી લીધી : 'હવે તો સંગીત જ રાખવું છે.' ગૂજરાત વિદ્યાપીઠની અગાસી ઉપર દરરોજ સવારે ત્રણ વાગ્યે એમનો રિયાજ શરૂ થાય. ત્રણ ચાર કલાક ચાલે. રજાને દિવસે વધારે લંબાય. અપાર ખંત અને મર્મને પામવાની સૂઝથી સિતાર ઉપર એવો કાબૂ મેળવ્યો કે પછી તો સંગીત-શિક્ષક કોઈ જગ્યાએ સંગીતનો કાર્યક્રમ આપવા જાય ત્યારે બાજુમાં મૂળશંકર ન હોય તો મિજલસમાં એમને રંગ ન આવે - એવા પ્રિય બન્યા. એમની સંગીત સાધન કેવી ફળી એનું દૃષ્ટાંત સંગીતની સ્નાતકની પરીક્ષા પણ છે. પંડિત નારાયણ ખરેજી પરીક્ષક. ખરેજી પ્રશ્ન પૂછતા ગયા અને માકર્સ મૂકતા ગયા. છેલ્લે સરવાળો કર્યો તો માકર્સ ૧૦૦ ઉપર ૧૦ વધી ગયા. એટલા તો કેમ અપાય ? માંડયા કાપવા. ખૂબ મહેનતને અંતે ખરેજી ૯૫એ આવીને તો અટકી જ ગયા.

**મૂળશંકર મો. ભટ્ટ**
**('કેળવણી અને માનવીય મૂલ્યો'માંથી)**

# પાવનકારી સ્ફૂર્તિ

યમ-નિયમ, જપ-તપ વગેરેની શિસ્ત મનને શુદ્ધ કરવામાં તેમ જ મનને શક્તિ ને સ્ફૂર્તિ આપવામાં ભારે ઉપયોગી હોય છે. એટલે કોઈ પણ પ્રવૃત્તિને શુદ્ધ રાખવી હોય, તેજસ્વી રાખવી હોય, બળવાન બનાવવી હોય, તો તેની અનિવાર્ય જરૂર છે. આ યમ-નિયમ, જપ-તપની જરૂરિયાત જેવી પોસ્ટ ઓફિસના કારકુનને છે તેવી જ હિંદી સરકારના પ્રધાનને છે, જેવી ખેતરના મજૂરોને છે તેવી જ એક બિરલાને કે એક દાલમિયાને છે, જેવી ગામડે-ગામડે ફરતા રવિશંકર મહારાજને છે તેવી જ અઢળક કમાણી કરતા અમદાવાદ-મુંબઈના કોઈ પણ મિલમાલિકને છે, જેવી બાપુના કોઈ રચનાત્મક કાર્યકરને છે તેવી જ સરકારના કોઈ પણ સેક્રેટરીને છે, કારણ કે આવાં યમ-નિયમ, જપ-તપ વગેરે સમગ્ર જીવનને એક પ્રકારનો ટોન આપે છે, એક પ્રકારની પાવનકારી સ્ફૂર્તિ બક્ષે છે.

**નાનાભાઈ ભટ્ટ**
**('પથારીમાં પડ્યાં પડ્યાં'માંથી)**

*To.*

*From :*

**Registered** BVR/151/2018-2020, RNI No. GUJ/1763-57
**Published on :** 14th of every month. **Posted at :** Amargadh Post office on 15th of every month
**मालिक** : ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक** : सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन 364 250 (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन 364 250 मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।
**तंत्री** : डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. 150/- प्रति अंक रु. 15/-